
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૩૨મું · અંક બીજો ૩૮૬ માહે ફેબ્રુઆરી ઈ.૧૯૫૬



પૂર્વ રાગ · કલાકાર : ગોપેન રાય
દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટીના
સૌજન્યથી

તંત્રી · બચુભાઈ રાવત



વધસ્તંભ પર
શુનઃશેપ
ચિત્રકાર
રવિશંકર રાવળ

*

મહર્ષિ વિશ્વામિત્રે જુવાનીમાં દસ્યુરાજ શંબરની પુત્રી ઉગાનાં આત્મસમર્પણ, ભક્તિ અને સરળતામાં આર્યત્વ જોઇ, આર્યત્વ ગુણમાં છે, જાતિમાં નથી એ પરમ સત્યનું દર્શન કર્યું. ઉગાથી વિશ્વામિત્રને શુનઃશેપ નામે પુત્ર થયો. દસ્યુ સ્ત્રીના પુત્રથી ભરતોમાં વેર થાય એ બીકે લોપામુદ્રા ઋષિ તેને અજિગર્ત નામના બ્રાહ્મણને આપી દે છે. ત્રણ વર્ષે હરિશ્ચન્દ્ર રાજા પોતાને થએલા જલંદર રોગના નિવારણાર્થે વરુણદેવને પ્રસન્ન કરવા નરમેધ કરે છે. એ યજ્ઞમાં મનુષ્યની આહુતિ આપવા માટે અજિગર્ત શુનઃશેપને સો ગાયો માટે હરિશ્ચન્દ્રને વેચે છે. નરમેધનો નિષેધ કરતા અને કરાવતા વિશ્વામિત્ર આ નરમેધને પોતાના મહર્ષિપદની કસોટી માને છે. અને વરુણદેવ પાસે નરમેધનો નિષેધ કરાવવા તે પોતે આ યજ્ઞનું પુરોહિતપદ લે છે. શુનઃશેપને યજ્ઞના યૂપ સાથે બાંધ્યો છે, ત્યાં વિશ્વામિત્ર તેને પોતાના પુત્ર રૂપે પારખે છે, અને સત્યને ખાતર પોતાની પ્રતિષ્ઠા ભસ્મીભૂત કરી શુનઃશેપને સ્વીકારવાનો નિશ્ચય કરે છે. પરંતુ વરુણદેવ પ્રસન્ન થાય છે, શુનઃશેપને વરુણની પ્રેરણા થાય છે અને તે મંત્રોની ઋચાઓ ઉચ્ચારે છે. એ ઋચાઓ આજે વેદમાં જડે છે. વરુણ શુનઃશેપને યૂપમાંથી મુક્ત કરે છે. વિશ્વામિત્ર તેને દત્તક પુત્ર તરીકે સ્વીકારે છે. વરુણદેવ પ્રસન્ન થઈ હરિશ્ચન્દ્રને પણ શાપમાંથી મુક્ત કરે છે. આ શુનઃશેપ ઋષિ ઋગ્વેદના ઘણા મંત્રોના કર્તા છે. (ગુજરાત સાહિત્ય સભા—અમદાવાદ—ના 'ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' નામક ૩૨ પૂર્ણરંગી ચિત્રોના સંપુટમાંથી—સભાના સૌજન્યથી)

કુમાર

ફેબ્રુઆરી ૧૯૫૬

અંક ૩૮૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

અંક ૩૮૫ના પાન ૪૧ ઉપરની ગણિત-ગમ્મતમાં જણાવ્યું છે કે ૨૫૨ એ એવી રકમ છે કે જેના જમણી તરફના છેડે જે એકમ અંક મુકાય તે આંકડા વડે તે નવી બનતી રકમને નિઃશેષભાગી શકાય;માત્ર છેડે જો શૂન્ય મૂકીએ તો આખી રકમને ૨૦ વડે ભાગવી પડે.

પરંતુ એકમની જગ્યાએ ૦ મૂકીએ તો ૨૦ વડે ભાગી શકાય એમ લખવું વધુ વાસ્તવિક હતું. વિશેષમાં ૪,૭,અને ૯ વડે નિઃશેષ ભાગી શકાય એવી કોઈ પણ સંખ્યાના સંબંધમાં ગણિતગમ્મતમાં જણાવેલી શરત લાગુ પડી શકે. એટલે કે '૨૫૨' એ ત્રણ-અંકી સંખ્યા છે, પરંતુ એવી ગમે તેટલા અંકવાળી સંખ્યા નક્કી થઈ શકે. ૨૫૨ને જુદી જુદી સંખ્યાઓ વડે ગુણતાં જે જુદીજુદી સંખ્યાઓ આવે તે બધીને જ એ શરત લાગુ પડી શકે છે. દાખલા તરીકે ૨૫૨ને ૧૩ વડે ગુણવાથી ૩૨૭૬ આવશે, માટે ૩૨૭૬૨ને ૨ વડે, ૩૨૭૬૩ને ૩ વડે, ૩૨૭૬૪ને ૪ વડે, ૩૨૭૬૫ને ૫ વડે, ૩૨૭૬૬ને ૬ વડે, ૩૨૭૬૭ને ૭ વડે, ૩૨૭૬૮ને ૮ વડે, ૩૨૭૬૯ને ૯ વડે અને ૩૨૭૬૦ને ૧૦ વડે નિઃશેષ ભાગી શકાશે. એ જ રીતે ૨૫૨×૧૭= ૪૨૮૪ને માટે પણ સમજવું. મતલબ કે ૨૫૨= (૪×૭×૯)ને ગમે તે સંખ્યા વડે ગુણતાં ગમે તેટલા અંકવાળી જે સંખ્યાઓ આવે તે તમામને 'ગણિતગમ્મત'માં આપેલી શરત લાગુ પાડી શકાય. મતલબ કે ૨૫૨ માત્ર એક જ એવી સંખ્યા નથી, પરંતુ ઘણી સંખ્યાઓ હોઈ શકે. અંકગણિતના સામાન્ય નિયમોથી આ બાબત સ્પષ્ટ સમજી શકાય એવી છે.

(તિલકવાડા) —મ. ના. ખત્રી

સાઈકલની ચામડાની 'સીટ' ઘણી વખત વરસાદના પાણીમાં ભીંજાઇને કડક અને નીચેની ફ્રેઈમ સાથે ચુસ્ત થઇ જાય છે. આ ચામડું કઇ રીતે મુલાયમ અને સ્થિતિસ્થાપક થઇ શકે?

ઑક્ટોબર અંકમાં સ્વ. ર. ભી. જોટ ઉપરના લેખમાં એ 'ઘર સમાચાર' નામનું સાપ્તાહિક કાઢતા એ વાંચ્યું અને દોઢેક વરસ ઉપરના 'રીડર્સ ડાઇજેસ્ટ'માં વાંચેલી 'ફૅમિલી લૉગ'ની પ્રથા યાદ આવી. આ ચોપડો સંયુક્ત કુટુંબમાં યા તો કોઇ પણ વિશાળ કુટુંબમાં ઘરના એક ખૂણે ટેબલ ઉપર રાખવામાં આવે અને એમાં સૌ પોતાના અનુભવ યા કોઇ પ્રસંગાનુરૂપ વિચારો કે ચિત્રો મૂકે. નાના બાળક વિશે કોઇ રસિક પ્રસંગ હોય તો તેની નોંધ તેમાં વડીલ કરે. આ ચોપડો વર્ષો સુધી ચાલી શકે એવડો મોટો હોય છે. કુટુંબની કોઇ યુવાન વ્યક્તિ તેનાં પાછલાં પાન ઉખેળી પોતાના બાળપણનાં સંસ્મરણો માણી-મણાવી શકે છે. આપણે ત્યાં પણ કુટુંબો આવું કરે તો?

(ક્રીલૅન્ડગંજ) —ગોવિંદ ઉપાધ્યાય

'કુમાર'માં કાયાની કરામત સાથે જીવનમાં દરરોજ વપરાશમાં આવતી ચીજો સાઈકલ, સ્ટવ, ઘડિયાળ, રેડિયો વગેરેની 'કરામત' સમજાવતા અને તેને કઈ રીતે વાપરીએ તો બગડે નહિ, તથા બગડે તો શું કરીને સુધારાય તેની શાસ્ત્રીય માહિતી આપતા લેખો આવે તો ખૂબ જ ઉપયોગી થઈ શકે.

(મોડાસા) —નવનીત પો. શાહ

આ મહિને કુમારચંદ્રકનો ઉલ્લેખ ન વાંચી આશ્ચર્ય થયું. ધારું છું કે પરીક્ષકોના નિર્ણયમાં વિલંબ થવાને કારણે જાહેરાત થઈ નહિ હોય.

ભલે કુમારચંદ્રક પેટે કશું ખાસ નગદ આપી શકાતું ના હોય, તોપણ એની કિંમત મોટી છે. સાહિત્યના વિકાસનું એ સીમાચિહ્ન છે. લેખકોને ઉત્સાહપ્રેરક, પીઠ થાબડનાર ને શ્રદ્ધાપૂરક બળ છે. જિજ્ઞાસુ વાચકોમાં નિર્ણયાત્મક બુદ્ધિ ઉપજાવનાર કસોટી છે.

જો ચંદ્રકની પ્રથા બંધ કરવાના નિર્ણય પર આવ્યા હો તો તે ચાલુ રાખવા માટે મારી આગ્રહભરી વિનંતિ છે.

(ઉમરેઠ) —શિ. કું.

[ચન્દ્રક ચાલુ જ છે તે આ અંકમાંની જાહેરાતથી જણાશે. એની દેણગીની મૂળ રકમ તો ક્યારની પૂરી થઇ ગઇ છે, છતાં તે ચાલુ રાખવાનો અમારો સંકલ્પ છે.]

હું અત્યારે કલકત્તા નજીક સોદપુરમાં ખાદી પ્રતિષ્ઠાન આશ્રમમાં વાંસની સળી અને કાર્ડબોર્ડની બનતી દીવાસળીના ગૃહઉદ્યોગની તાલીમ લઉં છું. શ્રી. સતીશચંદ્ર દાસગુપ્તાની દોરવણી નીચે તાલીમ મળે છે. તાલીમનો સમય ચાર મહિનાનો છે. સાયન્સના ગ્રૅજ્યુએટને માસિક રૂ. ૬૦ અને નૉન ગ્રૅજ્યુએટને રૂ. ૪૦ શિષ્યવૃત્તિ મળે છે. તાલીમ-કેન્દ્ર 'ઑલ ઇન્ડિયા ખાદી ને ગ્રામોદ્યોગ બોર્ડ'દ્વારા ચાલે છે. વધુ વિગત જોઈતી હોય તો 'Organiser Cottage Match Industry 'P. O. SODEPUR, 24–Paragnas, West Bengal' સરનામે લખ્યે મળશે.

વિમકો દીવાસળીની પાંચ મોટી સ્વીડિશ ફૅક્ટરીઓ આપણા દેશમાં ચાલે છે.દીવાસળીના એકહથ્થુ ઉદ્યોગની સામે ગામેગામ ચાલી શકે એવો આ વિકેન્દ્રિત ઉદ્યોગ છે. બેકારીનો પ્રશ્ન ઉકેલવા પણ આવા ઉદ્યોગની જરૂર છે.

રાજકોટ-જૂનાગઢમાં આનાં કેન્દ્રો તાજેતરમાં ચાલુ થયાં છે. પેટલાદમાં પણ ચાલુ થશે.

(સોદપુર) —રમણ દેસાઈ

અંક ૩૮૫ પૃ. ૪૧ પર પૅરૅફિનમાં બાળેલું રૂનું પોતું છપાયું છે એમાં પૅરૅફિન ભૂલથી તો નથી લખાયું ને? પૅરૅફિનના ધુમાડા નીકળતા સાંભળ્યા નથી. વળી રૂનું પોતું અંદરના ભાગમાં મૂકવાનો અર્થ બે વાચકે 'ચક્રની અંદર' કર્યો છે! એટલે એવી પણ ગેરસમજૂતી થવાનો સંભવ છે. પોતું અંદર બેઠક પર મૂકવાનું લખવું જોઇએ, નહિ તો કોઈ અડવાવૃત્તિવાળા ઘડિયાળ પાસે સૂતર કંતાવશે!

(ચાંગા) —છોટુભાઇ સુથાર

[લાગે છે કે પૅરૅફિન નહિ પણ પેટ્રોલ જોઇએ.]

મારા એક જ્ઞાતિબંધુ લખે છે: 'અંક ૩૭૮માં નીચે મુજબ છે: 'જહાજ ગામના સામાન્ય સ્થિતિના અનાવિલ બ્રાહ્મણ શ્રી ગૌરીશંકર ઠાકુરને ત્યાં ઇ. ૧૮૯૭ના જૂનની ૨૪મી તારીખે એમનો જન્મ થયો હતો.'

યોગ્ય લાગે તો ઉપરની બીના સુધારાવવા પ્રયત્ન કરશોજી.''મારો જન્મ બ્રાહ્મણ જ્ઞાતિમાં સૌરાષ્ટ્રમાંજીના દેલવાડા વિભાગમાં રાજ્ય કરતી ઉનેવાળ બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. વરસો-સદીઓ પૂર્વે અમે કાઠિયાવાડથી ગુજરાતમાં આવી વસેલા.

(કાશી) —ઓમકારનાથ ઠાકુર

અંક ૩૮૫માં દિનવિશેષમાં 'તા. ૨૮, કલકત્તા મદ્રાસ તથા મુંબાઇના શહેરોમાં પહેલી વાર ટેલિફોન દાખલ થયા, ૧૮૨૨.' અંગે નિવેદન કે ટેલીફોનની શોધ બેલ નામે વૈજ્ઞાનિકે ઈ. ૧૮૭૬માં કરી છે એ હકીકત ધ્યાનમાં લેતાં ૨૮-૧ ૧૮૨૨માં દાખલ થવાનું સંભવિત નથી.

(રાજકોટ)—લલિતકુમાર કાન્તિલાલ આશર

[એ ભૂલ છે; ત્યાં ઈ. ૨૮-૧-૧૮૮૨ જોઇએ.]

'કુમાર' જાન્યુઆરી 'પચીસ વર્ષ પહેલાં'માં મેજર બી. ડી. બાસુના રેખાચિત્રમાં જન્મ ૧૮૬૭ની ૨૪મી માર્ચે લાહોરમાં થએલો અને બીજા કૉલમમાં ૧૮૬૦માં (અનુ. પૃ. ૮૨મે)

શીખ

• મિશ્ર •

તું પ્રીતિને પાલવમાંહી ગોપવી
રાખીશ તો સત્વર એ સરી જશે
સમીરના સ્વલ્પ જ કો ઇશારે;
ને વેણીના બંધ વિષે કરીશ જો
બન્દી, તદા તો મધુગંધ રૂપે
વહી જશે; વા કરકિંકણીની
ઝુલામણીમાં-ગૂંથણીની નાજુક-
ઝંકારશે તો રણુકાર રૂપથી
ઝરી જશે; નિષ્ફળ યત્ન સર્વે:
એ નર્તતી નેણુથી તો જવાની;
ને ઓઠની સળવળમાં ય મૂક ના
એ રહી શકે. એથી ભલી હિયાના
ઊંડાણમાં છૂપવી રાખવી એ.
પયોધરો પીનથી પૂર્ણ રક્ષિત
એને કશી અલવલ આવશે ના
ત્યાં, ને વહેવાનું કરે કદાચિત
તો હાથથી દાબી દબાવી રાખજે.

હેમન્ત દેસાઈ

કાચ-દર્પણ

• ઇન્દ્રવંશા •

કેવું હતું કાચ શું પારદર્શક,
નિહાળતો હું તવ સૃષ્ટિ 'કર્ષક;
કિન્તુ રૂપેરી પડ જે દિ આવર્યું
ને કાચથી દર્પણમાં પરિણમ્યું,
સૃષ્ટિ નહીં, માત્ર 'હું'ને નિહાળું હું.

જસુભાઈ શાહ

મને?

• મિશ્ર •

મને જ તેં નેહ થકી નવાજ્યો,
મને -નગુણા મનના નર્યા મને.
હશે તને આશ–'હું ચાહી ચાહીને
મૂકીશ એને કરી ચાહનાભર્યો.'
પરંતુ રે પારસ! લોહ હું નથી.
કઠોર હું તો પથરો જ કો નર્યો.

રતિલાલ જોગી

છોરી! તોરી વાત

• ગાન •

છોરી! તોરી વાત વેલાતી:
આવડે ના તો ય ઊકલે મરમ, મનમાં એની મ્હેક ફેલાતી...છોરી૦
આંહિની ઘેલી ટહુકે મેના કોઈ રે ડાળે દૂર,
અવર લોકની અપસરી તું સોડમાં સરે ભૂર!
હહેરિયાને લોળ હેરણાં લેતી, નજરું પાછી નવ ઠેલાતી...છોરી૦
સ્હેલમાં આવી મળતું એનો હોય ન ઝાઝો શોર,
આમ રે આવાં રૂપનો, એલિ! જોયલો ના કેં તોર!
કાળજે લગન લાગતાં લાગી અળગી એને નવ મેલાતી...છોરી૦
જાગતી ચોગમ સીમ ને તો યે એકલ આપણ હોઉં,
તીરની ઉપર તો ય રે ઊંડાં જલમાં ડૂબ્યાં જોઉં;
તડકે તપ્યું રાન ભલે ને આંહિ તો પૂનમ રાત રેલાતી... છોરી

રાજેન્દ્ર શાહ

ફોરાં

• ગાન •

ઝીલજો રે ઝરમરતાં ફોરાં,
કોઇ રખે આજ માનમાં રહે, કોઈ રખે રૂહે કોરાં.
આછેરાં જલ અંગ અડી જાય,
તો ય શો એનો રંગ ચડી જાય,
કોઇ ન ભીને વાન રહે કે કોઇ ન રહે ગોરાં.
આજ તો એવો રાગ ઢળી જાય,
ઉરમાં એવું ઉર મળી જાય,
(કે) કોઈ ન રહે અળગાં, અરે કોઈ ન રહે ઓરાં.
ઝીલજો રે ઝરમરતાં ફોરાં.

દિનેશ કોઠારી

કોણ કદરદાન થઈ ગયું

• ગઝલ •

નાચીજ પર એ કોણ કદરદાન થઈ ગયું?
એ કોણ હાથ દઇને, દયાવાન થઈ ગયું?
એ કોણ તદાકાર થયું રોમરોમમાં?
જે ધૂળ થઇને ધૂળમાં મહાન થઇ ગયું!
લાખો જીવનના રંગે ઝબોળીને જિંદગી,
લાખોની જીભ પર જિગરનું ગાન થઇ ગયું!
ચાકી નજર હૃદયના રાનરાનમાં ઘૂમી
જે દર્દ થઇને, દર્દનું નિદાન થઇ ગયું?
આતશની આરસી હતી, કે આ નયન હતાં?
જ્યાં આજ અશ્રુ અશ્રુ આસમાન થઇ ગયું?
આખર તો ડૂબવું'તું નાવને તુફાનમાં
તુફાન સ્વયં નાવનું સુકાન થઇ ગયું!
દેખાય દિશાઓ ન, સીમાઓ દિગંતની
એ મૌનમાં આ મૌનનું મિલાન થઈ ગયું!
કેવું અપૂર્વ ગાન તેં છેડ્યું કે દિલરુબા!
મૃત્યુ અને જીવનનું સમાધાન થઈ ગયું!

નરેન્દ્રકુમાર શુક્લ

સુરતને સલામત ને સુખી કરી જનાર તેનો સપૂત

અરદેશર કોટવાળ



જેમના મૃત્યુની સોમી સંવત્સરી આ માસમાં આવે છે

ઓગણીસમી સદીનો કાળ તે સમસ્ત હિંદનાં નાનાંમોટાં રાજ્યો-પરગણાંઓ માટે ગરીબ અસહાય પ્રજા ઉપર ચોર, લૂંટારા આદિ ત્રાસકારી તત્ત્વોના સતત જુલમોનો સમય. ત્યારે એ ત્રાસકારી તત્ત્વોથી પ્રજા એટલી તો ત્રાહેત્રાહે પોકારી ગઇ હતી કે ઘરમાં કે બહાર, સર્વ સ્થળે તેને ભય, ભય ને ભય જ જણાતો. લૂંટફાટના બનાવો તો ત્યારે રોજના સામાન્ય જેવા બની ગયા હતા. આવા એ કાળમાં એક પાતળા સરખા પણ મજબૂત બાંધાના પારસીએ સુરત શહેરની કોટવાળી લીધી, અને તેની વહીવટી કુનેહ, એકનિષ્ઠ કામગીરી ને પ્રજાસેવાની તમન્નાથી માત્ર સુરતવાસીઓ જ નહિ, ખુદ અંગ્રેજ અમલદારો પણ એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે છ છ દરબારો ભરી વિધવિધ ઉપહારો–માનપત્રો–ચન્દ્રકો આપી તેનું સમસ્ત હિંદમાં અદ્વિતીય એવું બહુમાન કર્યું. સુરત શહેરને માથે આવી પડેલી ભયાનક શાપ જેવી રેલો, આફતો અને આગોને નિર્મૂળ કરવા તેણે ખડે પગે અખંડ જહેમત લીધી. અને તેની વીરતા તથા બાહોશીએ, પોતાની એક માત્ર હાક વડે પ્રજાને થરથર ધ્રુજાવનારા ચોર લૂંટારાઓને જ ત્રસ્ત કરી મૂક્યા. પ્રજા ડાકુઓના ભયથી ત્રસ્ત બની થરથર કંપે તે આ થનગનતી શક્તિવાળા ગૌરવવંતા કોટવાળને પોતાને માટે શરમજનક લાગતું; એટલે તેણે પ્રજાને ઘેરઘેર ફરી બારણાં ઉઘાડાં રાખી સૂવાનાં કહેણ દીધાં, અને પોતાના સદા જાગૃત, નીડર, બાહોશ ને વીરતાભર્યા વહીવટથી પ્રજા ખરેખર બારણાં ઉઘાડાં મૂકી સૂઈ શકે એવી નચિંત તેને કરી મૂકી. એ વીર કોટવાળનું આખું નામ અરદેશર ધનજીશા. શહેરના કોટવાળને હોદ્દેથી તેણે કરેલી પ્રજાસેવાએ લોકોનાં હૃદયમાં એટલું તો મહત્ત્વનું સ્થાન મેળવી લીધેલું કે લોકો તેને 'અરદેશર કોટવાળ' કે 'બહાદુર અરદેશર'ને નામે જ ઓળખતા.

એ વીર અરદેશરનો જન્મ ઈ. ૧૭૯૭ની ૨૯મી જૂને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સુરત ખાતેના 'પોલિટિકલ એજન્ટ' ધનજીશા બહેરેમંદ ખાનને ત્યાં થએલો. અરદેશરના એક મહાન પૂર્વજ સોરાબજી કાવસજી નેકસા'તખાન (ઈ. ૧૭૪૪માં મુઘલ બાદશાહ રોશનઅખ્તર મહમુદશાહની બગડી ગએલી શાહી ઘડિયાળ સમારી આપવા માટે તેમને 'નેકસા'તખાન'નો ઇલકાબ મળેલો)ને સુરતમાં જકાત વસૂલ કરવાનો હક તથા પારચોલી, મોરાશી અને ડભોલી એટલાં ગામોની કેટલીક જમીન મુઘલ બાદશાહ તરફથી ભેટ મળેલી. ત્યારથી તેમનું કુટુંબ આમ રાજદ્વારી હક ભોગવતું જ આવતું હતું. એવામાં રાજ્યને સંપૂર્ણપણે વફાદાર પિતા ધનજીશાની સુરત નજીકના બોધાન ગામના મુસ્લિમ બળવાખોરોને દાબવા જતાં ઈ. ૧૮૧૦માં કતલ થઇ એટલે અરદેશર તથા તેમના મોટા ભાઇ પીરોજશાને સરકારે પોતાને આશ્રયે લીધા. પીરોજશા કારકુનીથી શરૂઆત કરીને સુરતના ન્યાયમૂર્તિના હોદ્દા સુધી પહોંચેલા ને પ્રજાકલ્યાણનાં કામોમાં તેમણે આગળપડતો ભાગ લીધો હતો. એમને કોઈ સંતાન ન હોવાથી તેઓ અરદેશરને વારસ ઠરાવી સઘળી માલમત્તા તેમને સોંપી ગયા. અરદેશરે પણ કેળવણી પૂરી થતાં ૨૩ વર્ષની વયે સુરતની અદાલતની કારકુનીથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને એમાંથી આગળ વધી ઈ. ૧૮૨૦માં તે સુરતનાં પરાંના, અને ૧૮૨૧માં તળ શહેરના કોટવાળ નિમાયા. આ હોદ્દેથી તેમણે આપેલી એકનિષ્ઠ સેવા તેમની કીર્તિદા બની અને તેઓ 'અરદેશર કોટવાળ'ને નામે જ મશહૂર થયા. ઉપરાંત એ કોટવાળીની સાથોસાથ તેઓ ઈ. ૧૮૨૫માં સુરત જિલ્લાને લગતાં નાનાં દેશી રાજ્યોના 'નેટિવ એજન્ટ', ૧૮૩૨માં 'નેટિવ પ્રિન્સિપલ કમિશ્નર' અને ૧૮૪૩માં સુરતના 'પ્રિન્સિપલ સદર અમીન' નિમાયા હતા.

અરદેશર પોતે મહાન કસરતબાજ હતા. ભાણાભટ નામના પહેલવાનના હાથ નીચે એમણે કસરતી તાલીમ લીધી હતી. અંગ્રેજી ભાષા પર એ સારું પ્રભુત્વ ધરાવતા અને દેશ તથા પ્રજાને લગતું એમનું જ્ઞાન ઊંચું અને વિપુલ હતું. ઈ. ૧૮૪૭માં સુરતની મુલાકાતે આવી ગએલા પ્રવાસી હેન્રી જ્યૉર્જ બ્રિગ્ઝ લખે છે: 'અરદેશરની કાર્યશક્તિ ઘણી ઊંચી કક્ષાની છે અને તેમનું ચારિત્ર્ય ઉમંગ તથા ઔદાર્યના સુમેળરૂપ છે. પોતાને મળેલી સત્તાનો તેમણે સદુપયોગ કર્યો છે. કાંઈક સખ્તાઇથી પણ પ્રામાણિકપણે તેઓ પોતાની ફરજ બજાવે છે, અને નાની નાની તકરારો કે મતભેદો બાજુએ રાખીને મુખ્ય મુદ્દો જ લક્ષમાં રાખી અમલ કરવાની એમનામાં કુનેહ છે.'

કોટવાળ તરીકે તેમણે સુરતની બજાવેલી સહૃદય સેવાનો જોટો સુરતના ઇતિહાસમાં જડતો નથી. ગાયકવાડના રાજવીએ તેમને પાંચ હજાર રૂપિયાના દરમાયાથી પોતાના રાજ્યના દીવાન તરીકે જોડાવા આપેલું આમંત્રણ પણ તેમણે એ સેવા ખાતર જ માનપૂર્વક પાછું ઠેલ્યું હતું. તેમને તો સુરતવાસીઓને ચોરલૂંટારાના ત્રાસમાંથી મુક્ત કરવા હતા અને પોતાના સુરતને એક આદર્શ નગર બનાવવું હતું, એટલે એ ધ્યેય ખાતર હિંદના પ્રથમ પંક્તિના દેશી રાજ્યના દીવાનપદ કરતાં તેમણે પોતાના ગામની કોટવાળી વધુ વહાલી કરી.

ચોરલૂંટારાના ઉપર્યુક્ત કારમા ત્રાસમાંથી પોતાના શહેરને મુક્ત કરવાને ઝંખતા અરદેશરનો મુખ્ય અજંપો તે માટેનાં પૂરતાં સાધન ને સત્તાના અભાવનો હતો. એવામાં ત્યારના એક અંગ્રેજ અધિકારી ઍન્ડરસને તેમને એક વાર પૂછ્યું: 'કોટવાળ, ચોરલૂંટારાનો આટલો બધો ત્રાસ છે તો ય તમે કાંઈ નથી કરતા?' આ પ્રશ્નની જ રાહ જોઈ રહેલા અરદેશરે પોતાને તે માટેનાં જરૂરી સત્તા–સાધનો આપવા વિનતિ કરી, જે તરત તેમને આપવામાં આવ્યાં. અને કોટવાળે લાગલી જ, શહેર તથા શહેરીઓની સંપૂર્ણ સલામતી પોતાને શિરે લઇને કહ્યું: 'છ માસમાં સુરત સહીસલામત બની જશે.'

ગુલામોનો મુક્તિદાતા અબ્રાહમ લિંકન માનવતાનો મરજીવો

જેની જયંતી આ માસની બારમી તારીખે આવી



લિંકન—'હું ગુલામ બનવા નથી માગતો, તેમ માલિક બનવાનું પણ નથી ઇચ્છતો.' એ વચનોના ઉચ્ચારનાર અમેરિકાનો એ સોળમો પ્રમુખ ગુલામી નાબૂદ કરવાના મહાસમર્થ કાર્ય માટે મરીને અમર થઇ ગયો છે.



તરુણ રાષ્ટ્ર: ઇ. ૧૮૦૯માં લિંકનનો જન્મ થયો ત્યારે આરંભિક વસાહતીઓ તરુણ અમેરિકાના રાષ્ટ્રનું ઘડતર કરતાં જતાં હતાં. લિંકનના પિતા પણ નવી જમીન અને નવી તકની શોધમાં ત્યાં આવેલા.



ખેડૂત: કેન્ટુકી સરહદની એક કાષ્ઠકુટિરમાં લિંકનના જીવનનો આરંભ થએલો. એને શાળાનું શિક્ષણ ઓછું મળેલું પણ એની જ્ઞાનપિપાસા તીવ્ર હતી એટલે દિવસે ખેતર પર કામ કરી રાતે એ વાંચતો. (પાછળ ચાલુ)

અને તરત જ તેમણે પોતાની યોજનાઓ અમલમાં મૂકવા માંડી. તેમણે તાલીમબાજ સુરતીઓની ટોળી ઊભી કરી; 'ગિસ્ત' ફરતાં કર્યાં; એક ખાસ પોલીસ-દળ રચ્યું; એ દળનો દરેક સિપાઈ મજબૂત અને હથિયાર-કુશળ બને તે માટે જરૂરી સઘળી તાલીમ તેમને આપી; અને મહોલ્લાઓમાં રાતની ચોકી માટે 'દાંડિયા' (લોકોને દાંડી પીટીને સાવચેત રાખતા ચોકીદારો)ની પ્રથા શરૂ કરી. બીજી બાજુ ચોર-લૂંટારાઓની પ્રવૃત્તિઓથી માહિતગાર રહેવા માટે જાસૂસી પ્રથા પણ શરૂ કરી. સુરતનાં બાર પરાં ને બાર દરવાજા પર તેમણે પોલીસ-ચોકીઓ બેસાડી અને ચોકીદારો પોતાની ફરજ પ્રત્યે જાગ્રત છે કે કેમ, તથા લોકો સહીસલામત અને સુખી છે કે કેમ તે જાણવા રાત્રે છૂપે વેશે જાતે નગરચર્યા કરવા નીકળવા લાગ્યા. કહે છે કે રાત્રે શહેરની દેખરેખ કરવા નીકળતી વખતે તેઓ જે ઘરનાં બારણાં બંધ જોતા ત્યાં જઇને તે ઉઘડાવતા અને કહેતા, 'અરદેશરની કોટવાળીના અમલમાં ઘરનાં બારણાં વાસવાનાં ન હોય.' આમ કડક દેખરેખ ને સુવ્યવસ્થિત બંદોબસ્તને પરિણામે તેમણે ચોર-લૂંટારાના ભયથી પ્રજાને સર્વાંશે મુક્ત કરી દીધી અને ઍન્ડરસન સાહેબને આપેલું વચન પૂર્ણપણે પાળી બતાવ્યું.

તા. ૨૧મી સપ્ટેમ્બર ૧૮૨૨ને દિવસે સુરતને જળબંબાકાર કરી ગએલી 'મહાજગત રેલ' વખતે, ૨૪મી એપ્રિલ ૧૮૩૭ને દિને સુરતમાં લાગેલી મહાભયંકર આગ વખતે, તેમજ ઈ. ૧૮૪૨ અને ૧૮૪૮માં પણ લાગવા પામેલી ભયાનક આગો વખતે તેમણે ઊંઘ-આરામની પરવા કર્યા વિના ખડે પગે રહીને તન-મન-ધન-સર્વસ્વથી પ્રજાની જે સેવા બજાવી છે તે તો સુરતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાઈ છે. તાબૂત વખતે સુરતમાં વારંવાર થતાં તોફાનોને તેમણે જે કડક બંદોબસ્ત વડે દાબી દીધેલાં, તે આજ પર્યંત સુરતમાં ચાલુ રહ્યો છે.

અરદેશર મુંબાઈના ગવર્નરના 'દેશી આડતિયા'ના હોદ્દા ઉપર હતા તે કાળમાં ધરમપોરના રાણાની આર્થિક ગૂંચવણોનો તેમણે એવો સરસ ઉકેલ કાઢી આપેલો કે તેમણે ૨૦૦૦ રૂપિયાનું આવકવાળું એક ગામ અરદેશરને આપવા માંડ્યું હતું. પણ અરદેશરે તે સ્વીકારવા ના પાડી. ઉપરાંત સુરતના નવાબના વારસો વચ્ચે ચાલતા ટંટાઓ પણ તેમણે અદ્ભુત કુશળતાથી ઉકેલી આપેલા.

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી તથા અરદેશર ગાઢા સંપર્કમાં આવેલા. અરદેશરની પ્રજાસેવાની ખુદ સ્વામીજી ઉપર પણ ઘણી જ ઊંડી અસર પડેલી; અને બાહ્ય ભાવે અત્યંત સાહસિક તેમજ શૂરવીર પરંતુ આંતર્ભાવે તો એક અદના, ઋજુ, નિરભિમાની ને સાધુવૃત્તિના અરદેશર પર સ્વામીજીની ધાર્મિકતાનો અપૂર્વ પ્રભાવ પડેલો. સંવત ૧૮૮૧માં સ્વામીજી સુરત પધારેલા ત્યારે તેમણે અરદેશરને પોતાના સ્મરણપ્રતીકરૂપ પોતાનો પાઘ, પોતની છડી તથા એક શ્રીફળ આપેલાં, જે આજ પણ અરદેશરના સ્મારકરૂપ 'કોટવાળ વાડી'માં સચવાએલાં છે અને ઘણાં શ્રદ્ધાળુઓ તેનાં દર્શને આવે છે.

વળી અરદેશરની ન્યાયશીલતાના સુવર્ણને અગ્નિશુદ્ધ જાહેર કરતો 'સુરતનો મહાન મુકદ્દમો' નામનો એક મુકદ્દમો પણ ઈ. ૧૮૪૪ના ગાળામાં ચાલેલો. મિલકતની સોંપણી વિષેના એક વેપારીના અસ્પષ્ટ વસિયતનામાને લીધે પ્રેમકુંવર તથા મંછાગૌરી નામની બે સ્ત્રીઓ વચ્ચે તકરાર જાગેલી. મિલકતની ખરી હકદાર પ્રેમકુંવરને પક્ષે રહી દરમિયાનગીરી કરવા ગએલા અરદેશર વિરુદ્ધ એક તેજોદ્વેષી અંગ્રેજ અધિકારી હ્યૂઅર્ડે મંછાગૌરીનો પક્ષ લઈ મિલકત અંગે કેટલાક અણછાજતા આક્ષેપો કર્યા હતા. અંતે અરદેશરને પક્ષે તપાસ માટે આવેલા હિંદના ત્યારના કુશળ બૅરિસ્ટર હાવર્ડે અરદેશરની નિર્દોષતા તથા ન્યાયપરાયણતા સાબિત કરી, અને હ્યૂઅર્ડની કિન્નાખોરી તથા તેજોદ્વેષ પારખી જઈ તેને જ દોષિત ઠેરવ્યો. પરિણામે હ્યૂઅર્ડને નોકરી છોડી જવું પડ્યું.



કારકુન : ૨૨ની ઉમરે લિંકન ઇલિનૉયમાં કારકુન થયો. ત્યાં એના સુંદર વક્તૃત્વ અને વિવાદમાં હોશિયારી જોઇ મિત્રોએ એને સરકારી નોકરી લેવાની સલાહ આપી.




ધારાશાસ્ત્રી: પણ લિંકનને તો લોકો પ્રત્યે પ્રેમ હતો. એટલે સ્પ્રિંગફીલ્ડમાં એમણે વકીલાત માંડી અને ત્યાં લોકોની એમની સમસ્યાઓ જાણવાની તાલીમ લીધી.



મહત્તાને માર્ગે: એ માટે પ્રવાસે જતાં તે સદા ચિંતનમગ્ન રહેતા. એમના હૃદયમાં પીડિતો પ્રત્યે અનુકંપા હતી. મહાન વિભૂતિની મુખમુદ્રા એમના ચહેરા પર અંકિત હતી.



ગુલામી: ત્યારે અમેરિકામાં (દક્ષિણમાં) હબસીઓને ગુલામ રાખવામાં આવતા. માનવીના સ્વતંત્ર બનવાના સનાતન અધિકારની પ્રતીતિ ધરાવનાર લિંકને એ સામે પડકાર કર્યો.



વિવાદ : અમેરિકન સંસદ માટે ચૂંટણીમાં ઊભા રહેલા લિંકને ગુલામી વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી અને એ જ મુદ્દા પર લડત ચલાવી અંતે તે પ્રમુખ બન્યા.



પ્રમુખ: ૧૮૬૧માં તે અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે ગુલામીના પ્રશ્ન ઉપર રાષ્ટ્રમાં તડાં પડી ગયાં, લિંકને દક્ષિણ પ્રદેશને વિનંતિ કરી કે સંઘના ઐક્યને જોખમાવશો નહિ.

અરદેશરની સેવાના પ્રતિધ્વનિ છેક વિદેશી અંગ્રેજ સરકાર સુધી પડ્યા હતા. તેમને સંમાનવા માટે અંગ્રેજ સરકારે જુદેજુદે છ છ વખતે દરબાર–સમારંભો ભરેલા. એક તો અરદેશરના મોટા ભાઇ પીરોજશાને સંમાનવા માટે તા. ૯–૧૦–૧૮૨૨ના રોજ ભરાએલો દરબાર, જેમાં અરદેશરને તેજદાર ઘોડો અને સાહજની ભેટ આપી સંમાનવામાં આવેલા. બાકીના પાંચે દરબારો અરદેશરને પોતાને ભેટો, માનપત્રો, ઇલકાબો વગેરેથી સંમાનવા માટે અનુક્રમે તા. ૧૮-૨-૧૮૨૬, ૨૨-૧૨-૧૮૨૯, ૧૪-૧૨-૧૮૩૦, ૨૮-૬-૧૮૪૫ તથા ૧૨-૨-૧૮૪૯ના રોજ ભરવામાં આવેલા, જેમાં મુંબાઈના તત્કાલીન સૂબા જૉન માલ્કમની હાજરીમાં તા. ૨૨-૧૨-૧૮૨૯ને દિને ભરાએલો દરબાર ખાસ નોંધપાત્ર છે. તે વખતે અરદેશરને પાણીદાર ઘોડો, કિંમતી ખેલાત-ઝભ્ભો, તલવાર વગેરે ભેટ મળવા ઉપરાંત 'બહાદુર'નો ઇલકાબ ને ત્રણ હજાર રૂપિયાની વાર્ષિક આમદાનીવાળાં ચાર ગામ અર્પણ કરાયાં હતાં.

જીવનનો ઊગમ અને મધ્યાહ્નકાળ આમ જાહોજલાલી તેમજ બહુમાનપૂર્વક વિતાવનાર અરદેશરની જિંદગીનાં અંતિમ વર્ષો દુઃખ, દિલગીરી અને નિર્ધનતામાં જ વીત્યાં. તેમના ઉદાર દરિયાવ દિલે ગરીબો કે આતતાયીઓની તન-મન-ધનથી સેવા કરવામાં પાછું વાળીને કદી નહિ જોએલું. રોજ અનેક ગરીબગુરબાં તેમજ સાધુસંતોનાં ભાણાં તેમને ત્યાં મંડાતાં. અસહાયોને ધનધાન્યથી બને તેટલી સહાય કરવામાં તેમણે કદી પાછી પાની કરેલી નહિ. તેમની એ સખી દિલાવરીએ જ તેમના સુખી ને સમૃદ્ધ જીવનનો અંત આણ્યો. કોઠવાળ, સદર અમીન તથા નેટિવ એજન્ટના એકીસાથે ત્રણે દરજ્જા ખેરખાહીથી ચલાવતા નિતાન્ત પ્રામાણિક અને નિમકહલાલ અરદેશરને ૧૦૦૦ રૂપિયા પગાર મળતો, જ્યારે ખરચનું પ્રમાણ તેથી ચોગણું



આંતરયુદ્ધ : પણ દક્ષિણનાં આગિયાર રાજ્યો સંઘમાંથી છૂટાં પડી યુદ્ધે ચડ્યાં અને ચાર વર્ષ સુધી ખૂનખાર જંગ ચાલ્યો.



મુક્તિનો ઢંઢેરો : યુદ્ધની અધવચમાં ૧૮૬૩ માં લિંકને ગુલામોની મુક્તિ જાહેર કરી અને આંતરયુદ્ધને એક નવું નૈતિક ગૌરવ આપ્યું.



ગેટિસબર્ગ પ્રવચન : અને ગેટિસબર્ગના રણમેદાન પરથી આર્ષવાણી ઉચ્ચારી કે 'લોકશાહી પૃથ્વીના પટ પરથી નાબૂદ નહિ થાય.'



શાંતિ: ૧૮૬૫માં દક્ષિણ પ્રદેશે શરણાગતિ સ્વીકારી અને દેશમાં ફરી ઐક્ય સ્થપાયું. પ્રજ્ઞા અને માનવતાથી લિંકને આદેશ દીધો કે 'કોઈ પ્રત્યે દ્વેષ વિના, સર્વ પ્રત્યે ઉદારતાથી ચાલો આપણે રાષ્ટ્રના જખમો રૂઝવીએ.'



હત્યા : પણ લિંકન પોતાના એ સ્વપ્નને ફળીભૂત થતું જોવા જેટલું જીવી શક્યા નહિ. વૉશિંગ્ટનના થિયેટરમાં એ નાટક જોવા બેઠા હતા ત્યારે દક્ષિણના એક ઝનૂની બૂથે એમના પર ગોળી છોડી એમની હત્યા કરી.



વારસો : લિંકન વિષે કહેવાયું છે કે એ હતા તો અદના માનવી જ, પણ આમ જનતાથી એક તસુ ઊંચા હતા. જનતા, સ્વાતંત્ર્ય અને માનવીની સારપમાંની એમની શ્રદ્ધા એ અમેરિકન પ્રણાલીનું હાર્દ છે.

થઇ જતું. પરિણામે તેમને શિરે પોણા પાંચ લાખ રૂપિયાનું કરજ ચડી ગએલું. એ અવસ્થામાં લેણદારોનાં અસહ્ય ટોણાં-ટપલાંથી વ્યગ્ર થએલા ચિત્તની શાંતિ માટે અરદેશર દૂમસ જતા રહ્યા. તેમની આ નાણાંમુશ્કેલીની જાણ થતાં સુરતના ન્યાયાધીશ હેબર્ટ દૂમસ દોડી ગયા, તેમને આશ્વાસન આપ્યું અને તેમના પર આવી પડેલી આર્થિક મુશ્કેલી દૂર કરવા બનતા પ્રયત્નો કરી છૂટવાની ખાતરી આપી. પણ પોતાની આર્થિક આપત્તિ નિવારવા તેમણે લીધેલી એ જહેમત જોવા અરદેશર પોતે ન રહ્યા. આર્થિક તંગી, ફિકર, ચિંતા અને માનસિક વ્યગ્રતામાં જ તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૮૫૬ના રોજ ૬૦ વર્ષની વયે—આજથી બરાબર સો વર્ષ પહેલાં—તેમણે પરલોકનો પંથ લીધો.

પ્રશસ્ત રાજ્યનિરીક્ષક હોવાની સાથેસાથે અરદેશર એક આદર્શ નાગરિક, અભિનવ સમાજસુધારક, ઉત્તમ કોટિના કલાપરીક્ષક અને ધર્મચિંતનમગ્ન સચ્છીલ ઉન્નતાત્મા પણ હતા. પરંતુ કોટવાળ તરીકેની બહુલ કામગીરીઓની કારકિર્દી આડે તેમની આ વિવિધ વિભૂતિઓ ઢંકાઇ જવા પામી છે. સુરતની સુધરાઈના તેઓ પ્રમુખ અને પાંજરાપોળ સમિતિના સભ્ય હતા. રસ્તાઓના સુધાર પાછળ તેમણે ઘણું જ લક્ષ્ય આપેલું. લોકોમાં કેળવણીનો તથા જ્ઞાનનો પ્રચાર થાય તે માટે પણ તેમણે પ્રશસ્ય પ્રયત્નો કર્યા.

તેમની કલાભિરુચિ અને કલાપરખની સૂક્ષ્મ દૃષ્ટિ પણ અલગ નોંધ માગી લે છે. ચિત્રકારોને તેમણે છૂટે હાથે મદદ કરી તેમને પ્રોત્સાહન આપેલું. ચિત્રકલા પ્રત્યેના તેમના પ્રેમનો ખરો પુરાવો તો છે એમનો પ્રાચીન ચિત્રોનો કીમતી સંગ્રહ. મુઘલ અને રાજપૂત ચિત્રકલાના પ્રતીકરૂપ એ સંગ્રહ હાલ તેમના સ્નેહી શ્રી નવરોજી હોરમસજી વાડિયા પાસે આજે યે સચવાએલો છે. એ જમાનામાં જ્યારે હિંદી

ચિત્રકલાના સાચા આદર્શો સમજાયા નહોતા અને ખુદ દેશવાસીઓ પણ પાશ્ચાત્ય વાસ્તવદર્શી કલાની ભૂરકીમાં પડતા જતા હતા, ત્યારે અરદેશર હિંદી ચિત્રકલાનું સાચું મૂલ્ય આંકી શકયા એ જ સ્પષ્ટ કરે છે કે તેઓ એમના જમાનાના સાચા કલાપરીક્ષક હતા.

તેમનાં લગ્ન હોરમસજી ભીમજી મોદીનાં પુત્રી આવાંબાઇ જોડે થએલાં, જેમનાથી, સત્તર જાગીર ધરાવતા અરદેશરને સત્તર સંતાનની પ્રાપ્તિ થઇ હતી; પરંતુ તેમની અવસાનવેળાએ તેમાંથી એક જ જેહાંગીરશા હયાત હતા, જેઓ ઈ. ૧૮૫૯ની ૫મી માર્ચે નિ:સંતાન અવસાન પામતાં અરદેશરના પૂર્વજ–પ્રતિષ્ઠિત ઉજ્જ્વળ કારકિર્દીવંતા મહાન વંશનો ત્યાં જ અંત આવ્યો. પણ એમનું નામ તો સુરતના ઇતિહાસમાં અમર અક્ષરે અંકાઈ ગયું છે; એટલું જ નહિ, પણ પોતાની કોમના આ મહાન સપૂતની નેક યાદમાં સુરતના પારસીઓએ દરેક જાહેર ધાર્મિક ક્રિયામાં બીજા નામાંકિત પુરુષોનાં નામ સાથે એ વીર પુરુષનું નામ પણ લેવાનું ઠરાવીને તેમનું બહુમાન કર્યું છે.

પંચશીલ

આજથી અઢી હજાર વર્ષ પહેલાં ભગવાન બુદ્ધે સારનાથમાં 'ધર્મચક્ર-પ્રવર્તન' કર્યું. માનવને જન્મ-મરણના બંધનમાંથી છુટકારો મેળવવાનો એક નવો સંદેશ એમણે સંભળાવ્યો. ને તેને 'તણ્હા' (તૃષ્ણા)માંથી બચવા માટે આચારનિયમોનું પાલન બતાવ્યું. સાધારણ ગૃહસ્થને માટે પાંચ (અને ભિક્ષુઓ માટે દસ) નિયમો એમણે નિર્દેશ્યા. એ પાંચ નિયમો હતા આ:

(૧) અહિંસા : પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવ.

(૨) અસ્તેય: કેવળ અપાએલી વસ્તુ જ લેવી; ચોરી કે ઉઠાઉગીરીનો ત્યાગ.

(૩) બ્રહ્મચર્ય : સંયમભરી જીવનપદ્ધતિ.

(૪) સત્ય-ભાષણ: કોઈ પણ પ્રકારના અસત્યથી અળગા રહેવું.

(૫) માદક વસ્તુઓનો પરિત્યાગ.

આચારનીતિના આ પાંચ આદર્શ–'બૌદ્ધ પંચશીલ'– પહેલાંની પેઠે જ આજ પણ ગાંધાર (અફઘાનિસ્તાન), પારસીક (ઈરાન) અને તુર્કસ્તાન, મધ્ય એશિયા, તિબેટ, મંગોલિયા, ચીન, જાપાન, કોરિયા, બ્રહ્મદેશ, સિયામ, હિંદી ચીન અને ઇંડોનેશિયામાં પ્રતિષ્ઠિત છે. આમ 'પંચશીલ' એ દુનિયાનો જૂનામાં જૂનો નૈતિક સિદ્ધાન્ત છે. (બૌદ્ધ ભિક્ષુઓને 'દશશીલ'નું અનુસરણ કરવું પડે છે.)

ડચ અને જાપાની વર્ચસ્વ ફગાવીને ઇંડોનેશિયા સ્વતંત્ર થયું ત્યારે, ઇ. ૧૯૪૫ની પહેલી જૂને, તેના કર્ણધાર ડૉ. સુકાર્નોએ સ્વાતંત્ર્યપ્રાપ્તિની પ્રતિજ્ઞાની ઘોષણાની સાથે એ દેશના ભાવિ રાજનૈતિક સિદ્ધાન્તોની રૂપરેખા પણ આપી. એમાં એમણે નીચેના પાંચ નિયમોને દેશના 'રાજનૈતિક દર્શન' તરીકે ઓળખાવ્યા:

(૧) જનતામાં વિશ્વાસ અથવા રાષ્ટ્રીયતા: તેના વિના રાષ્ટ્ર કંઈ કરી નથી શકતું.

(૨) માનવતામાં વિશ્વાસ: સાર્વભૌમ માનવતાવાદ-બધા દેશોનો પરસ્પરનો સંબંધ દુનિયામાં ફેલાતા ભાઈચારા પર જ આધારિત છે.

(૩) સ્વાતંત્ર્યમાં વિશ્વાસ: સાચી લોકશાહીમાં જનતાનાં તન, મન અને આત્માની આઝાદી અનિવાર્ય છે.

(૪) સામાજિક ન્યાયમાં વિશ્વાસ : ઉચ્ચ કે નીચ અને આમ કે ખાસનો ભેદ રાખ્યા વિના બધાને સરખી ઉન્નતિનાં સાધન ને તક આપવાની વ્યવસ્થા.

(૫) ઈશ્વરમાં વિશ્વાસ: ઇંડોનેશિયાની જનતા – ભલે તે મુસ્લિમ, બુદ્ધ, ખ્રિસ્તી કે હિંદુ હોય – જીવનની પરા અને ચરમ એક સત્તામાં વિશ્વાસ પ્રકટ કરે છે.

આ પાંચે નિયમો માટે જે ઇંડોનેશિયન શબ્દો વાપરવામાં આવ્યા છે તે ત્યાંની સંસ્કૃતિને પૂર્ણતયા પ્રતિબિંબિત કરે છે: (૧) 'કે-વૅંગ્શ-અન' (વંશ-જાતિ માટેનો ઇંડોનેશિયન શબ્દ 'વૅંગ્શ' રાષ્ટ્ર કે જનતાનો વાચક પણ છે); (૨) 'કે-મનુશિયા-અન' (સંસ્કૃતનો 'મનુષ્ય' શબ્દ અહીં સાર્વદેશિક માનવતાના વાચક રૂપમાં વપરાયો છે); (૩) 'કે-મેર્દેકા-અન' (ઇંડોનેશિયામાં આઝાદીને મેર્દેકા કહે છે, જેનો સંબંધ સંસ્કૃત શબ્દ 'મહાઋદ્ધિક' સાથે છે. મહાઋદ્ધિક=મહાસંપત્તિ, ઐશ્વર્ય; આઝાદીથી જ સંપત્તિ અને ઐશ્વર્યની વૃદ્ધિ થશે); (૪) 'કે-આદિલ-અન' (અરબીમાં 'અદ્દલ' શબ્દ ન્યાય-વ્યવસ્થાનો વાચક છે); (૫) 'કે-તુહાન-અન' (ઇંડોનેશિયામાં પ્રભુ, સ્વામી, ઈશ્વરનો વાચક શબ્દ 'તુહાન' છે).

ડૉ. સુકાર્નોએ આ પાંચેને પહેલાં તો 'પંચધર્મ' એવું નામ આપવાનો વિચાર કર્યો; પરંતુ ધર્મનો અર્થ તો સદાચાર નહિ, પણ વસ્તુમાર્ગનો આધાર પણ થાય. તેથી એક મિત્રના સૂચનથી પુરાણો શબ્દ 'પંચશીલ' (પંતજ-સ્જિલા) અપનાવ્યો. કોઈ પત્રકારોએ આ 'સ્જિલા'ને 'શિલા' સમજી લીધી, અને અર્થ કર્યો 'બુનિયાદી પથ્થર'! પરતુ ખરો શબ્દ શીલ છે, જે 'આચાર'નો વાચક છે.

આમ, દસ વર્ષ પહેલાં ઇંડોનેશિયાના પંચશીલની 'રાષ્ટ્રજીવનદર્શન' તરીકે પ્રતિષ્ઠા થઈ. ડૉ. સુકાર્નો હમેશાં સ્વામી વિવેકાનંદ, કવિ રવીન્દ્રનાથ ને મહાત્મા ગાંધીના પ્રશંસક રહ્યા છે. આથી તેમની આ વિચારધારા તે મહાનુભાવોની સિદ્ધાંત-પરંપરાને અનુરૂપ જ છે.

ત્યાર બાદ આપણા વડા પ્રધાન પં૦ જવાહરલાલ નેહરુએ, ઈ. ૧૯૫૫ના જૂનમાં જ્યારે ચીનના વડા પ્રધાન ચાઉ એન લાઈ ભારત આવ્યા ત્યારે, 'પંચશીલ'ને માત્ર કોઈ પણ એક રાષ્ટ્રના દર્શન કે સિદ્ધાન્ત કરતાં તેથી પણ વધુ વિશાળ વાચકતા આપી. બૌદ્ધ મતનું 'પંચશીલ' માત્ર 'વ્યક્તિગત' જીવન માટે જ હતું; ઇંડોનેશિયાએ 'આખા રાષ્ટ્ર' માટે પંચશીલ યોજ્યું; પણ ભારતે તો સમસ્ત સંસાર માટે પંચશીલ યોજી આપ્યું અને 'આંતરરાષ્ટ્રીય જીવન-દર્શન'ના અત્યુચ્ચ શિખર પર તેની પ્રતિષ્ઠા કરી. ચીન અને ભારતના વડા પ્રધાનોએ મળી જે નવા 'પંચશીલ'ની ઘોષણા કરી તેની રૂપરેખા પંડિત નેહરુએ આમ આપી છે:

(૧) એકબીજાની સ્વતંત્રતા તરફ સંમાન.

(૨) દરેક રાષ્ટ્રની પોતાની ભૂમિની અખંડતા અને સર્વતંત્ર સ્વતંત્રતા.

(૩) એકબીજા રાષ્ટ્રના આંતરિક અને બાહ્ય બનાવો પ્રત્યે તટસ્થતા.

(૪) કોઈ દેશ ઉપર આક્રમણ ન કરવું.


(૫) રાષ્ટ્રોની આપસઆપસમાં એકબીજાને મદદ અને શાંતિમય સહજીવન.

આમાંનો છેલ્લો સિદ્ધાન્ત 'શાંતિમય સહજીવન' એ આ આખા પંચશીલનું કેન્દ્રબિંદુ છે. (ડૉ. સુનીતિકુમાર ચૅટરજીના અંગ્રેજી લેખના 'નવનીત'માં આવેલા સંક્ષેપ પરથી સંક્ષેપ)

આખો દિવસ એટલું કામ કરવું જોઇએ કે રાતે ઘસઘસાટ ઊંઘ આવે. આઠ મહિના એટલો
ઉદ્યોગ કરવો જોઇએ કે ચોમાસાના ચાર મહિના સુખે પસાર થાય. જુવાનીમાં એવી રીતે જાળવીને રહેવું જોઇએ કે
ઘડપણમાં બીજાનું મોઢું ઓશિયાળું ન પડે, ને જીવીએ ત્યાં સુધી એવાં કામ કરવાં જોઇએ કે જેથી મરણ બાદ સુખ ને શાંતિ મળે.—(વિદુર)

હવામાનશાસ્ત્ર

વિજ્ઞાનની એ ઓછી જાણીતી પણ ઉપયોગી શાખાનો ઇતિહાસ



હાઇડ્રોજન ભરેલા બલૂન સાથે રડાર-સૉન્ડ થીઓડોલાઈટને વાતાવરણમાં ૧૨૦ માઈલ જેટલે ઊંચે મોકલાય છે.

ઊંચી ડોકે, આંખે નેજવું કરી આકાશ સામે જોઇને, કે હવાની અનુભવાતી ઠંડી-ગરમી પરથી હવામાન વિષેની અટકળો કરવાના દિવસો હવે ક્યારના ગયા છે. આજે તો હવામાન જાણવા માટે 'વાયુશાસ્ત્ર' નામની એક સ્વતંત્ર વિજ્ઞાનશાખા ફૂલીફાલી છે અને તેમાં બ્રિટનના વાયુશાસ્ત્રીઓનો કદાચ સૌથી વધુ ફાળો છે. એ વાતને પણ આજકાલ કરતાં સો વરસ થવા આવ્યાં અને હજી હમણાં જ બ્રિટનના વાયુખાતાએ પોતાની શતાબ્દી ઊજવી.

ઈ. ૧૮૫૩માં યુરોપની કેટલીક દરિયાઈ સત્તાઓની એક બેઠક બ્રસેલ્સ મુકામે મળેલી. એમાં પવન અને દરિયાના પ્રવાહોના નિરીક્ષણોની આપલે તથા નોંધણી કરવા માટે એક વ્યવસ્થિત યોજના વિચારાઈ. બ્રિટને પણ તેમાં ઊંડો રસ દાખવેલો, અને એ માટે પાર્લામેન્ટે બોર્ડ ઑફ ટ્રેડને વાયુશાસ્ત્રનું એક સ્વતંત્ર ખાતું ચલાવવા ખર્ચની ગ્રાંટ આપી.

આ નવા ખાતાના વહીવટ માટે ઍડમિરલ રોબર્ટ ફિટ્ઝરૉયની નિમણૂક થઈ, કેમકે એની ૩૦ વર્ષની દરિયાઇ કામગીરી તથા વિજ્ઞાનના જ્ઞાનને લીધે જુદાજુદા પ્રદેશોનાં હવામાનનો એને બહોળો અનુભવ હતો, અને એને પોતાને પણ બ્રિટનના પ્રથમ 'નૅશનલ ક્લાર્ક ઑફ વેધર' તરીકે કામ કરી પોતાની શક્તિને બહાર લાવવાની હોંશ હતી.

પાર્લામેન્ટ સ્ટ્રીટમાંની પોતાની નાનકડી ઑફિસમાંથી એ બ્રિટનના હવામાન માટે કાર્ય કરતા પ્રત્યેક નવા કેન્દ્રને જરૂરી સાધન-સામગ્રી, નકશાઓ, નોંધો, વિગતો વગેરે બધું પહોંચાડતા, અને દરિયા પરનાં જુદાંજુદાં સ્થળોનાં હવામાનના નિયમિત અહેવાલો મેળવવા પોતાને યોગ્ય લાગે તે વહાણોને મોકલતા. ઉપરાંત બ્રિટનનું નૌકાદળ તો એની મદદમાં હતું જ. આથી, ૧૮૫૭ દરમિયાન તો નૌકાદળનાં જહાજો ઉપરાંત લગભગ બસો વહાણો પરથી તેને નિયમિત અહેવાલો મળતા થઈ ગયા. દરેક નવો અહેવાલ અગાઉના અહેવાલો સાથે સરખાવી, તે પરથી નિર્ણયો તારવતાં જઈ એમને ભવિષ્યના હવામાન વિષે આગાહીઓ આપી શકવા જેટલી આત્મશ્રદ્ધા આવતી ગઈ. ૧૮૫૯માં તો ઇંગ્લંડની પ્રમુખ સંસ્થા બ્રિટિશ એસોસીએશને નક્કી કર્યું કે હવે દૂરનાં બંદરોએ તોફાનો આવવાની ચેતવણી આપી શકાય એવી કોઈ ગોઠવણ થવી જરૂરી છે. તરત ફિટ્ઝરૉયે આની કડીબંધ વ્યવસ્થા કરી નાખી. દેશને વિવિધ 'વેધર ડિસ્ટ્રિક્ટ'માં વહેંચી નાખી એ દરેક પ્રદેશનો અધિકારી–'વેધર ક્લાર્ક' પોતાના વિસ્તારોના હવામાનના અહેવાલો લંડનની મુખ્ય કચેરીએ મોકલે અને ત્યાંથી એ બધા અહેવાલોનું પૃથક્કરણ થઈ ચાલુ હવામાનની આગાહીઓ બધાં બંદરોએ મોકલી આપે એવી ગોઠવણ કરી. અને એની આ યોજનાનુસાર ૧૮૬૧ના ફેબ્રુઆરીથી પાર્લામેન્ટ સ્ટ્રીટની એ નાનકડી કચેરીમાંથી છૂટેલા હુકમના અન્વયે બ્રિટિશ કિનારા પર હવામાનની જાણ કરતી સંજ્ઞાઓ ફરકવા લાગી; એટલું જ નહિ પણ ફિટ્ઝરૉયની આ પ્રથાને ફ્રાંસ, જર્મની, હોલાન્ડ અને રશિયા વગેરે દેશોએ પણ સ્વીકારી અને પોતપોતાનાં ક્ષેત્રોમાં તેનો અમલ કરવા માંડ્યો. પરિણામે, હવે તો તેની એ નાનકડી ઑફિસમાં બ્રિટન ઉપરાંત યુરોપનાં અન્ય સ્થળોનાં હવામાનના અહેવાલોનો પણ ઢગલો થવા લાગ્યો. એ બધાનાં પૃથક્કરણ ઉપરથી હવામાનના વરતારાઓ કરવાની તેની આત્મશ્રદ્ધા એટલી તો દૃઢ થઈ ચૂકી કે ઈ. ૧૮૬૧ના જુલાઈથી પોતાની આગાહીઓ તેણે દૈનિક છાપાંઓમાં પણ પ્રકટ કરવા માંડી.

પંચાંગોના આધાર વિનાનાં અનુમાનોને આમ એક સ્વતંત્ર જ્ઞાનશાખામાં પરિણમતું જોઈ એ કાળના ઘણા વિજ્ઞાનીઓ પણ અચંબો પામ્યા. પણ આમ રોજ-બ-રોજ પ્રગતિ કરતા બ્રિટનના આ કાર્યમાં અચાનક ખટકો આવ્યો. ૧૮૬૫માં ફિટ્ઝરૉયે આપઘાત કર્યો ત્યારે એના એ ઓચિંતા અવસાનથી અસ્વસ્થ થએલા બોર્ડ ઑફ ટ્રેડે તેણે વિકસાવેલી વ્યવસ્થા બંધ કરી દીધી!



પ્રત્યક્ષ નિરીક્ષણ કેન્દ્રના અહેવાલો મેળવવા માટે રચેલી ઈંગ્લંડના હવામાનખાતાની મુખ્ય કચેરીની એક અતિ અટપટી યોજના.

પરંતુ આ નિર્ણયથી તો દેશભરમાં ઉગ્ર વિરોધ જાગ્યો. પાર્લામેન્ટમાં પણ તે પ્રશ્ન ઊચકાયો. પરિણામે, ૧૮૬૬માં બધાં બંદરો પર હવામાનની સંજ્ઞાઓ ફરી ફરકતી કરવાનું બોર્ડ ઑફ ટ્રેડે ચાલુ કર્યું. છતાં સરકારે તે પછીનાં તેર વર્ષ સુધી, ન જાણે કેમ, પણ એ તરફ બહુ ધ્યાન ન આપ્યું. પણ ઈ. ૧૮૭૯ની ૨૮મી ડિસેમ્બરે થએલા એક ભયંકર વાવાઝોડાથી 'ટે બ્રિજ' નાશ પામ્યો, તે પરથી એ કામગીરીની જરૂર સમજાતાં એની પાછળ વધુ લક્ષ અપાવા માંડ્યું અને ૧૯૧૨માં ધુમ્મસને લીધે બરફના ખડક સાથે અથડાઇને એ કાળની મહાન સ્ટીમર 'ટિટાનિક' ડૂબી તેના




એર મિનિસ્ટ્રી અને બ્રિટિશ રેલવેના એક કરાર મુજબ હવામાનખાતાના નિરીક્ષણ વિસ્તારમાંનાં કેટલાંક નાનકડાં સ્ટેશનોના માસ્તરો પણ વાયુખાતાની કેટલીક ફરજો બજાવે છે. અલબત્ત, એને માટે ખાસ તાલીમ, તથા વધારાનું અઠવાડિયે ૩૦ શિલિંગનું વેતન પણ એને મળે જ છે. દરેક કલાક પૂરો થવા પહેલાંની આઠેક મિનિટમાં એ બલૂનો ઉડાડીને પવનની દિશા, ગતિ વગેરેનાં પોતાનાં નિરીક્ષણોની નોંધ તૈયાર કરે છે. મુખ્ય મથકેથી ટેલીફોન કે તાર દ્વારા દર કલાકે તેની આ કામગીરીનો અહેવાલ માગવામાં આવે છે. આવાં તો સેંકડો નાનાં કેન્દ્રોના અહેવાલો આખરે ડનસ્ટેબલની મુખ્ય કચેરીએ એકઠા થઈ ત્યાંથી હવામાનના વરતારાઓ, અહેવાલો, નકશાઓ વગેરે બહાર પડે છે.

પરથી પાઠ લઈ ઉત્તર આટ્લાંટિકના બરફવાળાં વિસ્તારોના હવામાનનો અભ્યાસ ઘણો વધી ગયો.

પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધમાંના વિમાનના ઉપયોગે તો આ ખાતાની કામગીરી અતિશય વધારી દીધી. બીજી કોઈ પણ બાબત કરતાં વાયુયાનોએ આ ક્ષેત્રનો અભ્યાસ વધારવામાં સૌથી વધુ ફાળો આપ્યો છે. પહેલા મહાયુદ્ધ પછી ૧૯૨૦માં તો આ હવામાનખાતું એર મિનિસ્ટ્રીના જ સીધા વહીવટ તળે મુકાયું અને ૧૯૩૯ સુધીમાં તો એ એક અનિવાર્ય અંગ ગણાતું થઈ ગયું. ત્યાર પછી જેટ વિમાનોની શોધે તો આ જ્ઞાનશાખામાં ખૂબ જરૂરતો ઊભી કરી છે અને પાર્લામેન્ટ સ્ટ્રીટમાંની એક નાની ઓરડીમાં ચાર મદદનીશો સાથે ફિટ્ઝરૉયે શરૂ કરેલી આ કચેરી આજે સંખ્યાબંધ નિરીક્ષણ-કેન્દ્રો સાથે સંકળાઈ ત્રણ હજાર જેટલા કર્મચારીઓને રોકવા જેટલી વિસ્તૃત થઈ ગઈ છે. તેની કામગીરી વિષે કહેવાય છે કે ક્યારેક તો મૉસ્કોના વાયુખાતાને પણ ખબર પડે એ પહેલાં રશિયાના એ વિસ્તારમાં ફેલાતાં તોફાનોની આગાહી બ્રિટનનું આ વાયુખાતું ત્યાં પહોંચાડે છે!

આજે ડનસ્ટેબલની આ કચેરીમાં પૃથ્વીના ઉત્તર ગોળાર્ધના એકેએક સ્થળેથી હવામાનના અહેવાલો દરરોજ નિયમિત મળતા રહે છે. ખરા આંતરરાષ્ટ્રીય ધોરણે કાર્ય કરતી પ્રવૃત્તિઓમાંની આ પણ એક એવી કામગીરી છે કે જેને હવામાનનાં નિરીક્ષણો અને માહિતીઓની આપલે કરવામાં કોઈ પણ જાતની રાજકીય સરહદો કે (અનુસંધાન પૃષ્ઠ ૭૮મે)



આંતરરાષ્ટ્રીય હવામાન-સંચાલન તળે પૂર્વ આફ્રિકામાં ભારત અને મૉરિશિયસની સહાય સાથે નાઈરોબી મુકામેથી લગભગ ૧૫૦૦ જેટલાં નિરીક્ષણ-કેન્દ્રોનું સંચાલન થાય છે. એ દરેક કેન્દ્રને જોઈતી સાધન-સામગ્રી પૂરી પાડવાથી માંડી હવામાનના અભ્યાસ માટે જરૂરી બધી જ કામગીરી એના મુખ્ય મથકના સંચાલન હેઠળ થાય છે. અમુક અધિકારીઓ બાદ કરતાં આ દરેક કેન્દ્રમાં સ્થાનિક માણસો જ કાર્ય કરે છે. આમાં ત્યાં વસેલા કેટલાક ભારતીય કાર્યકરોએ પણ ઘણું નોંધપાત્ર કાર્ય કરી બતાવ્યું છે.

સાગર સાવજ દેવો ધાધલ



શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા 'સુકાની'

ખંડ ૮ : બે મુલાકાતી

'રાવળનાથ' હજુ કોટેશ્વરમાં પડયું હતું, ત્યાં સમાચાર આવ્યા કે પૂંજા શેઠે મીર સાથે સંધિ કરાવી હતી, પણ મીરનું લશ્કર પાટનગર બહાર મ્હાલતું હતું. મહારાવે મોટો દંડ ભરવાનું કબૂલ્યું હતું, ઉપરાંત એક ભાયાતની કુંવરી મીર ગુલામશાહ વેરે પરણાવવાનું તેમજ પૂંજા શેઠને ફરી આગલી સત્તા આપવાનું પણ સ્વીકાર્યું હતું. શરતો પૂરી થાય ત્યાંસુધી કલ્હોરાઓ પાટનગર બહાર પડયા રહેવાના હતા ને વધારા-માં પૂંજા શેઠનો સોળ વર્ષનો દીકરો કલ્હોરાઓએ ઓળમાં લીધો હતો! પૂંજા શેઠે આણેલું ગ્રહણ આમ મુલકને અભડાવીને હવે છૂટવા માંડયું હતું. એટલે 'રાવળનાથે' રાયપુર તરફ લંગર ઉપાડવાની તૈયારી શરૂ કરી.

હજી લંગર ઉપાડવાને બેએક દિવસની વાર હતી. રાતનો ત્રીજો પ્રહર વીતી ગયો હતો. ત્યાં દખ્ખણ તરફથી એક મછવો 'રાવળનાથ' તરફ આવતો દેખાયો. તૂતક ઉપરના ચોકિયાતે મછવાને પડકાર્યો, અને એંધાણ મળતાં સોડ પડવા દીધો. બે જણ ઉપર આવ્યા. બે ય જણ સરદાર લાગતા હતા. એક હતો વાણિયો; બીજો હતો મીર. એની પછવાડે એક લાંબી મંજૂસ આવી. વણિક સરદારે ઊંચે સુકાની તૂતક ઉપર નજર કરી; પછી ખુંખારો ખાઈ માલમને રૂઆબથી કહ્યું: 'જરા દેવા ધાધલને ઉઠાડજે તો, બચા! કહે કે અમે તકડને કામે આવ્યા છિયેં.'

માલમ જરા યે ન ખસ્યો. બે મજલાની ઊંચાઇએથી મગતરાંને જોતો હોય એમ એ ઊભો. ડાબા હાથનાં બે આંગળાં એણે મૂછને અડા-ડયાં. બે હથિયારબંધ બડિયાતો વણિક સરદારને પડખે થઇ ગયા. સર-દારે આ જોયું ન જોયું કરી ફરી કહ્યું: 'સવાર પહેલાં અમારે બહુ છેટે જાવું છે, માલમ! ધાધલને હમણાં જ મળાય એમ છે; જરા જગાડજે તો!'

હવે માલમે મોઢું ખોલ્યું: 'તું છો કોણ, ઇ તો કે' જાુસાં! રાત વિચે હીંડચો આવસ, ને કે' કે "ધાધલને ઉઠાડજે તો, બચા!" તું વરી કીયો મોટો ચમરબંધ કે તારે સારુ દેવુભાની નીંદર ઉડાડિયેં?'

માલમે ફરી ડાબા હાથનાં બે આંગળાં મૂછ પર અડાડયાં. બીજા બે બડિયાતો વાણિયાની પડખે થઈ ગયા. મામલો વિફરવા માંડયો સમજી સરદારે જરા મીઠાશથી કહ્યું, 'કામ વગર દેવુભાને નીંદરમાંથી અમે ન ઉઠાડિયેં, બચા! જરા કહેવરાવી દે કે અમને પૂંજાશેઠે મોકલાવ્યા છે.'

પૂંજાશેઠનું નામ સાંભળી માલમ દરિયામાં થૂંક્યો. પછી એક બડિ-યાતને નાખવાના આવાસ તરફ મોકલ્યો. થોડી વારે બે ય મુલાકાતી-ઓ દેવરાજની બેઠકમાં દાખલ થયા.

ખંડ ૯ : રૂબરૂ

દેવરાજ નાખવાની બેઠક કોઇ રાજવીના ઠાઠથી આરાસ્તે સજી હતી. વચમાં સોંસરવા નીકળતા કલમીના થંભને અઢેલીને નાખવો ઊભો હતો. એ ઊંઘમાંથી ઊઠયો હોય એવું જરા યે એંધાણ ન હતું.

એનું શરીર ગંઠેલ હતું. પંજહથી ઊંચાઇને લીધે એ એકવડો લાગતો હતો. ધીંગી ગરદન ઉપર ઝૂલતા કાળા વાંકડિયા વાળ, સહજ ભરાવદાર મૂછ, કાણોસરાં થોભિયાં, પહોળી છાતી, પાતળી કમ્મર, આજાનુબાહુ હાથ અને લોહના થંભ જેવા પગ! એના કાનમાં સોનાનાં ઠોળિયાં હતાં; બાંહ્ય ઉપર બાજુબંધ હતો અને એમાં માદળિયાં હતાં; જરીના કચ્છદાર ધોતિયા ઉપર રૂપાનો કંદોરો અને ડાબે પગે સોનાનો તોડો; જોઠમાં જરીદાર લહેરિયાં કેડિયું, કેડિયામાં મખમલી મ્યાન અને રૂપાની મૂઠવાળી કટાર. એનાં આંગળાં કટારનાં ફૂમતાંદાર સર-ડાકિયાં સાથે સહજ રમતાં હતાં. એના મુલાકાતીઓ પોતે સરદાર હતા, પણ નાખવાને જોઈ એવા એની શેહમાં આવી ગયા કે બેય જણ દરવાજા પાસે જ થંભી ગયા. દેવરાજની તીણી વેધક આંખો એમને જોઈ રહી. એણે 'આવો' સરખું પણ ન ઉચ્ચાર્યું. ન એ પોતે બેઠો કે ન એણે સરદારોને બેસવાનું કહ્યું. પછી સહસા પૂછ્યું, 'પૂંજાને અટાણે અમારું એવું શું કામ પડયું, કે તુંને અંતરિયાળ રાત વચ્ચે ધોડાવ્યો, ટોપણશાહ?'

ટોપણે પરાણે હસી જવાબ દીધો, 'મને ક્યાંથી ઓળખો, દેવુભા?'

'જાુસાં તુંને ન ઓળખિયેં? તું તો પૂંજાશેઠનો જમણો હાથ! પણ તું ભેગો આ તરગાળો કોણ આવ્યો છે, શાહ?'

'આ કે? આ સિંધના અવ્વલ સરદાર મીર રિયાઝખાન કલ્હોરા. હું એની ભેળો નગરઠઠ્ઠા જવા નીકળ્યો છું. પૂંજાશાહે સંધિ કરાવી તે મીર ગુલામશાહને રજૂ કરવા જઇયેં છિયેં.'

'અહીં રાવળનાથ ઉપર હેરિયું કરવાનું કારણ?'

'જીબાવ, હું તો ચિઠ્ઠીનો ચાકર છું. પૂંજાશેઠે ખાસ મોકલ્યો છે અને તમારા જેવું કામ ચીંધ્યું છે.'

દેવો ધાધલ ચૂપ રહ્યો. ટોપણશેઠે વાતનો આરંભ કર્યો.

ખંડ ૧૦ : ટોપણશાહનું ઈનામ

'સત્તાણીઓ સાથે પૂંજાશેઠને એક વાર તો બહુ સારાસારી હતી, દેવુભા! પણ પાછળથી ભીમજી દરબારે વેર બાંધ્યાં. ખેર! ભીમજી ઝારામાં ખપી ગ્યો' ને પૂંજાશેઠને થ્યું કે કાંટો ગ્યો. ભેળો એનો નાનો ભાઈ વીસોજી પણ હણાઈ ગ્યો. સત્તાણી ગાદી નિર્વંશ ગઇ એમ લાગ્યું.



ઓચિંતો સંજોગ એવો ઊભો થયો છે કે પૂંજાશેઠ જરા મુંઝાણા છે.

ટોપણશાહ બોલતો હતો, પણ ધાધલ વાતનો હુંકારો નહોતો દેતો. એની આંખ ઝેરીલી લાગતી હતી; એટલે ટોપણશાહે ટૂંકમાં વાત પતાવવા માંડી: 'ભીમજીને સંતાન નો'તું. વીસોજીને પણ ગોહિલ રાણીથી તો સંતાન નથી, પણ મ્હેરાણીના પેટનો દીકરો છે. એને આજ સુધી કોઇયેં કુંવર નો'તો માન્યો; પણ એકાએક સત્તાણીઓએ એના નામનો પડો વગડાવ્યો છે. પૂંજાશેઠના મારગમાં ફરી કાંટો ઊભો કીધો છે. ઈ કુંવર તે અજયપાળ'.

'કુંવર અજયપાળ ક્યાં છે?' ઓચિંતા ધાધલે પૂછ્યું.

'ઈ જ કહું છું, દેવુભા! વીસોજીને ચિતા ઉપર સુવાડ્યો ત્યાં ઓલી મ્હેરાણીને સત ચડ્યું, ને વીસોજીનું માથું ખોળામાં મૂકી ઈ પણ ચિતા ઉપર ચડી બેઠી. આજ સુધી સત્તાણીઓએ એને રખાત કહીને વગોવી'તી, પણ હવે બધા ફરી ગ્યા. મોટાં બાયે, દેવડી ઉપર એના હાથના છાપા મરાવ્યા. રાજગોર મહેરામણજીયે પોતાને હાથે એના કપાળમાં પિયળ કાઢી; અને વાંકલદે મ્હેરાણી સતી થઇ ગઈ!'

'રંગ મારી વાંકલદે!' ધાધલે કહ્યું. ટોપણશાહ ખમચી ગયો, પણ નાખવાની નજર એના ઉપર ન હતી.

'અજયપાળ પણ બાપ ભેગો જુદ્ધમાં ચડ્યો હતો. એની લાશ હાથમાં ન આવી એટલે સત્તાણીઓ એને ગોતે છે. દરમ્યાન એને નામે દરબારગઢમાં આણ ફેરવી છે.'

'અજયપાળ ક્યાં છે?' નાખવાના અવાજમાં ધ્રૂજારી હતી. એના મોં ઉપર કાળા મેઘ છાઇ ગયા હતા.

'હવે ઈ જ વાત કહું છું, જીબાવ! અજયપાળ જીવતો છે. એ મેદાનમાં ઘાયલ થઈ પડ્યો હતો ત્યાંથી પૂંજાશેઠના હાથમાં આવ્યો. પહેલાં તો પૂંજાશેઠનો વિચાર જુદો જ હતો. પણ એની મા સતી થઈ. સતીના દીકરાને આંચ ન આવે, અને પૂંજાશેઠને પણ આંચ ન આવે, એટલે મને અહીં મોકલ્યો છે, દેવુભા!'

વાત પૂરી કરી ટોપણશાહે ધાધલ સામે જોયું. ધાધલની આંખમાં અંગારા ઝગતા હતા. એ જોઇ શાહ ધ્રૂજી ગયો; એણે છેવટનું કહી નાખ્યું: 'પૂંજાશેઠને ખબર મળી કે તમે અહીં કોટેશ્વરમાં નાંગર્યા છો. ફરી બેચાર મહિને સફરે ઊપડશો અને ગુલામો પઠાવશો. પૂંજાશેઠે તમને એક ગુલામ ભેટ મોકલ્યો છે.'

'અજયપાળ ક્યાં છે?' નાખવાએ એ જ સવાલ ફરી પૂછ્યો. એનાં આંગળાંએ મ્યાનનું સરડાકિયું ખોલી નાખ્યું હતું.

'નીચે સથા ઉપર, મજૂસમાં.' શાહે થોથરાતા અવાજે કહ્યું.

ધાધલે પાસેની ઝાલર ઉપર ડંકો વગાડ્યો. બે બડિયાતો ખડા થઈ ગયા. મજૂસ બેઠકમાં આવી. આખા શરીરે મુશ્કેટાટ બાંધેલો, મોંમાં ડૂચો દીધેલો, અનેક જખમે હજુ પીડાતો કુંવર અજયપાળ મજૂસમાં બેફામ પડ્યો હતો.

દેવો ધાધલ કુંવરને મજૂસમાં જોઈ રહ્યો. માથું ઊંચું કર્યા વગર એણે બડિયાતોને અગમ બોલીમાં કોઈ હુકમ આપ્યો. તરત બેય સરદારોને નીચે સથા ઉપર ખેંચી જવામાં આવ્યા. બીજા બડિયાતો ભેગા થઈ ગયા અને બેયને મૂઢ માર મારી ગુલામી ભંડકમાં પૂરી દીધા!

એ ભંડકમાં હવે ત્યાશી ગુલામો થયા. બ્યાશી કલ્હોરા અને એક બીચારા ટોપણશેઠ!

ખંડ ૧૧ : રાયપુર બંદર

વિક્રમની ઓગણીસમી સદીના અંત સુધી રાયપુર બંદર આશકારા હતું. 'રાવળનાથ'નું એ ઘરૂકું બંદર હતું. અહીંથી એની જ સફર શરૂ થતી હતી અને બેચાર વર્ષે દેશાવર ઘૂમી અહીં જ પાછી પૂરી થતી હતી. 'રાવળનાથ' અહીં જ બંધાયું હતું. અહીં એવાં અનેક બખ્તાવર વહાણો બંધાતાં હતાં.

આખા મુલકની દરિયામારગની જકાતી માંડવી (થાણું) અહીં હતી, એટલે એને માંડવી બંદર નામ મળ્યું હતું. અહીં મુખ્ય તો ઈરાન, અરબસ્તાન, સુમાલ, મિસર, જંગબાર, મુસામ્બિક, મસુંગા, મહાલદીવ, સિંહલ, મલબાર, કન્નડ અને કોંકણ સાથે ગબ્બર વેપાર ચાલતો હતો. એ દેશોનાં પચરંગી માણસો અહીં વતનીઓની પેઠ રહેતા હતા અને દરેક મુલકની બોલી અહીં છૂટથી બોલાતી હતી.

અહીંના વાડાઓમાં જે વહાણો બંધાતાં તેની નિકાશ એટલી તો બહોળી હતી કે રૂકમાવતીને બેય પડખે સુતારવાડાઓ બારે માસ ગાજતા રહેતા હતા. આ બંદરના ગયધરો (ગજધર: ગઝધર: વાડિયા: વહાણ બાંધનાર સુતાર) પશ્ચિમ સાગરમાં અજોડ મનાતા.

આ મુલકની આબાદી એની નિકાશ પર ન હતી, પણ એની આયાત જબ્બર હતી ને મુખ્ય આયાત તો પરદેશમાં કમાએલી અઢળક સંપત્તિની હતી. પચ્છમ ધરાની મુખ્ય નિકાશ તે એનો માનવી! એ દેશદેશાવરમાં જઇ વેપાર જમાવતો અને અઢળક સંપત્તિ વતનમાં લઇ આવતો.

પણ પચ્છમ ધરાને આજ સુધી જગતમાં ઊંચું માથું રખાવનાર એની કોઈ અતિ અણમોલ નિકાશ હોય, તો તે એના નાખવા. આજે પણ એનો જોટો મળવો મુશ્કેલ છે. એ નાખવાઓ આ બાજુ મિસર ને મસુંગા, અને ઓ બાજુ સ્યોમ્યા (બ્રહ્મદેશ), મલયુ, સુમાત્રા, જાવા, બલી, કલિમન્થન, (બોર્નિયો), શૂલવેષી (સેલબીસ) અને મુઘાંગ થાઈ, હાઈનાન, ચમ્પા, કામ્બુજ, કાન્ટુંગ અને તાઇવાન સુધી પઠાણો ફેરવતા. એ નાખવાઓ એવા તો નીડર અને સાહસી હતા કે ખલ્દથી હિસ્પાન (ખાલ્ડિયાથી સ્પેન) સુધી જેમ અરબોએ દોર જમાવ્યો હતો તેમ મડાગાસ્કરથી તાઈવાન સુધી આ નાખવાઓનો સિક્કો વાગતો હતો. એવી આ ધરાની દરિયાઈ રાજધાની તે રાયપુર બંદર. અહીં એક સાંજે 'રાવળનાથે' લંગર નાખ્યું. ત્રણ વર્ષની કપરી સફર પછી એણે આજે પઠાણ ઠેરવ્યું હતું.

ખંડ ૧૨ : લહ્રકાં પાણી

અજયપાળને લઈ દેવો ધાધલ કાંઠે આવ્યો. રૂકમાવતી બેય પડખાં ઉભરાવતી વહી જતી હતી. વહેલી સવારે પણ સુતારવાડાઓ ગાજતા

હતા. હથોડાના ઘાણુ અને કરવતોની અરેરાટીથી વાતાવરણુ ભરાઈ ગયું હતું. તસ્તરાપાથી માંડી બગલા અને ધાઉ સુધીનાં પઠાણો ઊભાં થઈ રહ્યાં હતાં. ગઢ તરફ કાંઠાબઝાર હતી. ત્યાં ખીલાથી ખૂવા સુધીનો વહાણવટી સરંજામ લુહાણા, વાણિયા અને વહોરાઓ વેચતા હતા. કાંઠાવાળે નાકેથી દાખલ થઇ બેય જણ બખાઈ બજારમાં આવ્યા.

બખાઇ બજાર એ રાયપુર બંદરની સમૃદ્ધ બજાર. અહીં વહાણવટીઓની પેઢીઓ હતી. રસ્તામાં અરબ, સીદી, મહાલદીવી, સિંહલી, તમીળ, મળયાળી, કોંકણી વગેરે ગરદી કરી રહ્યા હતા. અહીં ખંભાત જેવા ગબ્બર વહાણવટી ન હતા, પણ ખંભાત અને સૂરતમાં જેવડું મહાજન, એટલા અહીં વહાણવટી હતા. ગુજરાતમાં વહાણવટું વાણિયાઓને એકહથ્થુ હતું, અહીં ભાટિયા, લોહાણા, ખોજા, બ્રાહ્મણ અને ગુંસાઈ પણ વહાણવટું કરતા હતા.

'રાવળનાથ'ના ફાલકા માલથી ભર્યા હતા. એનું વેચાણ કરવાનું હતું. દેવો નાખવો સુવાહિલીની વખારે આવ્યો. જંગબારની કંઠરને સુવાહિલ કહે છે. એની સાથે શિવજીભા નામના જુવાન ભાટિયાએ તુરતમાં જ વેપાર શરૂ કર્યો હતો, પણ એવી શાખ જમાવી હતી કે એની વખાર સુવાહિલીની વખાર કહેવાતી. માંડવીમાં એ વખાર હરજીવન મહેતા હસ્તક હતી. મહેતાએ ધાધલને આદરપૂર્વક બેસાડચો ને એને ફાયદો થાય એ ભાવે તમામ માલ ખંડી લીધો. એના કલ્હોરા ગુલામોને પણ પોતાના વાડામાં રાખવા ગોઠવણ કરી દીધી. માલ અને ગુલામ ઊતરી રહે એટલે 'રાવળનાથ' ત્રણચાર મહિના સુક્કામાં ચડવાનું હતું. હરજીવન મહેતાએ એની આગલી સફર બાંધી આપવાનું તેમજ ગુલામોનો સોદો નક્કી કરવાનું પણ માથે લીધું.નાખવાને તાબડતોબ જોઇતી હોય એટલી કોરી ઉપાડવાની છૂટ આપી અને વેપારવણજનો તમામ બોજો પોતાને શિરે લઈ લીધો. ધાધલ હળવે મને બહાર પડચો.

રાયપુરની બજારોમાંથી દેવરાજ નાખવો સરિયામ હાલી શકે એ બનવાજોગ ન હતું. રસ્તામાં દુકાનદારો થડો મૂકી ઊભા થઈ જતા હતા, વેપારીઓ વખારમાં બોલાવતા હતા, નાખવાઓ બથ ઘાલી ભેટતા હતા, માલમાં વાવડ પૂછતા હતા. આ બંદરનો તમામ વરણ એનો પરિચિત હતો. પાણીનાં બેડાં ઝગાવતી પનિહારીઓ સુદ્ધાં આંગળી ચીંધી એને દેખાડતી જતી હતી; અને ખાસ તો અજયપાળને. અજયપાળનું બાળપણ આ બંદરમાં વીત્યું હતું.

સુંદરવરનાં દર્શન કરી ધાધલ તળાવવાળે કાંઠેથી બહાર આવ્યો. અહીં વાડીઓ હીલોળા ખાતી હતી. મોર અને કોયલ ટહૂકતાં હતાં. તળાવકાંઠે જુવાનડીઓની ગરદી જામી હતી. અજયપાળને જોઈ બધાંના હાથ થંભી ગયા. અજયપાળનું તો આ મોસાળ. ધાધલને પણ આ વતનની ગરવી માયા હતી. અહીંની રેતી પણ સોનાની રજ હતી.

તળાવને પેલે પાર એક સુઘડ વાડો હતો. વાડામાં મંદિર હતું. મંદિર પાસે ડેલીબંધ મકાન હતાં. ધાધલે એ ડેલીનો આગળિયો ઉઘાડચો. બેય પડખેની પરશાળમાંથી સ્વાધ્યાયનો ઘોષ ઊઠતો હતો. અજયપાળને જોતાં જ બે યુવાન ઉપાધ્યાય ઊભા થઈ ગયા. વેદઘોષ બંધ થઈ ગયો. 'શિષ્ટાગમને અનધ્યાયઃ!' આ ઘરમાં અજયપાળ અતિ શિષ્ટજન હતો. આ એનું ફૂતક મોસાળ હતું; અને આ હતો શાસ્ત્રીજીનો વાડો. અહીં રહેતા હતા દેશવિખ્યાત પંડિત અને શાસ્ત્રી વિદ્યાવાચસ્પતિજી. અજયપાળને જીવતો આવેલો જોઈ આખું કુટુંબ દોડી આવ્યું. હરખનો પહેલો ઊભરો શમ્યા પછી ધાધલે રજા માગી. જતાં જતાં વાચસ્પતિજીને એણે વિનતિ કરી કે આવતી સફરમાં અજયપાળને એની સાથે આવવા દેવો અને દરમ્યાન વાચસ્પતિજીએ અજયપાળને એનો પૂર્વેતિહાસ કહી સંભળાવવો.

ખંડ ૧૩ : અજયપાળનું મોસાળ

એક રાત્રે સર્વ કુટુંબને ભેગું કરી વાચસ્પતિજીએ અજયપાળ, આ પંડિત કુટુંબનો ભાણેજ કેમ બન્યો, એ ઇતિહાસ કહી સંભળાવ્યો.

સત્તાણી દરબારને બે પુત્રો હતા: પાટવી ભીમજી અને ફટાયો વીસોજી. બેયની મા જુદી હતી. વીસોજીની મા એના બાળપણમાં જ સ્વર્ગવાસી થતાં, વીસોજી એના જેઠવા મોસાળમાં ગયા અને ત્યાં જ એને યૌવન પ્રાપ્ત થયું.

સૌરાષ્ટ્રમાં બરડાની ભૂમિ એ બલરામની રૈવતક ભૂમિ. એ બરછડ ભૂમિમાં વીસોજી સિંહબાળ જેવા મોટા થવા લાગ્યો: નિર્ભય અને એકલપંથી, સાહસી અને શૂર તથા સાવઝ જેવો ટેકીલો.

એક વાર પાદરે ઊંટોની કતાર લઈ મેરોએ ડેરો નાખ્યો. મેર જવાનો મર્દાનગીની રમતગમતમાં પારંગત હોય છે. વીસોજીને એમાં ભળી જતાં વાર ન લાગી. ઊંટોને વશ કરવાની વિદ્યામાં એ મેરોને પણ આંટી ગયો. એની કળા જોઈ ડેરાના મુખીએ એને અનેક મેરવિદ્યા શીખવી. અહીં એનો વાંકલદે સાથે મેળાપ થયો. પૂર્વ જન્મની પ્રીત જાગી. મોસાળના વિરોધ છતાં બેય જણાં ગાંધર્વલગ્ને પરણી ગયાં.

સત્તાણી દરબારને આની ખબર પડતાં બહુ ક્રોધિત થયા. એણે વીસોજીને તેડાવી લીધો. વાંકલદે પણ સાથે ગઈ. એને ગઢમાં જુદા ઓરડા તો દીધા, પણ એને કુળવધૂ ગણવા દરબાર રાજી ન હતા. એમણે વીસોજીને ગોહિલ કુળમાં બીજાં લગ્ન કરાવ્યાં. પણ વાંકલદેએ તો પોતાના ગુણથી સપત્નીને પણ વશ કરી લીધી. કાળ જતાં વાંકલદેને પેટ કુંવર જન્મ્યો. તે આ અજયપાળ. ગોહિલ રાણીને સંતાન ન થયું. પાટવી ભીમજીને પણ બે રાણી હતી, પણ કુંવર ન હતો. સત્તાણીની ગાદીએ મેરાણીનો દીકરો કોઈક વાર આવે એ દરબારને મન અસહ્ય લાગ્યું. એણે મા-દીકરાનો ઘાટ ઘડવાનો મનસૂબો રચ્યો.

વીસોજીને બહાનું કાઢી મુંદ્રે મોકલ્યો. પછી,વીસોજીને નામે અગિયાર રાત્રીનું અનુષ્ઠાન કરવા વાંકલદેને કોટેશ્વર રવાના કરી. ભેળા ચાર વળાવિયા, વ્હેલવાન અને એક વડારણ દીધાં. મા કે દીકરો જીવતાંપાછાં ન ફરે તો વળાવિયાઓને મોટું ઈનામ આપવાનું દરબારે વચન દીધું.

અનુષ્ઠાનની ચોથી રાત્રીએ ફળાહાર કર્યા પછી વાંકલદે વાન્તિઓ કરવા લાગી. એના પેટમાં શૂળ ઊપડચું. વળાવિયાઓ આઘાપાછા થઈ ગયા હતા. મહામહેનતે વડારણે વૈદ્યને બોલાવ્યા. વૈદ્યે ઔષધોપચાર કર્યા અને વાંકલદે ઊગરી ગઈ. જતાંજતાં વૈદ્યરાજે વાંકલદેને કહ્યું કે ગમે તે રીતે પણ ખાનપાનમાં રસનેરી ભેળવાઈ હતી. વાંકલદે વનવગડાની ફરનારી હતી. એ સમજી ગઈ કે એના પ્રાણ હરવાનો કોઇએ પ્રપંચ કર્યો હતો. તરત એણે વીસોજીને બોલાવવા મુંદ્રે કાસદ મોકલ્યો. પણ બીજે જ દહાડે કાસદનું શબ ગામ બહારથી મળી આવ્યું!

વાંકલદે મેરની દીકરી હતી. જરા જરામાં ડરે એવી ન હતી, પણ પોતાના બાળના વિચારે એને ભયભીત બનાવી દીધી. અનુષ્ઠાનની હજુ છ રાત્રિ બાકી હતી.

વડારણને બાળ અજયપાળ ઉપર બહુ હેત હતું. ગામમાં કોઈ વીસોજીનાં માણસો હોય તો એની ખબર કાઢવા એ આખો દિવસ ઘૂમી. રાત્રે એણે વાંકલદેને ખબર આપ્યા કે ગામમાં ભાયાત તો ઘણા છે, પણ વીસોજીનો ખાસ માણસ કોઈ નથી. સાંભળવા પ્રમાણે એનો એક લંગોટિયો ભાઈબંધ બંદરમાં છે, પણ એ વહાણનો નાખવો છે. કે'છે કે ભાંગ્યાનો ભેરૂ છે. 'કો'તો એને ખબર પુગાડું, બા!' વડારણે કહ્યું.

વાંકલદે વિમાસણમાં પડી ગઈ. અજાણ્યો પુરુષ; તેમાંયે દરિયાનો માનવી! પણ છાતીએ રમતા બાળનો વિચાર કરી એણે પોતાની ચૂંદડીમાંથી હીરનો ધાગો કાઢચો. એને કુંકુમમાં બોળ્યો અને રૂપાની

ડાબલીમાં મૂકી વડારણને આપ્યો. વડારણે રાતોરાત રાખડી 'રાવળનાથ'ના નાખવાને પહોંચાડી.

સવારના વળાવિયા જાગ્યા ત્યારે ઉતારા સામે નવતર માણસોને તાપણું કરી નિરાંતે ચિલમ પીતા જોયા. સગડ લેતાં જ્યારે ખબર પડી કે એ 'રાવળનાથ'નાં માણસો છે ત્યારે વળાવિયાઓ ચોંકી ગયા. દેવા દૈત! અને એનાં માણસો! દેવા ધાધલ અનેકને અનેક રૂપે દેખાતો. કોઇકોઇને એ દૈત્ય રૂપે પણ દેખાતો હતો! અનુષ્ઠાન અધૂરું મૂકી રાતે વળાવિયાઓએ વ્હેલ જોડાવી ને વાંકલદેને એમાં પરાણે બેસાડી દીધી.

વ્હેલવાને આડધડે વ્હેલ ઉપાડી. ગામગામડાંને ટાળો દેતી, વ્હેલ ભાગવા મંડી. બે ઘડી પછી એક અવાવરુ વાવ પાસે બળદ ઝાલ્યા. જગ્યા નીરવ અને બેંકાર હતી. બાજુમાં એક પીપળો સૂકાં પાન ખડખડાવતો હતો. વળાવિયાઓએ વાંકલદેને હેઠે ઊતરવાનું કહ્યું. બાળકને છાતી સરસો દબાવી વાંકલદે ચૂપચાપ બેસી રહી. વળાવિયાએ એનું બાવડું ઝાલી હેઠે ઉતારી. વાંકલદે ઉપર વળાવિયાનો હાથ પડતો જોઈ વડારણે ચીસો પાડવા માંડી. બીજા વળાવિયાએ વડારણને ઝાલી. એના મોઢા ઉપર હથેલી દાબી અને બીજા હાથે જમૈયો ઊંચો કર્યો. ત્યાં એકાએક અંધારામાંથી ભડાકો બોલ્યો, ને એ ઢળી પડયો!

પછી તો જાણે ગોળીઓની ઝડી વરસી ગઈ. ચાર વળાવિયા અને વ્હેલવાન ધૂળ ચાટતા થઈ ગયા. અંધારામાંથી બે બડિયાત બહાર આવ્યા. એમણે વાંકલદેને ફરી વ્હેલમાં બેસાડી. પાંચ લોથને વાવમાં નાખી અને એક બડિયાતે વ્હેલની રાસ હાથમાં લીધી.

બળદને ડચકાર્યા, પણ બળદ થિર ઊભા રહ્યા. ગલગલિયાં કરી જોયા, પરોણાના ફડાકા બોલાવી જોયા, સીંગડેથી ખેંચી જોયા, પૈડાંના આરા ફેરવી જોયા, પણ બળદો પાછળ હટે કે ઊભા રહે! છેવટે બડિયાતો થાક્યા. 'રાવળનાથ' હંકારનાર આ ઢાંઢાંથી હાર્યા!

હવે સાંઢણીને બોલાવી. પાસે ઊભી એ બળદોનો તમાશો જોતી હતી. બડિયાત પાસે આવ્યો એટલે એ પણ દૂર હટી ગઈ. બડિયાતને ઠેઠ પાસે આવવા દે, પણ હાથભર રહે એટલે ચાર હાથ હટી જાય. બડિયાત હતાશ થઈ ગયો. વાંકલદે વ્હેલમાંથી ઊતરી. એણે જરા મીઠો અને જરા કર્કશ અવાજ કાઢયો. હરખથી ગાંગરતી સાંઢ પડખે આવી ઝૂકી પડી. મેરની દીકરી; એ તો સાંઢણીની ગોર!

મોડી રાતે વાંકલદે 'રાવળનાથ' ઉપર ચડી. સથા ઉપર દેવરાજ ધાધલે નવી બહેનનાં સ્વાગત કર્યાં. વાંકલદેઓ નવા ભાઈનાં ઓવારણાં લીધાં.

ખંડ ૧૪: વાચસ્પતિની શીખ

'**આ** મને બરાબર યાદ છે,' વાચસ્પતિજી બોલતા હતા. 'શ્રાવણનો સોમવાર હતો. અમે રુદ્રીયાનુષ્ઠાન કરી મંદિરમાં જ બેઠા હતા. ત્યાં દેવરાજ આવ્યો. ભેગી વાંકલદે અને શિશુ અજયપાળને લાવ્યો'તો. તે દિવસે પુત્રી વિનાના ઘરમાં અમને પુત્રી સાંપડી. બહેન વિનાના ભાઇઓને રાખડી બાંધનાર સાંપડી. આજે એ વાતને વીસ વર્ષ થઈ ગયાં છે. અજયપાળ! તમે રોડિયામાંથી આ બ્રાહ્મણ કુટુંબમાં ઊછર્યા છો. બ્રહ્મકુમાર પેઠે વેદ, વેદાંગ, કાવ્ય અને સાહિત્ય શીખ્યા છો; માનસંગ કાકાએ તમને ક્ષાત્રવિદ્યા પણ શીખવી છે.

આજે વીસોજી આરાતીર્થે વીરગતિને પામ્યા છે. અમારી પુત્રી...' વાચસ્પતિ જેવા ધીર પુરુષ પણ આગળ બોલી ન શકયા. થોડી વાર શાન્ત રહી પછી કહ્યું, 'એણે અમારી પણ એકોતેર પેઢી તારી દીધી.

હતબુદ્ધિ પૂંજાશેઠે તમને ગુલામ બનાવવા ધાર્યા. પણ એ ચાણકય મુત્સદ્દીને ખબર ન હતી કે વાંકલદે તો દેવરાજની ધર્મભગિની હતી. એણે વીસ વર્ષ ઉપર મોકલેલી રાખડી એ આજ દી' સુધી માદળિયામાં પહેરે છે. 'દિષ્ટયા અગ્નાવેવ આહુતિ: પતિતા!' દેવરાજ કહે છે કે આ સફર તમે એની સાથે જઈ આવો. સુખેથી જાઓ!

देशे देशे किमपि कुतुकादद्भुतं लोकमाना:
संपाद्यैव दयितमतुलम्, सद्म भूयोप्यवाप्य।
संयुज्यन्ते सुचिरविरहोत्कण्ठि तैर्बन्धुभिर्ये,
सौख्यं धन्या: कमपि दधते सर्वसंपत्समृद्धा:॥'*

તમને આવતાં બે'ક વર્ષ થઈ જશે. ત્યારે આ શરીર ન પણ હોય. માટે કહું છું.

એક દહાડો તમે રાજ્ય કરશો. ત્યારે સ્મરણમાં રાખજો કે આર્તત્રાણાય વ: શસ્ત્રમ્, ન પ્રહર્તુમનાગસિ. હવે રાત બહુ ગઈ છે. કાલે તો તમે સફરે ઊપડો છો. જ્યારે આવો ત્યારે તમારું જ મોસાળ છે. અમને કશો સંદેહ નથી. આ સફર તમને અતિ પ્રિયકર નીવડશે.'

વાચસ્પતિ ચૂપ થઈ ગયા. અજયપાળે એમની ચરણરજ લીધી.

ખંડ ૧૫: વસમી વિદાય

'**રા**વળનાથ' રાયપુર બંદરની વિદાય લઈ રહ્યું હતું. એનું ખલ ધૂડ, ચોપડ અને રંગરોગાનથી દીપી ઊઠયું હતું; પીળી ધમક નવી આલાન લાસથી ચમકતી હતી. નવા સઢના વાઘા પહેરી પરમાણો જાણે ફૂલી રહ્યાં હતાં. પચાસ બડિયાત, ફરી ગોસે ઊપડતા હતા: ગોસ લાંબી હતી. ખંભાત, કોલાચલ, નેગુમ્બુ, મહાલદીવ, જાફનાપાટણ, નાગપત્તનમ્; પછી જાવા; ત્યાં એક વર્ષ, બાંધનાર કહે તે સફર અને ફરી ખંભાત; આસરે બે વર્ષનો ગોસ હતો.

બે ઘડી મોરો ગામ તરફ રાખી એણે હળવે હળવે દિશ ફેરવી અને (અનુ. પૃ. ૬૭મે)

(*દેશદેશમાં પ્રવાસ કરતાં, કૌતુકથી અનેક અદ્ભુત વસતિઓ જોતા, અતુલ પ્રિય વસ્તુ પ્રાપ્ત કરીને ફરી પોતાના વતનમાં પાછા આવતા, ને લાંબા કાળના વિયોગથી ઉત્કંઠ બનેલાં બંધુજનને ભેટતા, પ્રવાસીઓ સંપત્તિ તો મેળવે છે પણ સાથે અદ્ભુત સુખ પણ મેળવે છે.)

સુભાષિત

· અનુષ્ટુપ ·

निष्णातोऽपि च वेदान्ते साधुत्वं नैति दुर्जनः।
चिरं जलनिधौ मग्नो मैनाक इव मार्दवम्॥


(અનુવાદ)

દુષ્ટ છો હોય વેદાંતી, ન તેને સાધુતા વરે.
સદા સાગરમાં મગ્ન મૈનાક મૃદુતા ધરે?

[વિવરણ: કહેવાય છે કે પર્વતોને પહેલાં પાંખો હતી અને તે પાંખોનો ઇન્દ્રે નાશ કર્યો હતો. (આથી જ ઈન્દ્રનું નામ पक्षच्छिद् પડ્યું છે.) તે સમયે ભયકંપિત મૈનાક પર્વતે સમુદ્રનો આશરો લઈ પોતાની જાતને બચાવી લીધી. આ સુભાષિતમાં કવિએ મૈનાકનું સચોટ ઉદાહરણ ટાંકી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે, જેમ સતત પાણીમાં રહેવા છતાં પણ એ પર્વત જરા ય મૃદુ ન બન્યો તેમ કોઈ દુષ્ટજન ભલેને વેદાન્તનો ધુરંધર વિદ્વાન હોય તોપણ તે સજ્જન નથી બનતો. ભર્તૃહરિના એક સુભાષિતમાં પણ આ જ વાત સુંદર દૃષ્ટાંતથી સમજાવવામાં આવી છે: दुर्जन: परिहर्तव्यो विद्ययाऽलङ्कृतोऽपि सन्। मणिना भूषित: सर्प: किमसौ न भयङ्कर:॥ વિદ્યાથી શણગારાએલો હોય છતાં દુર્જન હમેશ માટે ત્યાગ કરવાયોગ્ય છે. મણિથી શોભતો એવો સર્પ શું ભયંકર નથી?

—ચંદ્રશંકર પંડયા]

ચિત્રોમાં રહસ્યકથા-૨: ઑફિસમાં ખૂન



જયદ્રથ એન્જનાઆરગ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર પ્રવીણચંદ્રની ઑફિસમાં કંઈ કામસર સેક્રેટરી આવ્યો ત્યારે એણે જોયું કે પ્રવીણચંદ્ર તો લોહીના ખાબોચિયામાં મરેલા પડ્યા હતા! જુનિયર ડિરેક્ટર રામલાલ અગત્યના કામે બહાર જવાથી ઑફિસે મોડા આવવાના હતા, એટલે સેક્રેટરીએ તુરત ઇન્સ્પેક્ટર દીક્ષિતને ફોન કરી બોલાવ્યા. ફોન મળ્યા પછી ટૂંક સમયમાં જ દીક્ષિતની ગાડી કંપનીને દરવાજે આવી ઊભી.

આવીને તપાસ કરતાં દીક્ષિતે જોયું કે કોઈ સખત વસ્તુના જોરદાર ફટકા વડે પ્રવીણચંદ્રનું ખૂન થયું લાગતું હતું. શબની બાજુમાં જ લોહીથી ખરડાએલો લોઢાનો એક પાટો પડ્યો હતો તે પણ તેણે તપાસી જોયો, પણ તેના પરથી આંગળાની કોઈ છાપ તેને ન મળી. વધુ તપાસમાં તેણે જોયું કે મરનારે પોતાના ટેબલ પરની યાદીમાં ૧૧ વાગ્યે કંપનીના એક ગ્રાહકને ફોન કર્યો હતો. સેક્રેટરીએ એમ પણ કહ્યું કે પ્રવીણચંદ્રે પોતાને એવું સૂચવી રાખેલું કે પોતે ઘણા અગત્યના કામમાં હોવાથી વચ્ચે એને ડખલ કરવી નહિ.



દીક્ષિતે પેલો લોઢાનો પાટો કારખાનાના ફોરમૅનને બતાવી જોયો. એણે કહ્યું કે 'અગિયારેક વાગ્યા પછી પ્રવીણચંદ્રે મારી પાસેથી નમૂના તરીકે આ પાટો કોઈને બતાવવા મંગાવેલો. એમણે કહ્યું કે એ અહીં મૂકતા જાઓ; નિર્ણય થયે ફરી તમને બોલાવીશ. એથી એ પાટો હું એમના ટેબલપર મૂકતો આવેલો.'

કંપનીના એકાઉન્ટન્ટ પાઠકને મળતાં તેણે જણાવ્યું કે 'પ્રવીણચંદ્ર મને કહેવડાવેલું કે તે કંઈ કામ અંગે મને ફોન કરીને બોલાવવાના હતા, પણ એમના તરફથી કંઈ ફોન આવ્યો નહોતો; ને સવારે ૧૦ વાગ્યે રાવળે આવીને ઑસ્પિટલ પર ફોન કર્યા બાદ મેં પોતે તો તે પછી ફોનને હાથ સુદ્ધાંનથી અડાડ્યો.'

રાવળ કંપનીનો એક કારકુન હતો. એની પત્ની બીમાર હોઈ એણે પાઠકની ઑફિસમાંથી ઑસ્પિટલે ફોન કર્યાનું કબૂલ કર્યું. પત્નીની બીમારીનો ભાર એના મન પર એટલો બધો હતો કે બાજુમાં પાઠકની ઑફિસમાં કોનો ફોન આવ્યો કે કોણ આવ્યું-ગયું તેનો તેને કંઈ ખયાલ જ ન હતો.

આટલી પૂછગાછ પૂરી થતાંમાં તો ડિરેક્ટર રામલાલ આવી પહોંચ્યા. તે તો આ કશાથી વાકેફ જ ન હતા. દીક્ષિતે તેમને બધી વાત કહીને ઉમેર્યું કે 'ખૂનીને મેં ઓળખી તો કાઢ્યો છે; માત્ર તમને એકબે વાત પૂછી લઉં એટલે મારી તપાસ પૂરી થશે ને તરત ખૂનીને હું ગિરફતાર કરીશ.'

ખૂનીને ઓળખી કાઢવા માટે દીક્ષિતને મળેલા મુદ્દા ઉપરનાં ચિત્રો અને વાર્તામાં જ છે. તમે એ ખોળી શકશો? જવાબ નીચે અવળો છાપ્યો છે.

તપાસની શરૂઆતમાં જ શબના ડાબા કાન પાછળ થએલા જીવલેણ ઘા પરથી દીક્ષિતે જોઈ લીધું કે ખૂની કોઈ ડાબેરી છે. શબ ઊંધે માથે પડેલું. કોઈ હુમલો પીઠ પાછળથી થયો હશે એ પણ સ્પષ્ટ હતું. વધુ તપાસમાં ફોરમનના જમણા કાન પર ભેરવેલી પેન્સિલ અને ફલાર્ક રાવળે જમણે હાથે પકડેલી કલમ પરથી તેઓ બંને તો ડાબેરી ન હોવાનું જણાયું. પણ ટેબલ પર ડાબી બાજુ પડેલી કલમ તથા સિગારેટ સળગાવવા ડાબે હાથે પકડેલા લાઈટર પરથી પાઠક ડાબેરી હોવાનું નક્કી થયું. વળી પ્રવીણચંદ્રની નોંધમાં પાઠકની મુલાકાત પર કરેલા ચેકા પરથી એમણે એને ફોન કરીને બોલાવ્યો જ હોવાની ખાતરી થતી હતી. છતાં પાઠક તો પોતે ફોનને હાથ જ ન અડકાડ્યાનું કહી જૂઠું બોલ્યો હતો. વળી, લોઢાના પાટા પર આંગળાની છાપ ન પડે એ માટે એણે રાખેલી તકેદારી પરથી અનુમાન થતું હતું કે પ્રવીણચંદ્રના ખૂનનો એનો ઇરાદો તો પહેલાંથી જ હોવો જોઈએ. સંભવ છે કે એણે પ્રવીણચંદ્રને ગૂંગળાવીને મારી નાખવા ધારેલા હોય, પણ ત્યાં ટેબલ પર પડેલો લોઢાનો પાટો જોઈ એણે પ્રવીણચંદ્રની પીઠ પાછળ એનો ઉપયોગ કરી પોતાનું કામ વધુ આસાનીથી પતાવ્યું હોય. અને છેવટે રામલાલ પાસેથી જાણવા મળ્યું કે પાઠકે કંપની સાથે કેટલીક ભયંકર ઠગાઈ કર્યાનો વહેમ હતો. એટલે તે ખુલ્લી પડી જવાના ભયે તેણે આ રાહ લીધો હોય.

માંદગીનાં મૂળ : ૧૪મો હપતો

પ્રોસ્ટેટ વ્યાધિ અને રક્તક્ષય

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વૃદ્ધોની સામાન્ય ફરિયાદોમાં થાક, ચક્કર, લોહીનું ઊંચું દબાણ, હૃદયરોગ ને અનિદ્રા છે. વૃદ્ધાવસ્થાની મર્યાદાઓથી આવતી નાસીપાસી અને નિરુત્સાહ, કૌટુંબિક જીવનમાં ફેરફારો ને આળસને લીધે આ ફરિયાદો કાં તો ઊભી થાય છે કે એમાં વધારો થાય છે.

ચક્કર આવવાનું એક કારણ બંધકોષ છે. એનું નિવારણ થતાં ચક્કર મટી જાય છે. પણ ચક્કર સાથે ઊબકા, ઊલટી અને માથાનો દુખાવો હોય તો તાત્કાલિક દાક્તરી સલાહ લેવી જોઈએ. માથાનો દુખાવો, ઝડપી નાડી, હૃદયના ધબકારા ને થાક આ બધાં જ વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો હોય કે લોહીનાં ઊંચા દબાણનાં કારણો પણ હોઈ શકે છે. વૃદ્ધત્વને લીધે ધમનીઓ કઠણ થઈ જવાથી લોહીનું દબાણ ઊંચું રહે છે. આ વખતે ખાનપાનમાં નિયમન સાથે મનની શાંતિ જળવાય તો ઘણી રાહત રહે છે. આળસુ, આતુર અને કુટુંબ સાથે મેળ વિનાના વૃદ્ધને અનિદ્રા સતાવે છે. યથાશક્તિ કામ કરનારા અને મનઃશાંતિ સાથે કૌટુંબિક મેળભર્યું જીવન વિતાવતા વૃદ્ધોને નિદ્રાનું સુખ મળે છે. જોકે વૃદ્ધાવસ્થામાં પાંચ-છ કલાકથી વધારે ઊંઘ નથી આવતી.


આ બધી સામાન્ય ફરિયાદો છે, પણ વૃદ્ધાવસ્થામાં ખાસ થઈ આવતો વ્યાધિ એ પ્રોસ્ટેટની વૃદ્ધિ છે.

પેઢાના પોલાણમાં મૂત્રાશયની કોથળીની અંદર મૂત્રનળીની શરૂઆત આગળ એને વીંટળાઈને પ્રોસ્ટેટગ્રંથિ આવેલી છે. ફક્ત પુરુષોને જ મળેલી આ ગ્રંથિ સોપારી જેવા ઘાટ અને કદની છે. આનો સ્રાવ પ્રજનન ક્રિયા માટે અતિ અગત્યનો છે. એ શુક્રકોષોને પોષણ, શક્તિ અને ગતિમયતા આપવા ઉપરાંત એનું મૂત્રનળીમાં વહન કરે છે. આવી ઉપયોગી પ્રોસ્ટેટગ્રંથિ જ્યારે કદમાં વધી પડે છે ત્યારે એના સ્થાનને લીધે પેશાબને બહાર નીકળવાનો માર્ગ બંધ થાય છે. આને લીધે ઊભી થતી ઉપાધિઓ આરોગ્યને અને ક્વચિત્ જીવનને હણનારી નીવડે છે.

પ્રોસ્ટેટનો સામાન્ય વ્યાધિ પ્રોસ્ટેટાઈટિસ (એટલે કે પ્રોસ્ટેટનો સોજો) છે. સ્ટ્રેપ્ટો કોકસ, કોલન બૅસિલસ કે પરમીઆના જીવાણુઓના ચેપથી આ સોજો થઈ આવે છે. સડેલા દાંતનું કે ચેપાળ ગોળિયાનું ઝેર પણ લોહી કે લસી દ્વારા પ્રોસ્ટેટમાં જઈ ત્યાં સોજો આણે છે. કોઈ પણ વયે ને મોટા ભાગે જુવાનીમાં થઈ આવતા આ વ્યાધિ વખતે રાતના વારંવાર પેશાબની હાજત, કમરમાં દુખાવો અને બેચેની, પેશાબમાં વેદના ને બળતરા ને પૂરો પેશાબ ન થવાનાં ચિહ્નો હોય છે. આ વખતે શુક્રકોષોને પોષણ મળતું બંધ થવાથી કામચલાઉ વંધ્યત્વ આવી પડે છે, જે ગ્રંથિનો સોજો ઊતર્યા બાદ મટી જાય છે.

પ્રોસ્ટેટનો ચેપ દૂરગામી અસરો ઉપજાવે છે. તે લોહીમાં ભળી સાંધાઓ, હાડકાં, માંસપેશીઓ અને આંખમાં રોગ આણે છે. કેટલાક અગમ્ય રોગોનું કારણ શોધવા દાક્તરો પ્રોસ્ટેટના ચેપની હકીકત પણ ધ્યાનમાં રાખે છે. એ ચેપ દૂર કરવા માટે જે સચોટ દવાઓ મળે છે, તે સાથે સાદો વ્યાયામ અને સમતોલ આહાર સાથે પુષ્કળ પાણી પીવાથી આરોગ્ય સુધરીને રોગ જલદી મટે છે.

સાઠથી સિત્તેર વર્ષની વયે પ્રોસ્ટેટમાં વૃદ્ધત્વની વૃદ્ધિ થાય છે. એ થવાનાં કારણો હજુ સમજાયાં નથી, પણ દર દસ માણસે ત્રણ જણને પીડતો આ વ્યાધિ સંસારી ને સાધુ, મૂત્રમાર્ગના રોગી કે અરોગી, લંપટી કે સદાચારી, સૌકોઈને થઈ આવે છે. પ્રોસ્ટેટ કદમાં વધવાથી



પ્રોસ્ટેટ ગ્રંથિ–અષ્ઠિલા ગ્રંથિનું સ્થાન દર્શાવતું આલેખન

પેશાબ કરવામાં તકલીફ ઊભી થાય છે, પૂરેપૂરો પેશાબ થતો નથી ને વારંવાર પેશાબ કરવાની ઇચ્છા થાય છે. દર વખતે પૂરતી હાજતથી પેશાબ કરવા માટે દર્દી વ્યર્થ ને વેદનાભર્યો પ્રયાસ કરે છે. આ માટે કાં તો તે સીધો ઊભો રહે છે કે કાં તો કેડમાંથી વાંકો વળે છે. મૂત્રાશયમાં પેશાબ જમા થાય છે, જેનાથી લાંબા ગાળે ગુરદાને નુકસાન પહોંચે છે. રાતના સમયે જાણ થયા વગર પેશાબ ટપક્યા કરે છે. ઠંડી ઋતુમાં થતી વારંવાર પેશાબની હાજત દર્દીને થકવનારી નીવડે છે.

આ વ્યાધિનો એકમાત્ર ઉપાય ઑપરેશનથી એ ગ્રંથિ કઢાવવાનો છે.

પ્રોસ્ટેટની વૃદ્ધિ સાથે એમાં કૅન્સરનો રોગ પણ થઈ આવે છે. પચાસ વર્ષની અંદર જવલ્લે જ થઈ આવતો આ રોગ એ વય પછીના દાયકામાં વધુ થાય છે. વધેલી ગાંઠમાં કૅન્સરનું પ્રમાણ દસ ટકા જેટલું માલૂમ પડ્યું છે. આ રોગ ધીમેધીમે વધે છે. અગાઉ આ વ્યાધિ માટે ઑપરેશન શ્રેષ્ઠ ઉપાય હતો. હવે તો સ્ત્રીની બીજગ્રંથિનો ઇસ્ટ્રીન સ્રાવ દવા રૂપે (સ્ટીલ્બેસ્ટેરોલની ગોળીઓ) વાપરવાથી ફાયદો થાય છે.

વૃદ્ધાવસ્થા સુખરૂપ ગાળવા માટે પચાસ-પંચાવનની વયે પહોંચેલા માણસોએ દાક્તર પાસે શારીરિક તપાસ કરાવવી જોઇએ. ગુદા વાટે પ્રોસ્ટેટની તપાસ અને બીજી તપાસ કરાવડાવી મળેલાં સલાહ-સૂચનો અમલમાં મૂકવાં હિતાવહ છે.

રક્તક્ષય

'તમારા શરીરમાં લોહી નથી; લોહી ઘટી ગયું છે; લોહીનું પાણી થઈ ગયું છે' વગેરે રીતે દાક્તરો તરફથી અપાતી રોગની સમજાવટ રોગીઓ માટે નવી નથી. આ સાંભળીને 'શરીર તો આટલું જાડું છે' એવા રોગીઓના આશ્ચર્યજનક ઉદ્‌ગાર પણ દાક્તરો માટે રોજના છે. દાક્તરો રોગીઓને રક્તક્ષયનો સારઆહી ખયાલ આપવા માગે છે, પણ રોગીઓની સમજમાં કશું આવતું નથી.

ત્યારે રક્તક્ષય એટલે શું? ઍનીમિયા (Anœmia) નામથી વધુ જાણીતી શરીરની આ રોગિષ્ટ દશા સૂચવે છે લોહીના લાલ કણોના પ્રમાણ કે જાતમાં આવેલી ઊણપ. ઍનીમિયા એટલે હિમોગ્લોબિનના

પ્રમાણની કે લાલ કણોની સંખ્યાની ઊણપ. શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં લાલ કણો 'દલાલ' જેવા છે. તે ફેફસાંમાંથી પ્રાણવાયુ લઈ પેશીઓને આપે છે. લાલ કણોનું કામ શરીરની બધી પેશીઓને પ્રાણવાયુ આપવાનું છે. જીવન ટકાવવાની બધી ક્રિયાઓ માટે પ્રાણવાયુની આવશ્યકતા છે. લાલ કણોની સંખ્યામાં અગર તો પ્રાણવાયુ લઈ જવાની એમની શક્તિમાં આવેલો ઘટાડો શરીરવ્યાપી માઠી અસરો ઊભી કરે છે.


બાળપણમાં શરીરનાં બધાં હાડકાંના માવામાંથી લાલ કણો પેદા થાય છે. પણ પુખ્ત વયે ફક્ત ઘણાં હાડકાંના માવામાંથી તે બને છે. લાલ કણો લોહીમાં ફરતાં રહી માત્ર પચ્ચીસ દિવસ સુધી જીવે છે. માટે દરેક મિનિટે અબજોની સંખ્યામાં તેમનું ઉત્પાદન થયા કરે છે. ઘસાઈ ગએલા કણો બરોળમાં જાય છે. ત્યાં એમાંનું લોહ ખેંચી લેવામાં આવે છે, જે નવા કણોમાં વપરાય છે. જ્યારે હાડકાંના માવામાં બગાડો થાય યા લાલ કણોનું ઉત્પાદન ઘટે કે લાલ કણોના ઉત્પાદન માટેનાં જરૂરી દ્રવ્યો ખૂટે ત્યારે લાલ કણોની સંખ્યા ઘટે છે. આમ થાય ત્યારે રક્તક્ષય(ઍનીમિયા)ની સ્થિતિ આવી પડે છે. લાલ કણોનું ઉત્પાદન બરાબર થતું હોય તો પણ લોહીના વહી જવાથી એમનો ઝડપી નાશ થાય ત્યારે પણ રક્તક્ષય થાય છે. રક્તક્ષય એ રોગ નથી પણ રોગનું માત્ર ચિહ્ન છે ને રોગનાં બીજા કારણોનું પરિણામ કે સાથીદાર છે.

લોહીને લાલ રંગ આપનાર હેમોગ્લોબિન છે. લાલ શાહીના લાલરંગની જેમ હેમોગ્લોબિન લોહીને લાલ નથી બનાવતું. હેમોગ્લોબિન લોહીમાં ફરતું પણ નથી. તે તો લાલ કણોમાં સંઘરાએલું છે. બરોર લોહીમાં એનું પ્રમાણ છ ઔંસથી માંડી ઓછામાં ઓછું પાંચ ઔંસ જેટલું હોય છે. નાની ટાંકણીના માથા જેવડા લોહીના ટીપામાં (એક ક્યુબિક મિલિમીટરમાં) લાલ કણોની સંખ્યા પચાસ લાખની છે. આનું પ્રમાણ જોકે વ્યક્તિગત, યા વ્યક્તિની ઉમર ને જાતિઅનુસાર ઓછું કે વત્તું રહે છે ખરું. સ્ત્રીઓમાં તેના પ્રમાણની સંખ્યા પિસ્તાલીસ લાખની છે. સૂક્ષ્મદર્શકયંત્ર નીચે લોહીના બુંદમાં લાલ કણોની સંખ્યા અને હેમોગ્લોબિનનું પ્રમાણ જોવાથી ઍનીમિયાની સ્થિતિની પરખ થાય છે:

ઍનીમિયા બે કારણોસર થાય છે. લાલ કણોની સંખ્યાનો ઘટાડો એ એક કારણ. જો એ સંખ્યા પૂરતી હોય પણ દરેક કણમાં હેમોગ્લોબિન ઓછું હોય તો એ બીજું કારણ. ઓછા હેમોગ્લોબિનને લીધે લાલ કણ ફિક્કો બને છે. આ થવાનું કારણ લોહની ખોટ છે. ખોરાકમાંથી આવશ્યક લોહ ન મળવાથી પૂરતું હેમોગ્લોબિન બનતું નથી. આથી લાલ કણમાં લોહ અને હેમોગ્લોબિન ઓછું પડવાને લીધે રક્તક્ષયની સ્થિતિ ઊભી થાય છે. આ ઍનીમિયાને હાઇપોક્રોમિક કે માઇક્રોસાયેટિક નામથી ઓળખવામાં આવે છે. ઍનીમિયાનો બીજો પ્રકાર હાઈપરક્રોમિક કે મૅક્રોસાઇટિક નામનો છે. એમાં લાલ કણોની સંખ્યા ઘટે છે. જોકે દરેક કણમાં હેમોગ્લોબિનનું પ્રમાણ વધુ હોય છે. લોહીના બુંદમાં લાલ કણોની સંખ્યા અને હેમોગ્લોબિનનું પ્રમાણ જાણવાથી બંને પ્રકારના ઍનીમિયાની પરખ થાય છે.

હેમોગ્લોબિન કે લાલ કણોનું પ્રમાણ ઘટીને સિત્તેર ટકા જેટલું થાય ત્યારે ઍનીમિયા થયો ગણાય છે. સગર્ભાવસ્થામાં આ મર્યાદા ચોસઠ ટકાની છે. ઍનીમિયાનાં ચિહ્નોમાં અશક્તિ, થાક, ભૂખનાશ, ચક્કર, ગભરામણ, હૃદયના થડકારા, હાંફ ચડવી, ઝીણો તાવ, શરીરમાં દુખાવો, મોઢું અને ગળું આવવું, ગળવામાં મુશ્કેલી વગેરે છે. રોગી ચાલે ત્યારે હાંફ ચક્કર અને ગભરામણ આવે છે. ચહેરો નખ અને નીચલી પાંપણની આંતરત્વચા ફિક્કાં દેખાય છે.

લોહીની બનાવટ માટે આહારમાં લોહની જરૂર છે. પણ પુખ્તવય થયા બાદ એની જરૂરિયાત થોડી રહે છે, એનું એ જ લોહ વારંવાર



આહારમાંથી લોહીના લાલ કણ બનવા સુધીની ક્રિયા

વપરાયા કરે છે. પરંતુ સ્ત્રીઓમાં રજોદર્શન ને ગર્ભાવસ્થાના કારણે લોહના જથ્થામાં ખોટ આવી પડે છે. લોહની અછતવાળો ખોરાક ખાવાથી પુરુષમાં ઍનીમિયા થતાં ઘણાં મહિના વીતે છે. છતાં ય પુરુષોમાં હાઇપોક્રોમિક એટલેકે લોહની ઊણપવાળો ઍનીમિયા થાય છે ખરો. આ થવાનાં કારણોમાં શરીરમાં ચેપ અને હરસ કે હોજરીના ચાંદાને લીધે વહી જતું લોહી છે. ચેપમાં મરડો, મૅલેરિયા, ક્ષય અને બીજા તાવો આવી જાય છે. ધાવણાં અને બહારના દૂધ પર નભતાં બાળકોને પણ લોહની ઊણપવાળો ઍનીમિયા થઈ આવે છે. આ સ્થિતિ માટે લોહ ઉત્તમ દવા છે. સાથે ઍનીમિયા આણનાર મૂળ કારણનો ઉપચાર પણ થવો જોઈએ. બીજા આહાર કરતાં ઘઉં અને દૂધનો આહાર ઝડપી લોહી આણનારો સાબિત થયો છે.

હવે દુષ્ટ પાંડુ (પર્નીશિયસ ઍનીમિયા) વિષે. આ હાઈપરક્રૉમિક કે મૅક્રોસાઈટિક ઍનીમિયા છે. આમાં લાલ કણોની સંખ્યા ઘટે છે. સમશીતોષ્ણ પ્રદેશોમાં થઈ આવતો આ રોગ પરંપરાગત ઊતરી આવતો અને પ્રૌઢ વયની સ્ત્રીઓમાં સામાન્ય છે. આ રોગ વખતે વજન નથી ઘટતું, પણ ચામડીનો વર્ણ પાકા લીંબુ જેવો પીળાશપડતો થાય છે; જીભ લાલચોળ અને આળી બને છે; ભૂખ લાગતી નથી; હોજરીમાં હાઇડ્રોક્લોરિક ઍસિડ પેદા થતો નથી. રોગ આગળ વધતાં જ્ઞાનતંત્ર પર માઠી અસર થઈ ક્વચિત પક્ષાઘાત પણ થઈ આવે છે.

લાલ કણો પેદા થવા માટે આહારમાં પ્રોટીન,ચરબી,કાર્બોહાઇડ્રેટ, ક્ષારો, વિટામિનો અને પાણી આવશ્યક છે. લાલ કણોના વિકાસ માટે હોજરીમાં પેદા થતું ઇરિથ્રોસાઇટ મૅચ્યોરિંગ ફૅક્ટર છે, તે ખોરાકના વિટામિન બી ૧૨ તત્ત્વની ક્રિયા જઠરરસના કોક ઘટક સાથે થવાથી પેદા થાય છે. ખોરાકમાંનું તત્ત્વ એ 'બહારનું ઘટક' (Extrinsic factor) છે, જઠરરસનું ઘટક 'આંતરિક ઘટક' (Intrinsic factor) છે. આ બંને મળી બનેલું 'પી. એ. ઘટક' કલેજામાં સંઘરાય છે. આ ઘટકથી હાડકાંના માવાને લાલ કણો ઉત્પન્ન કરવાની ઉત્તેજના મળે છે. ઉપરના ત્રણે ઘટકોમાં ખામી આવવાથી દુષ્ટ પાંડુ થઇ આવે છે.

દુષ્ટ પાંડુના ઉપચારમાં લોહ નકામું છે. એના ઉપર તો લિવર એક્સ્ટ્રૅક્ટ અને વિટામિન બી-૧૨નાં ઇન્જેક્શન રામબાણ નીવડે છે.

સંગ્રહણીમાં આંતરડાં ઘોવાઇ જવા(atrophied)થી ઇરિથ્રોસાઇટ મૅચ્યોરિંગ ફૅક્ટરના શોષાવાથી ઍનીમિયા થાય છે. વળી આહારની ઊણપથી ને કલેજાના કેટલાક રોગોમાં ઇરિથ્રોસાઇટ મૅચ્યોરિંગ ફૅક્ટરની અવ્યવસ્થાથી પણ ઍનીમિયા થાય છે જે લિવર એક્સ્ટ્રૅક્ટ, ફૉલિક ઍસિડ અને વિટામિન બી-૧૨થી મટી જાય છે.

ઍપ્લાસ્ટિક ઍનીમિયામાં ખોરાક સારો હોવા છતાં યે હાડકાંનો માવો એવો બગડે છે કે એમાંથી નવા લાલ કણો નીપજતા નથી. બેન્ઝીન, ટી. એન. ટી. વગેરે ઉદ્યોગમાં કામ કરનારા અને રેડિયો ઍક્ટિવિટી તથા એક્સ-રેનાં કિરણોનો વધુ ભોગ બનનારાઓ આનાથી પીડાય છે. આમાં લોહ કે લિવર એક્સ્ટ્રૅક્ટ નહિ પણ હાડકાંનો માવો કામ કરતો થાય ત્યાં સુધી રોગીને લોહી આપવાથી તે જીવતો રહે છે.

કૅન્સર વખતે પણ ઍનીમિયા થઇ આવે છે. હાડકાંનો માવો કૅન્સરથી ભરાઈ જાય કે કૅન્સરનું ઝેર માવાને બગાડતાં ઍનીમિયા આવી પડે છે. ગર્ભના વિકાસમાં લોહી વપરાતું હોવાથી સગર્ભાવસ્થામાં સ્ત્રીઓને ઍનીમિયા થઈ આવે છે. આ નિવારવા માટે સમતોલ ખોરાકની જરૂર છે. શુદ્ધ હવા અને સાધારણ કસરત સહાયકારી નીવડે છે.

અત્યારે રક્તક્ષય માટે ઉપયોગી ઘણી પેટંટ દવાઓ મળે છે, પણ રોગીએ આપમેળે દવા વાપરવી જોઇએ નહિ. આપણે જોઇ ગયા કે દુષ્ટ પાંડુવાળાને લોહ આપવું નિરર્થક છે. એ વખતે લોહ ને લિવરયુક્ત દવાઓ લેવાથી લોહની પરીક્ષા વેળા રોગનું નિદાન અશક્ય બને છે. અભ્યાસ અને સંશોધન દ્વારા દુષ્ટ પાંડુ જેવા રોગો પર અત્યારે વિજય શક્ય બન્યો છે. વૈદક જેમ વધુ શાસ્ત્રીય બને છે તેમ ઇતર જનને આપમેળે દવાઓ વાપરવામાં સફળતા મળવી શક્ય નથી.



ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર (૧૯૪૫) યશોધર મહેતા ('૪૬) રાજેન્દ્ર શાહ (૧૯૪૭) બાલમુકુંદ દવે (૧૯૪૮) નિરંજન ભગત ('૪૯)



વાસુદેવ ભટ્ટ (૧૯૫૦) બકુલ ત્રિપાઠી('૫૧) શિવકુમાર જોષી('૫૨) અશોક હર્ષ(૧૯૫૩) ડૉ. શિવપ્રસાદ(૧૯૫૪)



અને હવે ઈ. ૧૯૫૫નો 'કુમાર-ચન્દ્રક' ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહને

તેમની લેખમાળા 'ગુજરાતનાં પ્રાચીન શિલ્પો' માટે આપવાનું નિર્ણાયક સમિતિએ ઠરાવ્યું છે. અમે તેમને અભિનંદન આપીએ છીએ, અને સમિતિ(પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રા. અનંતરાય રાવળ અને પ્રા. યશવંત શુક્લ)નો આભાર માનીએ છીએ.

'કુમાર'નું નવલિકા-નાટિકા પારિતોષિક

'કુમાર'માં વર્ષ દરમ્યાન આવેલી નવલિકા–નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને અપાતું રૂપિયા ત્રીસનું પારિતોષિક ઈ. ૧૯૫૫ના વર્ષ માટે બે નાટિકા-લેખકો વચ્ચે વહેંચવાનું તેના નિર્ણાયક પ્રા. અનંતરાય રાવળે ઠરાવ્યું છે:

શ્રી પ્રબોધ જોષીને 'માફ કરજો, આ નાટક નહિ ભજવાય' માટે અને

શ્રી તારક મહેતાને 'ધોબીનો કૂતરો' તથા 'આડંબરી' બે નાટિકાઓ માટે

એ બંને ભાઇઓને અમે અભિનંદન આપીએ છીએ, અને પ્રા. અનંતરાય રાવળનો આભાર માનીએ છીએ.

પચ્ચીસ વર્ષ પહેલાં



મહા ૧૯૮૭
અંક ૮૬

'હિંદનાં શિલ્પ-સ્થાપત્ય' એ નામની આ અંકથી શરૂ થતી લેખમાળામાં ડૉ. હરિપ્રસાદે પોતે ભારતનાં પ્રાચીન અને અર્વાચીન શિલ્પ-સ્થાપત્યમાંથી જે જ્ઞાન અને આનંદનું રસ-પાન કર્યું તે આલેખ્યું હતું. ડૉ. હરિપ્રસાદની લખાવટમાં હમેશાં સામાન્ય જનતાનું દૃષ્ટિબિન્દુ બરાબર રજૂ થતું. આ લેખમાળામાં તેઓએ કળામીમાંસક કે ઉપાસક તરીકે નહિ, પણ સ્વપ્રયાસ ને સ્વાનુભવજન્ય ઊર્મિઓ દ્વારા કળાનાં પ્રતિબિંબ મનુષ્યના ચિત્તમાં કેવાં પડે છે તેનો હૂબહૂ ખયાલ આપ્યો હતો. તેમના લેખોથી એક વાત સ્પષ્ટ થાય છે કે કળાનો રસ માણવાને લાગણીમય હૃદય ને નિખાલસતા હોય તો કળા કોઈ અગમ્ય કે અભેદ્ય તત્ત્વ નથી. કુદરતની પેઠે જ કળા સૌ-કોઈને સુખશાંતિનો આસ્વાદ કરાવી શકે છે.

"કર્ણે એક વરદાન માગ્યું હતું કે મને કુંવારી જમીનમાં અગ્નિદાહ દેજો. પરંતુ એક મૃત શરીર રહી શકે એટલી પણ જમીન કુંવારી (એટલે જેના પર કોઈની રાજ્યસત્તા ચાલી ન હોય એવી) મળી નહોતી. એ જ રીતે હિંદમાં ભાગ્યે જ કોઇ પ્રાંત એવો હશે કે જ્યાં ભૂતકાળની સંસ્કૃતિના અવશેષો નીકળ્યા ન હોય.


ઇતિહાસ લખાયો છે તેના યે પૂર્વે યુગોમાં પૃથ્વી પર ઘણી સંસ્કૃતિઓ ને રાજ્યો થઈ ગયાં છે! આર્ય પ્રજા હિંદમાં ક્યારે આવી તેની ચોક્કસ ખબર હજી શોધકોને પડી નથી. ૩૦૦૦ કે બહુબહુ તો ૫૦૦૦ વર્ષથી વધુ ઊંડી, ઇતિહાસવેત્તાઓની નજર, પ્રમાણભૂત એવી ખાતરીથી જઈ શકતી નથી.

'સિંધુ' નદીને કિનારે રહેતી પ્રજા 'હિંદુ' કહેવાઇ એ વાત પ્રસિદ્ધ છે. સિંધુને કિનારે આર્ય પ્રજા રહેતી થઈ તે પહેલાં પણ ત્યાં આર્ય પહેલાંની કોઈ સુધરેલી પ્રજા રહેતી હતી.

'મોહેં-જો-ડેરો' અને 'હરપ્પા' પાસે થઈ સિંધુ એક સમયે વહેતી હતી તે સમયનાં તેના કિનારા ઉપરનાં પ્રાચીન શહેરોના અવશેષો હમણાં જ જડ્યા છે. એમાંથી ઈ. સ. પૂર્વે ૩૦૦૦ એટલે આજથી ૫૦૦૦ વર્ષની ચોક્કસ ખબર મળી છે. એમ લાગે છે કે એ પ્રજા દ્રવિડ હોય, અથવા તેથી પણ પહેલાંની હોય. દસ્યુ નામે આર્ય પ્રજા જેમને ઓળખતી તે આ પ્રજા હશે. એ ચિત્રલિપિમાં લખવાની કળા જાણતી અને આસીરિયા તથા ઇજિપ્ત સાથે એનો સબંધ હોય એમ લાગે છે.

આ સ્થાનોની મૂળ શોધ કરનાર સ્વ. રાખાલદાસ બંદ્યોપાધ્યાય અમને દાર્જિલિંગમાં મળ્યા હતા. એમણે હરપ્પા ને મોહેં-જો-ડેરોના અવશેષો (વાસણ, ઘરેણાં, હથિયાર, રાચરચીલાં) ખૂબ પ્રમાણમાં એકઠાં કર્યાં હતાં. મુંબાઈ ઇલાકામાં જ એ સ્થળ આવેલું હોવાથી તે મુંબાઈના સંગ્રહસ્થાનમાં મૂકવા એમણે માગણી કરેલી. પણ પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમના સંચાલકોએ 'અમારે ત્યાં જગ્યા નથી' કહી, આવો અમૂલ્ય સંગ્રહ લેવાની ના પાડી!

આપણાં એ જૂનામાં જૂનાં સ્મૃતિચિહ્નો. એ પરથી ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષો પરની હિંદની સ્થિતિનો ખયાલ આવે છે. ત્યાર પછી ૨૭૦૦ વર્ષનો ગાળો પડે છે, અને છેક ઈ.સ. પૂર્વે ૩૦૦ની સાલ પર આપણે આવવું પડે છે. ભોપાળ પાસે આવેલા સાંચી અને ભારહુતના સ્તૂપો, એ સમયની બૌદ્ધ ધર્મની જાહોજલાલીનો ખયાલ આપે છે. મોહેં-જો-ડેરોના અવશેષો અને સાંચીના સ્તૂપની વચ્ચેની ઇતિહાસની સાંકળના અંકોડા હાથ લાગ્યા નથી. અશોકના શિલાલેખો, તક્ષશિલા, નાલંદ તથા પાટલીપુત્ર, એ બધાં લગભગ સાંચીની આસપાસના સમયનાં છે.




આજથી ૫૦૦૦ વર્ષ પહેલાનું મોહં-જો ડેરોનાં ખંડિયેરોમાંથી મળેલું દ્રવિડ સંસ્કૃતિનું એક શિલ્પ




સાચીના સ્તૂપ તથા તેના ચોતરફ આવેલા ચાર તોરણ દ્વારનો ખયાલ આપતું દૃશ્ય (જુઓ તોરણદ્વારનું મોટું ચિત્ર)

નીચે: સાંચી કરતાં પણ સો વરસ પુરાણા (ઈ.પૂર્વે બીજી સદીના) ભારહુતના સ્તૂપના એક ભારકર્યનો નમૂનો, જેમાં ભગવાન બુદ્ધના જન્મસ્થાન કપિલવસ્તુ નગરની સ્થાપનાની કથા કોતરેલી છે. દેશવટો ભોગવતા ચાર રાજકુમારો કપિલમુનિના આશ્રમની જગ્યા પોતાના ભાવિ પાટનગર માટે પસંદ કરે છે ને તે આપવા મુનિને વીનવે છે, અને મુનિ તે વિનંતિ માન્ય રાખે છે એ પ્રસંગનું એમાં આલેખન છે.



સાંચીના સ્તૂપની ચારે દિશાએ આવેલાં ચારે તોરણદ્વારના પાટડા તથા નીચેના સ્તંભો સુંદર (જે ચિત્રમાં દેખાતા નથી) આદિ, કોતરકામથી ખીચોખીચ ભરેલા છે, જેમાં ભગવાન બુદ્ધના પૂર્વજન્મની જાતક કથાઓ તથા બુદ્ધજીવનના પ્રસંગો ઉપરાંત મંગલ પ્રતીકો કોતરેલાં છે.



સાંચીના મુખ્ય સ્તૂપનું ઉત્તર દિશા તરફનું તોરણ: મથાળે મધ્યમાં ચાર હાથીઓની પીઠ પર ટેકવેલું મોટું ધર્મચક્ર હતું, જેના માત્ર ડાબી તરફનો અર્ધવર્તુલાકાર ટુકડો જ અત્યારે દેખાય છે. તેની બે બાજુએ બે યક્ષો, તે પછી એકએક 'ત્રિરત્ન'નું સુશોભન, અને બંને છેડે પાંખાળા સિંહ બેસાડેલા છે. ત્રણે પાટડાઓમાં ભગવાન બુદ્ધના જીવન પ્રસંગોના તથા પૂર્વભવનાં કથાનકો કોતરેલાં છે. પાટડાઓ અને સ્તંભના મિલન-સ્થાનની ચોરસ તકતીઓમાં મંગલ પ્રતીકો અને સુશોભનો કોતરેલાં છે, જેના ઉદાહરણરૂપ, વચલા ને નીચલા પાટડાની વચ્ચેના ભાગની ડાબી તરફની તકતીમાં બે હાથીઓથી અભિષિક્ત કમલાસના લક્ષ્મીની પ્રતિમા સ્પષ્ટ છે. પાટડાના છેડા પર બેસાડેલા સિંહ, વચ્ચેના ગાળાઓ-માંના હાથી, અશ્વારોહીઓ, એકબીજાને પીઠેથી જોઈ રહેલા મોરની મનોરમ શોભન-રચના વગેરે ધ્યાનપાત્ર છે. તોરણની નીચલી પાટડીમાં ભગવાન બુદ્ધના એક પૂર્વ ભવનું 'વિશ્વાંતર જાતક' કોતરેલું છે, જેની કથા એવી છે કે ભગવાન એક જન્મે વિશ્વાંતર નામના ઉદારચિત્ત રાજકુમાર હતા. અસાધારણ ઉદારતાથી પોતાની મિલકત બધી દાનમાં આપી દેવાને કારણે એમના પિતાએ એમને દેશવટો દેવાથી જંગલમાં વનવાસે રહેતા કુમાર તથા તેમની રાણી અને બે બાળકો એ પાટડીના બહારના છેડામાં દર્શાવ્યાં છે. ત્યાંથી પછી વાર્તા વચલા ભાગમાં આગળ ચાલે છે. ઉપરના ચિત્રમાં એનું કદ નાનું હોઈ તે અસ્પષ્ટ છે, પણ કોતરણીની સંમૃદ્ધિનો ખ્યાલ તો આપી રહે છે. આજથી બે હજાર વર્ષ પહેલાં માત્ર લાકડા અને હાથીદાંતમાં કોતરકામ થતું. તે પછી સૌ પહેલું પથ્થરમાં શિલ્પ થવા માંડયું તે કાળની આ કોતરણી હોવાનું કલાકોવિદો માને છે.

સાંચીમાં ઈ. સ. પૂર્વે ૩૦૦થી ઈ. સ. ૪૦૦ સુધીનાં—એટલે કે ૭૦૦ વર્ષના ગાળાનાં શિલ્પકળાનાં ઉત્તમ કામોના નમૂના છે. સ્તૂપોની આસપાસ ચારચાર દરવાજા છે અને એને ફરતી પથ્થરની પાળ છે. દરવાજાઓ ઉપર ભગવાન બુદ્ધના જીવનને લગતા પ્રસંગો કોતરી કાઢ્યા છે. અને બુદ્ધના પૂર્વજીવનની–જાતકમાળાની–કથાઓ હારબંધ પથ્થર પર ભાસ્કર્યમાં (અરધી ઊપસેલી)કોતરેલી છે. મહારાજા અશોકનું યાત્રાએ આવવું, દૂરદૂરના મહારાજાઓનાં સરઘસ, માયાદેવીનો પ્રસવ, બુદ્ધનો ગૃહત્યાગ, એમના નિર્વાણનો દેખાવ, ભગવાન બુદ્ધના અવસાન–અવશેષની રાખ માટે થએલી લડાઈ ઇત્યાદિ પ્રસંગો બહુ કુશળતાથી કોતરેલા છે. ત્યાં કમળ અને હાથીઓ પણ ખૂબ છે; ને સૌથી સરસ કોતરણી તો વિદિશા નગરીના હાથીદાંત પર કોતરણી કરનારાઓએ જે ભાગ કોતરી આપ્યા છે તે છે. એઓ રૂપકામ કરનારા કહેવાતા.

સ્તૂપની પાસે જ અશોકનો સિંહોવાળો કીર્તિસ્તંભ પડયો છે અને એની પાછળ મઠ તથા વિહારનાં ખંડેરો છે. અશોકનો એક એવો જ સ્તંભ અલ્લાહાબાદમાં ત્રિવેણીસંગમ પર કિલ્લામાં સારી હાલતમાં છે. યાત્રા અર્થે જનારે પણ જરૂર એ જોવો જોઈએ.

હિંદે ચિત્રવિદ્યામાં જગતને જેમ અજંટાની ભેટ ધરી છે તેમ પ્રાચીન કાળની શિલ્પવિદ્યાની ભેટ સાંચી મારફતે એણે આપી છે. સાંચીની સુરુચિ, શાસ્ત્રીય આવડત ને ભક્તિભાવ અપાર છે. ત્યાંની ધ્યાની બુદ્ધની મૂર્તિ જ માત્ર ગુપ્ત સમયનો અનુપમ વારસો ગણી શકાય. એ જ સમયની એવી મૂર્તિ ગયામાં બોધિવૃક્ષ તળે પવિત્ર પીપળા નીચે બેઠેલી છે.

ગૌતમ ગૃહત્યાગ કરે છે એ વખતનાં શિલ્પ ત્યાં છે. એના ઘોડાનાં પગલાં કોઇ સાંભળે નહિ માટે દેવો પોતાના હાથ પર એ પગલાં

ઝીલી લેતા એમાં બતાવ્યા છે! એ પોતાના વાળ કાપી નાખે છે તે વાળ સ્વર્ગમાં લઈ જવા એક દેવ આવેલા છે. પછી જ્યારે ગૌતમ દેહ-કષ્ટ કરે છે તેનો દેખાવ પણ કોતરેલો છે. કર્મના નિયમની એ શોધ કરે છે અને દુઃખમાંથી મુક્ત થવાનો સાચો માર્ગ કર્મના વિષયો પર કાબૂ મેળવવાનો છે એમ એને જ્યારે સૂઝે છે ત્યારે એની ખાતરી થાય છે કે દુઃખના નિવારણનો ખરો માર્ગ મને જડયો છે. પરંતુ આ શોધતાં એને આઠ વર્ષ લાગે છે. જ્યારે ખરી વસ્તુસ્થિતિ એને સમજવાની તૈયારી થાય છે તે વખતે બૌદ્ધ ધર્મનો શેતાન—માર એને લલચાવવા આવ્યો છે એવી કથા છે. દેહના દોષો એને સતાવે છે, પાપવાસનાઓ એને ઘેરી વળે છે, એનાં પણ આલંકારિક ભાસ્કર્ય સાંચીનાં પથ્થરનાં તોરણો પર કોતરેલાં છે. લોભ, કામ, મોહ, ભોગવિલાસની તૃષ્ણાઓ ઇત્યાદિ—મારની એ આખી સેના—જાણે સ્ત્રીઓ બનીને બુદ્ધને પોતાના નિશ્ચયમાંથી ડગાવવા એને ઘેરી વળે છે. મતલબ કે ધર્મ-ચક્રપરિવર્તન કરવા પોતે જીવનભરનો સંન્યાસ લઈ જનસમાજમાં પરિવ્રજ્યા કરી પ્રચલિત વહેમો અને ખોટી માન્યતાઓમાંથી લોકોને ખરો માર્ગ દર્શાવવા નિશ્ચય કરે છે તે વખતે સંસારના ભોગવિલાસ એને સાંભરે છે, પરંતુ બહુ દૃઢતાથી એ બધાં પ્રલોભનોને તે દૂર કરે છે અને મારને હારીને નાસી જવું પડે છે.

આવા પરમ યોગીને આત્માની બધી શક્તિઓ એકત્રિત કરવી પડે છે અને એને પોતાનામાં રહેલો મહા બળવાન આત્મા અનુભવવા, જેમ ગુપ્ત સમયમાં કોતરાએલી ધ્યાની બુદ્ધની મૂર્તિઓમાં સ્થિતિ બતાવવામાં આવી છે એમ, એકાગ્રતા સાધવી પડે છે; ધર્મબળ મેળવવાનો ભારતવર્ષનો એ અસલથી આદર્શ છે. એનો ભાવાર્થ ન સમજાતો હોય તો ભગવાન બુદ્ધની એ પ્રશાન્ત, એકાગ્ર, ગંભીર મૂર્તિ જુઓ એટલે તરત સમજાશે કે ધર્મનું મહાન પરિવર્તન કરી આખી પૃથ્વીભરમાં એ પોતાનો ધર્મ કેમ ફેલાવી શકયા. એ મૂર્તિઓ જગતભરની શિલ્પકલાને હિંદની અમૂલ્ય ભેટ છે. એમાં ભાવનાત્મક અવ્યક્ત આદર્શોને શિલ્પીઓએ પ્રત્યક્ષ વ્યક્ત કરી બતાવ્યા છે! વિવેચકો કહે છે કે જડ પથ્થર દ્વારા આટલું બધું દર્શાવવું એ જેવુંતેવું કામ નથી. ગયાજીમાં ગૌતમ 'બુદ્ધ' પદને પામ્યા હતા. એ સ્થળે એક મંદિર પણ (ગુપ્ત સમયનું) છે. મંદિર જુદી જ જાતનું છે. એમાં ગુફાઓ અને શિખર બંનેનું મિશ્રણ થયું છે. એ મંદિરની અંદરની મૂર્તિ પણ ભવ્ય અને પ્રતાપી છે."



↑ભગવાન બુદ્ધને જ્યાં જ્ઞાન થયું હતું તે ગયાજીમાંનું આ વિખ્યાત બુદ્ધમંદિર ભારતખ્યાત છે. એની બાંધણી વિશિષ્ટ છે, જેમાં ગુફા અને શિખર બંનેનું મિશ્રણ થયું છે.



↑બુદ્ધ-ગયામાંની ભગવાન બુદ્ધની પ્રાચીનતમ (ચોથી સદીની) ધ્યાનસ્થ મૂર્તિ

ટિકિટસંગ્રહ

આજનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

જાપાનની ટિકિટો

આ પૃષ્ઠ પર પ્રકટ થતી જાપાનની ટિકિટો અનેક રીતે અભિનવ છે. એમાં નીચેના સમૂહમાં વચ્ચે આપેલી કૂતરાની ટિકિટનો વૃત્તાંત આ સાથે અલગ આપવામાં આવ્યો છે. એ એક ટિકિટ (મોકલનાર શ્રી હિંમત સી. શાહ) સિવાયની બાકીની સર્વ ટિકિટો જાપાને તાજેતરમાં જ બહાર પાડી છે અને શ્રી કીર્તિકુમાર ફૂલચંદ દોશીએ તે મોકલી છે. બધી ટિકિટો તેના વિષય, આકૃતિ, મુદ્રણ તથા તેના પરની રદ્દીકરણની છાપ, એ સર્વ વાતે વિશિષ્ટ છે. ઉપલા સમૂહમાં ડાબી બાજુની બે ટિકિટો, ખરબચડા ખડકોથી મંડિત જાપાનનાં બે સુંદર સાગરદ્રશ્યોની છે, અને જમણી તરફની બંને ટિકિટ પર ત્યાંનાં પંખીનાં ચિત્રો છે.

નીચેના મોટા સમૂહમાં ડાબી તરફ ગયા ઑક્ટોબરની આખરે જાપાને ઊજવેલા ૧૦મા રાષ્ટ્રીય ક્રીડામહોત્સવ પ્રસંગે કાઢેલી ટિકિટો સહિતનું 'ફર્સ્ટ-ડે કવર' છે, જેમાં કવર ઉપરનું આલેખન નોંધપાત્ર છે. મથાળે, મોટા વર્તુલમાં ક્રીડામહોત્સવના પ્રતીક મશાલનું સાદું, છતાં ચોટદાર સંજ્ઞાલેખન કોઈ પણ ચિત્રકળા શોખીનને આકર્ષે એવું છે. તેની નીચે વિવિધ રમતગમતોનાં નાનાં નાનાં રેખાચિત્રો છે.

જમણી તરફની સ્ત્રી-આકૃતિવાળી મોટી બહુરંગી ટિકિટ ગયા નવેમ્બરમાં ઊજવાએલા વાર્ષિક ટિકિટ-સપ્તાહના સ્મરણમાં કાઢેલી ટિકિટ છે. એનું રંગવૈવિધ્ય ને મુદ્રણની કુમાશ આ સાદી છાપમાં ઉતારવી અશક્ય છે.

પણ આ બધાં કરતાં ખાસ નોંધપાત્ર તો એ સર્વ ટિકિટો પરની રદ્દીકરણની છાપો છે. ખુદ ટિકિટો કરતાં કદમાં મોટી, વધુ સ્પષ્ટ ને ટિકિટમાંના વિષયનું જ સુરેખ નિદર્શન કરાવતી એ છાપો જાણે રબરસ્ટૅમ્પથી છાપી હોય તેવી ગુલાબી રંગે કાળજીપૂર્વક મારેલી છે.

વફાદાર કૂતરો

ટિકિટ ઉપર કૂતરાનું ચિત્ર વિરલ છે, અને તેમાં પણ કોઈ દેશ પોતાના એક વફાદાર કૂતરાની યાદમાં ટિકિટ બહાર પાડે ત્યારે તે મહત્ત્વની બની રહે છે. આ સાથેના નીચલા સમૂહમાં આપેલી કૂતરાની ટિકિટ જાપાને એવા એક વફાદાર કૂતરાની યાદમાં બહાર પાડી છે. જાપાનમાં ખૂબ વફાદાર ગણાતી 'અકીટા' જાતના આ કૂતરાનું નામ 'હાચી' હતું. તેનો જન્મ ૧૯૨૩ની ૨૦મી નવેમ્બરે થયો હતો. એક મહિના પછી ટોકિયો યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. કીઝીબ્યુરોએ તે ખરીદ્યો. ડૉ. કીઝીબ્યુરો ટોકિયોના શીબુયા સ્ટેશન પાસે રહેતા. હાચી એક વર્ષનો થતાં તેણે પ્રોફેસર સાથે રોજ સવારે સ્ટેશન જવા માંડ્યું. ડૉ. કીઝીબ્યુરો યુનિવર્સિટી જતા ને હાચી રાહ જોતો સ્ટેશને બેસી રહેતો. બપોરે પ્રોફેસર પાછા આવતાં હાચી તેમની સાથે પાછો આવતો.

આમ કરતાં કરતાં અચાનક ડૉ. કીઝીબ્યુરોનું ૧૯૨૫ના મેમાં અવસાન થયું અને તેમનું કુટુંબ બીજે રહેવા ગયું. પરંતુ હાચી તેની વફાદારી ન ભૂલ્યો! તે રોજ સવારે સ્ટેશને જતો અને બપોર સુધી ત્યાં બેસી રહેતો—એ આશાથી કે માલિક પાછો આવશે. આ રીતે લાગટ સાત વર્ષ સુધી તે રોજ સ્ટેશને જતો ને નિરાશ થઇ પાછો આવતો! આથી ઘણાઓનું તેના તરફ ધ્યાન ખેંચાયું. (અનુ પૃ. ૬૭મે)





ચિત્ર-વેતરણ


મધ્યમમાંથી સારાં ◆ ને સારાંમાંથી ઉત્તમ ચિત્રો નિપજાવવાની કળા

સંગીતના શોખીનો મનપસંદ ગીતો મોઢે કરી, ફુરસદે એકલા ગાઈ આનંદ માણે છે ને જાતે ગાયક ન બની શકે તો બીજાનાં ગીતો પોતાનાં ગણી, ગાયાનો લ્હાવો લે છે. લેખક થવાની મહેચ્છા ધરાવનાર, બીજી ભાષામાં પ્રસિદ્ધ થએલા લેખો વગેરેનો શરૂશરૂમાં અનુવાદ કરે છે અને એમ કરીને લેખ લખ્યાનો સંતોષ લે છે. ઊગતા કલાકારો, પ્રસિદ્ધ ચિત્રકારોનાં નામાંકિત ચિત્રોનું લૂલું પાંગળું અનુકરણ કરે છે અને જાણ્યેઅજાણ્યે સર્જન કર્યાનો ગર્વ લે છે. આ પ્રકારની વૃત્તિ બહુતેકજનોમાં વ્યાપી રહી છે. પ્રત્યેક કલાર્થીએ પોતપોતાના વિષયના ખ્યાતનામની કૃતિનો અભ્યાસ કરવો આવશ્યક છે, પરંતુ ઉપર્યુક્ત સહજ ઉદ્ભવતી અનુકરણવૃત્તિને સર્જનને માર્ગે વાળવાનો આગ્રહ ન રાખે તો વિકાસ થાય નહિ. આમ શિખાઉને સર્જનને માર્ગે વાળવાના ઉદ્દેશથી જ અહીં હરીફાઈમાં આવતાં ચિત્રોનું વિવેચન થાય છે. વાચક તેને સમજી પચાવે તથા પોતાનાં ચિત્રો અજાણ્યે પણ બીજાની અનુકૃતિ ન બને તેની કાળજી રાખે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને તે પછી વિજ્ઞાનનાં સર્વ ક્ષેત્રોમાં જે અનેકવિધ વિકાસ થયો છે તેમાં ફોટોગ્રાફીનું વિજ્ઞાન પણ કૂદકે ને ભૂસકે આગળ વધ્યું છે. અનેકવિધ પ્રકારની એકરંગી ને બહુરંગી ફિલ્મો બનાવાઈ છે. ભાતભાતના કૅમેરા નજરે ચડે છે. અમેરિકા, જર્મની, બ્રિટન, ઈટલી વગેરે યુરોપના અનેક દેશોએ નિરનિરાળી પદ્ધતિથી રંગીન ફોટો-ચિત્રો ઉપજાવવા ફિલ્મો બનાવી છે; જેમકે કોડાકલર, કોડાક્રોમ, ઍકટાક્રોમ, આગ્ફાકલર, આગ્ફાક્રોમ, ડ્યુફેકલર, ઍન્સ્કૉકલર, ગેવાકલર, ફેરેનીઆકલર વગેરે. તેવી જ રીતે નવીનવી તરકીબોથી સુસજ્જિત વિવિધ કદના સાઈઝના કૅમેરા પણ બજારમાં વેચાય છે. તેમાં મુખ્યત્વે બે પ્રકારના કૅમેરા લોકપ્રિય બન્યા છે. એક ૩૫ મિલિમીટર સાઇઝની ફિલ્મના અને બીજા ૨¼"×૨¼"ના કદની ફિલ્મના, જોડિયા લેન્સના, રિફ્લેક્સ જાતના. 'કુમાર'ની ફોટો-હરીફાઇમાં ભાગ લેનારાઓ પણ ભાતભાતના કૅમેરા વાપરતા હશે. કોઈ વિષયની સામે કૅમેરા ધરવાથી આંખે દેખાય એટલી બધી જ વસ્તુઓ કાંઈ ચિત્રમાં ઝડપાતી




←આકૃતિ ૧



આકૃતિ ૨

નથી. અમુક કૅમેરાથી, અમુક અંતર પરના વિષયનું ચિત્ર લેતાં વિષયનો કેટલો ભાગ ઝડપાશે તે નક્કી કરવા માટે પ્રત્યેક કૅમેરામાં કોઇ ને કોઈ યોજના હોય છે. આ યોજનાના સાધનને 'વ્યૂ ફાઈન્ડર' કહે છે. સામાન્યતઃ ત્રણ પ્રકારના વ્યૂ-ફાઇન્ડર વપરાય છે: ૧. બ્રિલિયન્ડ, ૨. ઑપ્ટિકલ અને ૩. ગ્રાઉન્ડગ્લાસ પદ્ધતિનું. પહેલા બે પ્રકારનાં વ્યૂ-ફાઇન્ડરનાં માપ ફિલ્મની સાઈઝ કરતાં પ્રમાણમાં ઘણાં નાનાં હોય છે. જ્યારે ત્રીજામાં કૅમેરા જે માપનું ચિત્ર લેતો હોય તેટલા જ માપનો ગ્રાઉન્ડગ્લાસ હોય છે. આ વ્યૂ-ફાઇન્ડરની મદદથી છબિકાર ચિત્રવિસ્તારમાં ચિત્રવસ્તુની ગોઠવણ કરી સ્નૅપ લે છે, પરંતુ એવી ગણતરીની ક્ષણોમાં ઉત્તમ ચિત્રનું સંયોજન કરવું મુશ્કેલ છે. વળી વ્યૂ ફાઈન્ડરમાં ચિત્રવસ્તુના પ્રત્યેક અંગનું બારીકાઈથી નિરીક્ષણ કરવું કપરું છે. નાના વ્યૂ-ફાઈન્ડરમાં ચિત્રના અંગોપાંગનો આંતર સંબંધ કળવો સહેલો નથી. એથી જાણ્યેઅજાણ્યે નેગેટિવમાં યાંત્રિક તથા બીજી અનેક ત્રુટિઓ દેખા દે છે. કેટલીક વાર ચિત્ર લેતી વખતે કૅમેરા સીધો હોતો નથી. તે કારણે ચિત્રમાં મકાનો, ટેલિફોનના થાંભલા માનવાકૃતિઓ વગેરે ત્રાંસાં આવે છે. તેવા જ દોષથી ક્ષિતિજરેખા એક બાજુ ઢળતી દેખાય છે. અનેક વાર ચિત્રમાં બિનજરૂરી વસ્તુઓ આવી જાય છે. કોઇ સુંદર દૃશ્ય લેતાં, ઉપરથી અનાકર્ષક ઝાડનાં ડાંખળાં ચિત્રમાં દેખા દે છે. કોકકોક વાર જોઈએ તેના કરતાં વધુ આકાશ ચિત્રવિસ્તારમાં આવે છે. ઉપર, નીચે, જમણી કે ડાબી તરફ અનાવશ્યક જગ્યા રહી જાય છે. આવી અનેક ભૂલો ચિત્રમાં નજરે પડે છે. તેનો કોઇ ઇલાજ ખરો?

ઉત્તમ ચિત્રસર્જન માટે ફોટોગ્રાફર ઘણી જાતની તરકીબો વાપરે છે, જેનો ઉપયોગ ચિત્ર લેતાં પહેલાં તેમજ તે પછી પણ થાય છે. અવનવા દૃષ્ટિકોણથી ચિત્ર લેવું એ પણ એક તરકીબ છે. જેમકે આંખની ઊંચાઈએથી, ઊભાંઊભાં એક્સપોઝ કરવું, કમર પાસે કૅમેરો રાખી ફોટોગ્રાફ લેવો, જમીન ઉપર બેસીને ચાંપ દાબવી, કૅમેરાને ઊંચો ધરી ચિત્ર લેવું, યા કોઇ ઊંચા સ્થાન ઉપર ઊભા રહી નીચેના દૃશ્યનું ચિત્ર ઝડપવું. આ બધા વિવિધ દૃષ્ટિકોણના પ્રકારો છે, જેનો ઉપયોગ એક્સપોઝર કરતા પહેલાં થાય છે. એક્સપોઝર બાદ ડેવેલપમેન્ટમાં એવા કૉન્ટ્રોલ્સ-યુક્તિ-પ્રયુક્તિઓને સ્થાન છે. તે જ પ્રમાણે એન્લાર્જિંગમાં પણ અનેક પ્રકારના કૉન્ટ્રોલ્સનો ઉપયોગ થાય છે. આવા એક કૉન્ટ્રોલ—જેને અંગ્રેજીમાં ક્રૉપિંગ (cropping) યા ટ્રિમિંગ (trimming) કહે છે તે—વિષે આપણે થોડું જોઇએ. ક્રૉપિંગને ગુજરાતીમાં આપણે ચિત્ર-વેત-




રણ કહીશું. તેની મદદથી સામાન્ય સારા ચિત્રમાંથી ઉત્તમ ચિત્ર નિપજાવી શકાય છે, ફાડીને ફેંકી દેવા લાયક ચિત્રને પણ સારા ચિત્રમાં ફેરવી શકાય છે. તમારા કૅમેરાનું કદ સમચોરસ યા લંબચોરસ હોય, પણ તમે ચિત્ર ઊભુ લીધું હોય કે આડું, ચિત્ર લેતી વેળાએ તમારા ચિત્રની યોજના ગમે તે હોય, પણ ક્રૉપિંગની સહાયથી તમે ચિત્રને વધુ આકર્ષક બનાવી શકો. તેની મદદ વડે તમે આખું ચિત્રસંયોજન બદલી શકો. આડા લંબચોરસ ચિત્રને ઊભા લંબચોરસમાં ફેરવી શકો. ચિત્ર-વસ્તુમાં પણ મહત્ત્વના ફેરફાર આણી શકો. મુખ્ય વસ્તુને ગૌણ બનાવી ગૌણનું મુખ્ય વસ્તુમાં રૂપાંતર કરી શકો. ઢળતી ક્ષિતિજ-રેખાને સુધારી શકો અને બિનજરૂરી વસ્તુઓને કાપી શકો. આમ, વિવેકપૂર્ણ ક્રૉપિંગથી ચિત્રવસ્તુનો સંદેશ ભારપૂર્વક અને અસરકારક સ્વાંગમાં પ્રદર્શિત થાય છે, અને કલાકારનું વક્તવ્ય વધુ ચોટથી રજૂ કરાય છે. આ ક્રૉપિંગ કેમ કરવું તે આપણે જોઇએ.

ક્રૉપિંગ માટે જરૂરી સાધનોમાં ફક્ત અંગ્રેજી અક્ષર L આકારના કોઈ પણ માપના—પરંતુ પ્રિન્ટના કદથી થોડા મોટા એવા—પૂંઠાના ફક્ત બે કાટખૂણા બસ છે (જુઓ નીચેનું ચિત્ર). હવે કોઇ પણ આખી નેગેટિવમાંથી કૅબિનેટ સાઈઝનું એન્લાર્જમેન્ટ બનાવો. પછી અક્કડ પૂંઠામાંથી કાપેલા બે કાટખૂણાની મદદથી ચિત્રના જુદાજુદા વિભાગોનું નિરીક્ષણ કરતા જાઓ. બંને કાટખૂણાને એકબીજાની ઉપરનીચે મૂકવાથી ચોરસ કે લંબચોરસ ગાળો બનશે. એ ગાળાને આપણા મનપસંદ ચિત્રવિસ્તાર ઉપર પહોળો સાંકડો કે લંબ-સમ-ચોરસ આકૃતિમાં ફેરવતા જઈ બરોબર ઉપર્યુક્ત ચિત્ર લાગે એટલે બંને કાટખૂણાથી બનેલા ચોરસના અંદરના ગાળામાં પેન્સિલથી રેખા દોરી મનપસંદ ચિત્રની મર્યાદા નક્કી કરી લો અને પછી તે નમૂના પ્રમાણે જોઈતા કદનું છેવટનું નવું એન્લાર્જમેન્ટ બનાવી લો.

કેટલીક વાર એક જ સ્નૅપમાં બે, ત્રણ યા તેથી વધુ ચિત્રોની સામગ્રી ભરી હોય છે. તે પ્રત્યેકનો આ ક્રૉપિંગ પદ્ધતિથી સંપૂર્ણ લાભ લઈ શકાય. આ મુદ્દો સ્પષ્ટ કરવા આ વખતની હરીફાઈમાંથી એક ઉદાહરણ લઇએ.

આ નીચે ભાઇ શાહપુરવાળાના 'સાગરસહેલ' ચિત્ર ઉપર કાળી શાહીથી ત્રણ લંબચોરસ દોર્યા છે. તેમાંથી નીપજતાં ત્રણ ચિત્રોનો આપણે વિચાર કરીએ. નંબર (૧) ચિત્રમાં ક્રૉપિંગની મદદથી ઢળતી ક્ષિતિજ-રેખાને સીધી કરી છે, તેમજ ચિત્રવિસ્તારને યોગ્ય પ્રમાણમાં ચારે બાજુથી કાપીને એક સંપૂર્ણ આડું ચિત્ર બનાવ્યું છે. આ યોજનામાં ડાબી તરફની ત્રણ વ્યક્તિઓ જાણે કોઈ ખોવાએલી ચીજ શોધતી હોય તેવો આભાસ થાય છે. અને તેમની તે ચેષ્ટાને જમણી તરફનાં બે બાળકો કુતૂહલથી જોઈ રહ્યાં છે. ચિત્ર નંબર (૨)માં માત્ર ડાબી તરફની ત્રણ જ વ્યક્તિઓનું ચિત્રસંયોજન તારવી લીધું છે. એ સંયોજન માટે જમણી તરફનાં બે બાળકોને નિરર્થક ગણી કમી કર્યાં છે, અને તેમની નીચેનાં પ્રતિબિંબ સાથે આડામાંથી ઊભું ચિત્ર બનાવ્યું છે. તેમજ ત્રણમાંની વચલી વ્યક્તિને કેન્દ્રસ્થાને સ્થાપી છે. ચિત્ર નંબર (૩)માં જમણી તરફનાં બે બાળકોને ચિત્રનું મુખ્ય વસ્તુ બનાવી આયોજન કર્યું છે, જેમાં એ ચિત્રવિસ્તારના આડા ત્રીજા ભાગના તેમજ ઊભા ત્રીજા ભાગના સંગમ ઉપર એ બે બાળકોને રાખીને તેમને ચિત્રનું મુખ્ય લક્ષ્ય બનાવ્યું છે. આ પરથી સમજાશે કે ક્રૉપિંગની મદદથી એક નેગેટિવમાંથી એક કરતાં વધુ ચિત્રો ઉપજાવી શકાય છે.



હવે ભાઈ રમણિક દેસાઈનું 'હાથલા થોર' ચિત્ર લઇએ. તે ચિત્રમાં વસ્તુનો ખીચડો છે. હાથલા થોર આડાઅવળા પડ્યા છે. કેટલાક ખૂબ પ્રકાશમાં છે, જ્યારે થોડા બિલકુલ છાયામાં હોવાથી કાળાં ધાબાં જેવાં છે. નીચલા ડાબા ખૂણાના આડા પડેલા ભાગમાં કોઈ ગતિ જણાતી નથી. તેની પશ્ચાદભૂમિમાં મકાન દેખાય છે અને જમણી તરફ કોઇ વનસ્પતિની વાડ ડોકિયાં કરી થોરની અવ્યવસ્થામાં વધારો કરે છે. ચિત્રમાં નથી કોઈ ભાવ કે નથી કોઈ ડિઝાઈન. આવા આ ચિત્રમાં લીટી દોરેલા ભાગમાંથી ક્રૉપિંગની સહાય લઈ કાંઇક સંતોષકારક ચિત્ર નિપજાવ્યું છે. હવે તે ચિત્ર પર વિચાર કરીએ. એથી થોરની સપાટી, આકાર, જાડાઇ વગેરેનો કાંઇક વધારે સ્પષ્ટ ચિતાર રજૂ થયો નથી? તેના પ્રત્યેક હાથલાની સપાટી આડીઅવળી હોવાને કારણે સૂર્યપ્રકાશ તેના પર જુદાજુદા ખૂણેથી પડતો જણાય છે. આ પરથી કે થોરની સપાટી(texture)ની સાચી રજૂઆત માટે પ્રકાશની દિશા પણ સમજાશે. ડાબી તરફના ઉપરના 'હાથ'ની સપાટી હૂબહૂ રજૂ થઇ છે. —**બલવન્ત ભટ્ટ**

ફોટોગ્રાફી
હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ–'સરોવરને કાંઠે' : દયારામ ચાવડા; બીજું ઇનામ–'ચંપો': હેમેન્દ્ર અ. શાહ–અમદાવાદ; ત્રીજું ઇનામ–'લોન ટ્રાવેલર' : માર્કંડ મજુમદાર–મુંબાઇ; નોંધપાત્ર (૧) 'પ્રભાતસ્નાન': ઇબ્રાહીમ પટેલ–અમદાવાદ (૨) 'પ્રકૃતિનું સૌન્દર્ય' : દિનેશ પટેલ–

ચિત્ર કેટલું મોટું બનાવવું? તેને કયા માપમાં ગોઠવવું? ચિત્ર સમચોરસ રાખવું કે ઊભા યા આડા લંબચોરસમાં સમાવવું? આ બધા પ્રશ્નોના જવાબ ચિત્ર-વસ્તુ ઉપર અવલંબે છે. શાંતિ તથા વિશાળતા દર્શાવવા આડા લંબચોરસમાં સમાવવું સારું. મકાનો પર્વતો અને એવીબીજી વસ્તુઓની ઊંચાઇનો ખયાલ ઊભા લંબચોરસથી વધુ સચોટ બને. કૅમેરાનું કદ ગમે તેવું હોય, નેગેટિવનાની યા મોટી હોય કે સમચોરસ યા લંબચોરસમાપની હોય પણ સાચો છબિકાર (આપણે હમણાં જોયું તેમ યોગ્ય ચિત્રવેતરણ દ્વારા) નેગેટિવના જરૂરી ભાગનું એન્લાર્જમેન્ટ બનાવી ચિત્રનો સંદેશ અસરકારક તથા આકર્ષક રૂપમાં રજૂ કરશે.

ભાઈ દયારામ ચાવડાનું 'સરોવરના કાંઠે'નું લગભગ સમચોરસ કદ ચિત્રવસ્તુને અનુરૂપ છે. ધ્યાનથી જોશો તો ચિત્રની તસુભાર પણ જગ્યા નિરર્થક નહિ લાગે. ચિત્રવિસ્તારનો કોઇ પણ ભાગ કાપવા જતાં ચિત્ર નબળું પડે. સ્નાન કરી ભીના શરીરે પાણીબહાર પગ મૂકતા પુરુષના ફક્ત બે પગનું જ આ ચિત્ર ઘણું કહે છે. પુખ્ત ઉમરની એ સશક્ત વ્યક્તિના પગમાં તેનું સ્વાસ્થ્ય તથા સૌન્દર્ય બંને દેખાય છે. પાનીએ ઊંચા એક પગને ચિત્રનું કેન્દ્ર બનાવી, ગતિ હૂબહૂ રજૂ કરી છે. ચિત્રની સપાટીથી ત્રીસેક ડિગ્રીના ખૂણેથી આવતા પ્રકાશની મદદથી પગની ઘનતા, ચામડીની રુવાંટી તથા પાનીનો ચળકાટ ઝડપ્યાં છે. ફોટોગ્રાફીની ટૅકનિક પણ પ્રશસ્ય છે અને વસ્તુની રજૂઆત નવી છે.

સામા તડકામાં ચંપાના ઝાડની એક ડાળને ઝડપી ભાઈ હેમેન્દ્ર શાહે સુંદર ડિઝાઈન-ચિત્ર ઉપજાવ્યું છે. નજરે દેખાતી કુદરતની અવ્યવસ્થામાં અનેરી વ્યવસ્થા જણાય છે. એ સુ-વર્ણી પુષ્પના ગુચ્છ જાણે આસમાનમાં કોઇએ રંગોળી પૂરી હોય એવો આભાસ ઉપજાવે છે. ઝાડની ડાળ નીચેના ડાબા ખૂણેથી ઉપરના જમણા ખૂણા સુધી પથરાઇને રુચિકર આયોજન થયું છે. માત્ર જમણી તરફના ઉપર–નીચેના ખૂણાઓની ડાળીઓ સહેજ ફોકસ બહાર હોવાથી આંખને ખૂંચે છે.

ત્રીજું ઇનામ જીતનાર ભાઈ માર્કંડ મજુમદારનું ધ્યાન ખેંચવાનું કે



એકાકી મુસાફર–ફોટો: માર્કંડ મજુમદાર

'કુમાર' એ ગુજરાતી ભાષાનું માસિક ગુજરાતી જાણનારા માટે છે. હરીફાઈના નિયમો મુજબ પણ તેમણે ચિત્રનું નામ ગુજરાતીમાં આપવું જોઈતું હતું. અંગ્રેજીમાં પણ તેમણે વિકલ્પે બે નામ આપ્યાં છે. ચિત્રનું નામ આપવામાં તેમને કદાચ વિમાસણ થઈ હશે, પરંતુ નામકરણને પણ કલામાં સ્થાન છે; નામ ચિત્રવસ્તુને સમજવામાં મદદરૂપ બને છે. સામાન્ય ચિત્ર પણ અનુરૂપ નામ વડે ઊંચકાઈ આવે છે અને જોનારનું ધ્યાન ખેંચે છે. નામ બને તેટલાં ટૂંકાં અને ચિત્રવસ્તુને બહલાવનારાં હોવાં જોઇએ. ભાઇ મજુમદારે પાડેલાં બે નામ 'લોન ટ્રાવેલર' અથવા 'ઍવન્યુ'માંથી પહેલું નામ કદાચ વધુ પસંદ કરવા જેવું લાગે છે, કારણકે ચિત્રનું કેન્દ્ર મુસાફર છે. વૃક્ષઘટા ફક્ત વાતાવરણ જમાવે છે. છાયાપ્રકાશની યોજના પણ એવી છે કે જોનારની પહેલી નજર મુસાફર પર ઠરે છે અને ઘટાની મદદથી ધ્યાન મુસાફર પર કેન્દ્રિત થાય છે.

ભાઈ દિનેશ પટેલના 'પ્રકૃતિનું સૌન્દર્ય' ચિત્રમાં વાદળાંની પશ્ચાદ્-ભૂમિ પર રજૂ થએલા ઝાડમાં, તેમણે વાદળાંથી (અનુસંધાન પૃષ્ઠ ૬૭મે)

હેવો હાયલ (અનુસંધાન પૃ. ૫૫થી ચાલુ) ઓસરતાં પાણી ભેગું દરિયા તરફ મોં ફેરવ્યું. વાંઢાર કાઠીએ સૂરજ-ચંદરનો ઝંડો ચડાવ્યો. વચલા ડોલ ઉપર બજરંગબલી ફરફરવા લાગ્યો. બાકીરહેલા ખેડિયાતો મછવા ભરા-ઇભરાઇને લંગર ઉપર આવી ગયા. છેવટે હર-જીવન મહેતાએ નાખવાના હાથમાં શ્રીફળ અને પડો મૂકયાં, નીયાણીએ એના કપાળ ઉપર કુંકુમ-અક્ષત ચોડયાં અને નાનકડી ટબૂડીમાંથી દૂધ અને ફૂલ પાણીમાં રેડયાં. નાખવો બધાંને ભેટી વહાણ ઉપર ચાલ્યો. કાંઠે સગાંવહાલાંની ભીડ ઊભરી હતી. ઘણાંખરાં નશામાં ચકચૂર હતાં. ફરી બે વર્ષનાં મોંજોણાં ન હતાં. વચમાં વાવડ, પાણી ને અગમ્ય ભાવિ હતાં. સૌનાં હૈયાંમાં ઊંડો ભય હતો. સૌની આંખોએ તરતા બાજ ઉપર ચોંટી ગઈ હતી.

આલાત, ખુવા સોંસરી તંગ થવા લાગી; પવરના ધોકાઓ પાસે ખેડિયાતો ગોઠવાઈ ગયા. વતનના પાણીનાં પેટ છોડતાં પાવડા-ઓ કચવાવા લાગ્યા; પરબાણો ઉપર ખાર-વાઓ સવારથઈ ગયા; સઢના કારસા છૂટવા લાગ્યા; અને 'રાવળનાથ' આસ્તે આસ્તે આથમતા સૂરજ સામે સરવા માંડયું.

માવરો ને વહુવારુઓની મીટ એના બદન ઉપર ચોંટી ગઈ હતી. આસ્તે આસ્તે એની રૌનક ઝાંખી દેખાતી ગઈ; ને છેવટે અસ્ત પામતાં કિરણોમાં ટોંક પણ દેખાતી બંધ થઈ ગઈ.

તેઓ કયાં સુધી કાંઠા ઉપર બેસી રહી; શૂન્ય જેવા ક્ષિતિજ ઉપર શૂન્ય આંખો તાકી રહી; સફરે ચડેલા દીકરા કે ધણીને અપશુકન ન થાય, માટે આંસુઓને તો હૈયાના તાપે બાળી નાખ્યાં હતાં. હજુ તો હમણાં જ આવ્યા હતા. આવ્યા શું, ને ગયા શું? આ-વ્યા'તા એ તો સ્વપ્નથઈ ગયું, ગયા તે સાચું! ભાઠાનેફરીજુવાળનીઆશાહતી.આથમતો ભાણ ફરી ઊગશે, પણ દરિયાપાર સિધાવેલા તોભાવિમાંચાલ્યાગયા;એઆવેત્યારેખરા.

દુનિયા આખીની દરિયા પરજ; એની તવારીખ ઉપર હજારો વર્ષની પડતાળ પડી છે. એ તવારીખના સફાઓ આંસુથી પલળેલા જ રહ્યા છે. માનવ ઇતિહાસ, એ આંસુનો નહિ તો શાનો ઇતિહાસ છે? રણે ચઢતા કેસરીનીભેઠે, પ્રેયસીઓએજતરવારોબાંધી છે. શત્રુને સંહારવા જતા પુત્રોને માતાઓએ જ બિરદાવ્યા છે; પ્રેયસીઓને જૌહર કરવી પડે, માતાઓનાંહૈયા ભાંગી પડે એની સાહ-સપ્રિયા માનવીને કયાં પરવાહ છે? (ચાલુ)



કેન્ડી (સિલોન)નો છેલ્લો રાજા વિક્રમ રાજસિંહ (૧૭૯૮-૧૮૧૫) શરીરે જેમ પહોળી કાઠી ને રૂઆબદાર ઊંચી ખડતલ કાઠીમાં પ્રભાવશાળી હતો તેમ રાજ્યઅમલમાં પણ એણે આવતા જ ફિતૂરી જમીનદારીના વર્ચસ્વને કડક હાથે દાબી દઇ ગરીબ પ્રજાને ઊંચે લાવવા પ્રયત્નો કરેલા. કેન્ડીની સુંદરતા વધારતી ઐતિહાસિક ઇમારતો ને સરોવરો પણ એણે બંધાવેલાં. પણ આ પ્રજાવત્સલ રાજાની અવકૃપા પામેલો વજીર કોલંબો જઇ અંગ્રેજોની ચડાઇ લઇ આવ્યો. હારીને પહાડોમાં જઇ છુપાયેલો રાજા દગાથી પકડાયો. અંગ્રેજોએ તેનું રાજ્ય ખાલસા કર્યું અને વેલોર (મદ્રાસ)માં કેદી તરીકે હદપાર કરી ગયા એ ૧૮૩૨માં મરણ પામ્યો






માથું કપાયા છતાં તીતીઘોડો ચાલી શકે છે, કારણકે પગના ચાલક જ્ઞાનતંતુઓ તેની ગરદનના નીચેના ભાગમાં હોય છે

3 સરખી લંબાઇની લીટીઓ વડે આ વર્તુળના સમકેન્દ્રરૂપવાળા ચાર સરખા ભાગ કરી શકશો? (જવાબ નીચે.)

2 સમુદ્રની સપાટીથી ૩૬૫૦ ફૂટ ઊંચે ગોળાઇ રહેલા એક મોટા શિલાખંડ પરનો આ ક્યાઇક્તીયો પેગોડા (મંદિર) બર્માદેશમાં થેટોન જિલ્લામાં કેલાસા ટેકરીની છેક ટોચ ઉપર આવેલો છે. આસ્તિકો માને છે કે ભગવાન બુદ્ધના મસ્તક પરના એક વાળને આધારે એ આમ ટકી શકે છે! જો કે ભૂસ્તરશાસ્ત્રીઓ તો એ શિલા કોઈ હિમનદીના કારણે ઘસડાઇ આવી હોવાનું માને છે.





પૃથ્વી પર હેલિયમ હોવાની શોધ ૧૮૯૫માં થઈ હતી.


13 ઘનની આ ડાબી બાજુની આકૃતિમાં ગમે તે રીતે ગમે તે ઘનમાં બેંતાળીસ(૪૨)નો જ સરવાળો આવશે



ઉત્તર ધ્રુવથી ૧૫૦૦ માઇલ દૂર દક્ષિણમાં સાઇબીરિયામાં વરખોયાન્સ્ક મુકામે પૃથ્વી પરનું ઓછામાં ઓછું ઉષ્ણતામાન શૂન્યની નીચે ૯૩.૬ અંશ (ફેરનહીટ) નોંધાયું છે.




મેઘધનુષ્ય એ વૃષ્ટિને કારણે દેખાતો એક દૃષ્ટિભ્રમ જ છે, પણ જુદીજુદી રંગગ્રાહક શક્તિવાળાઓને એ જુદીજુદી રીતે દેખાય છે એ તમે જાણતા હતા?




આકાશમાં સળગતા લાલ દેખાતા તારાઓમાં ઠંડા આસમાની લાગતા તારાઓ કરતાં ઓછી ગરમી હોય છે



આપણે ત્યાંનાં હરણ, સિંહ વ. સંયુક્તચિત્રોની પેઠે પેડર બોર્ન (જર્મની)ના દેવળની બારીના આ શિલ્પની વચ્ચે ત્રણ જ કાન મૂકવા છતાં દરેક સસલાને બબ્બે કાન મળી રહે એવી સરસ ચાતુરીભરી યોજના કરી છે.



એક બાટલી દૂધ કરતાં એક કાકડીમાં વધુ પ્રવાહી હોય છે. દૂધમાં ૮૭ %. જ્યારે કાકડીમાં ૯૫ %.



વ્યાસના ચાર સરખા ભાગ કરી દર્શાવ્યા પ્રમાણે અર્ધવર્તુળો દોરો



માછલીનાં નસકોરાં એને કાંઇ જ કામનાં નથી. શ્વાસ તો એ પાંખો જેવાં 'ફિન' દ્વારા લે છે.



એમ મનાય છે કે સાઠેક લાખ વર્ષ પહેલાંના પૃથ્વી પરનાં રાક્ષસી કદનાં આદિ પ્રાણી ડીનોસૉરસને રોજનો ૫૦૦ થી ૧૦૦૦ રતલ જેટલો આહાર જોઇતો હશે.

અનુસંધાન] **ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ** [પૃષ્ઠ ૬૬થી

ઢંકાએલા સૂર્યના આછા પ્રકાશમાં સાચું એક્સ્પોઝર આપી થડની ઘનતા ઉતારી છે. સહેજ પણ ઓછું યા વધુ એક્સ્પોઝર આપ્યું હોત તો ચિત્રમાં વર્ણભેદ (ટોન) આવત નહિ અને વિગતો મારી જાત. તે જ પ્રમાણે નેગેટિવની પારદર્શકતાને અનુકૂળ ગ્રેડના કાગળ ઉપર એન્લાર્જમેન્ટ કરવાથી પણ કુદરતી વર્ણભેદ પ્રિન્ટમાં જળવાય છે. 'પ્રભાતસ્નાન' વિષે આવતા અંકમાં. —**બલવન્ત ભટ્ટ**

ટિકિટસંગ્રહ (અનુ. પૃ. ૬૩થી) તેમાં 'આશાઈ શીમ્બુન' નામના વર્તમાનપત્રનો એક ખબર-પત્રી પણ હતો. તેણે હાચીના આ નિત્યક્રમ પાછળ રહેલી ધીરજની હકીકત ૧૯૩૨માં પોતાનાં દૈનિકમાં છાપી ને જાપાનનાં લોકો આ અદ્દભૂત સમાચાર વાંચીને હચમચી ઉઠયાં. પછી તો લોકોનાં ટોળેટોળાં હાચીને જોવા શીબુયા સ્ટેશને ઊમટતાં!

૧૯૩૩ના જૂનમાં જાપાનના પ્રખ્યાત શિલ્પી 'ચુકો અકીરા'એ એ વફાદાર હાચીનું આ શિલ્પ બનાવ્યું જે લોકોમાં ખૂબ આદર પામ્યું ને શીબુયા સ્ટેશન નજીક હાચીની કાંસાની પ્રતિમા મૂકવા માટે ફંડ શરૂ કરવામાં આવ્યું, જે ૧૯૩૪ની ૨૧મી એપ્રિલે ખુલ્લી મુકાઇ. હજુ પણ હાચી તેના માલિકને ભૂલ્યો નહોતો. તે તો દરરોજ શીબુયા સ્ટેશને જતો અને રાહ જોતો! આખરે ૧૯૩૫ની ૮મી માર્ચે હાચીનો આત્મા તેના માલિકની શોધમાં વિલીન થઈ ગયો. —હિંમત સી. શાહ

જેની હાજરી-ગેરહાજરી બંનેમાં લાહ્ય બળે છે તે

ફટકડી

લેખક ★ તારક મહેતા



કથક: પહેલો સવાલ તો હું તમને એ પૂછીશ કે તમે કદી તમારી પત્ની જોડે ખરીદી કરવા નીકળ્યા છો ખરા કે? જો તમારો જવાબ 'હા'માં હોય તો આ સાંભળવાનું બંધ કરજો; કારણ કે આમાં તમારે માટે કંઈ જ નવું નથી. અને જો તમારો જવાબ 'ના' હોય તો હે મારા સ્નેહી, તમે તમારી પત્નીને એ સોનેરી તક આપો એ પહેલાં મારી પણ એક આપવીતી સાંભળી લો જરા. પત્નીઓનો એ સ્વભાવ હોય છે કે ખરીદી કરવાની ઊભી થએલી તક એ લોકો કદી જતી નથી કરતાં. અરે, વખતોવખત તેઓ ઘોંચપરોણા પણ કરે છે અને કહ્યા કરે છે કે, 'મારા ખર્ચાને પહોંચી વળવા માટે તમારે કાંઈક કરવું જોઇએ.' મારા હોઠ સુધી જવાબ આવી રહી જાય છે કે 'શું આપઘાત?' પરંતુ, પરંતુ... તમે તો સમજતા હશો, કે હોઠની બહાર શબ્દોનું પડવું તે કેવાં પરિણામ લાવે છે?... ખેર, હું થોડા દિવસ પહેલાંની વાત કહું. રવિવારનો દિવસ હતો છતાં દાઢી તો એના ક્રમ મુજબ ઊગી જ ગઇ હતી, એટલે મારે છોલ્યા વિના છૂટકો થાય એમ હતું જ નહિ. દાઢી કરી હું તે ઉપર લગાડવા ફટકડી શોધતો હતો, ત્યાં......

શ્રીમતીજી: કેમ! શું ખોળો છો?

હું: ફટકડી.

શ્રીમતી: તમે હવે નાના કીકા નથી રહ્યા કે ફટાકડા ફોડો.

હું: હું જે શોધું છું એને અને ફટાકડાને કોઇ પણ પ્રકારનો સંબંધ નથી. અને હોય તો મારી જાણમાં નથી.

શ્રીમતી: એમાં આટલું લાંબું ફારસ કરવાની કંઇ જરૂર નથી. સાફસાફ બોલતાં શું થાય છે? મને આ તમારી ટેવ ગમતી નથી. એકની એક વાત પદર વાર પૂછીએ ત્યાં સુધી ગણગણવાની એ શી ટેવ? ચોખ્ખું ને ચટ...

હું: (ભારપૂર્વક) ચોખ્ખું ને ચટ એટલું જ કે પુરુષોને જે દાઢી ઊગે છે તેને છોલ્યા પછી એના પર લાહ્ય લગાડવાના હેતુથી ફટકડી ઘસવામાં આવે છે. હવે તમે મને એ સવાલ ન કરતાં કે ફટકડી હિંદુસ્તાનના કયા પ્રદેશમાં થાય છે, કારણકે મને એની ખબર નથી.

શ્રીમતી: ઓહો! એટલી તો મને ય ખબર છે કે ફટકડી તો ગમે તે મોદીને ત્યાં મળે.

હું: એટલે તમારું કહેવું એમ છે કે દરરોજ દાઢી કરીને મારે મોદીને ત્યાં જવું?

શ્રીમતી: સવાર પડે ને તમારે દાઢી છોલવા જોઇએ એમાં મોદી શું કરે?

હું: (હથિયાર હેઠે મૂકતાં) ભલે, આખી વાતમાં મોદી તદ્દન નિર્દોષ છે. હું જ એક કૃતઘ્ની પ્રાણી છું. (ગુસ્સો દબાવતાં) અને હવે આપ જરા કહેશો કે મારી આ જગ્યાએ પડી રહેતી ફટકડી આજે કેમ જડતી નથી?

શ્રીમતી: મને શી ખબર? મને કાંઈ દાઢી ઊગતી નથી.

હું: ઈશ્વરના એ અન્યાય માટે હું કદી એને માફ કરવાનો નથી.

શ્રીમતી: તમારી ચીજોનું તમે ભાન નરાખો તો પછી એ ઊપડી જ જાયને!

હું: એટલે કાલથી મારે કામધંધો મૂકી તારી ચોકી કરવી પડશે.

શ્રીમતી: આ શું ફાવે તેમ બોલવાની ટેવ? ઊઠયા છો ત્યારથી ફટકડી જ ફટકડી! ખોટું ન લગાડતા, પણ રોજ રોજ દાઢી કરો છો, તો...

હું: એ ધંધો જ કેમ કરતો નથી, એમને? સ્ત્રીની બુદ્ધિએ જે નર જીવે એને છેવટે પાડા બોડવાનો વારો આવે... વારુ, તો જરા યાદ કરીને કહો કે અહીં જે...

શ્રીમતી: (ચાળા પાડી) દાઢી કર્યા પછી લાહ્ય બળવા માટે ઘસવામાં આવતી ફટકડી રહે છે તે કયાં છે?—કહું?

હું: હં.

શ્રીમતી: રસ્તા ઉપર!

હું: હેં?

શ્રીમતી: હા, અને એમ ટગરટગર જોવાથી પાછી મળવાની નથી. આજ સવારે મારી નજર પડી ને થયું કે આ ઠીકરું બહુ દા'ડા ચાલ્યું. આમ જ આપણા ઘરમાંથી દ્રારિદ્રય જતું નથી. એટલે એ ઠીકરું મેં ફેંકી દીધું છે.–ના, પહેલાં મારી વાત સાંભળી લો. આજે મારે આમે ય બહાર તો જવાનું જ છે, તો આપણે લેતાં આવીશું. દુનિયામાં ફટકડીની ખોટ નથી.

હું: અરે, પણ નવી લાવ્યા પછી કયાં નથી ફેંકી દેવાતી? આજે તો લગાડાત—

શ્રીમતી: ઊલટું સારું, લાહ્ય ઓછી બળશે.

હું: પણ મારો જીવ તો બળે છે.

શ્રીમતી: જીવ શાનો બળે છે?

હું: તારી ચાલાકી, તારી મશ્કરી, તારી હાજરજવાબી બધી હું માથે ચડાવું છું, અને બદલામાં તેં કાંઈ ભૂલથી પણ તારી પાસે રાખી હોય તો મને એ આપ—

શ્રીમતી: મારા સમ, મેં ફેંકી દીધી. મને એ પણ યાદ છેને કે કોઇકના ઉપર જ લગભગ પડી. એ તો સારું હતું કે વાગી નહિ, નહિ તો શું થાત?

* * *

હું—(કથક): અને એમ ફટકડી પુરાણનું મંડાણ થયું. મારો કહેવાનો ઇરાદો એ નથી કે સ્ત્રીઓને ફટકડી ફેંકવાનો શૉખ હોય છે, પરન્તુ કોઈ પણ વસ્તુને જરાક હાથ હલાવી ફેંકી દેવાથી જ જો ઘરમાં નવી આવતી હોય તો તેવી તક તે લોકો જતી નથી કરતાં. માફ કરજો, આમાં પતિ નામની ચીજ અપવાદરૂપ હોય છે, કારણ કે આ બધી ફળદ્રુપ ખેતી પતિના ખેતર જેવા તાલકા ઉપર થતી હોય છે. તે દિવસે બપોરે તૈયાર થતાંથતાં છેવટે અમે રાત પડી જશે એ બીકે સાંજે નીકળ્યાં.

* * * (રાજમાર્ગ પરના અવાજો)

શ્રીમતી: બાપ રે! કેવડી મોટી લાઇન છે?

હું: એ બધાં ફટકડી લેવા નથી ઊભાં, બસ પકડવા ઊભાં છે.

શ્રીમતી: (છેડાઇને) હવે તમે ફરી ફટકડી બોલ્યા છો તો હું હાલ ને હાલ જતી રહીશ.

હું: હવે કયાંય જવાશે નહિ. લાઇનમાં

ઊભા રહેવાનું અને જગ્યા મળે તો તેમાં બેસવાનું. બસ તો મળશે જ, કારણ કે તે સ્ત્રીઓ ચલાવતી નથી હોતી; નહિ તો તેમાં પણ ત્રણ-ચાર કલાકે નસીબ હોય તો બસ મળે.

શ્રીમતી: સ્ત્રીઓ માટે આવો અણગમો છે તો પરણ્યા છો શું કામ?

હું: એ સવાલ જરા બારીક છે. હું જવાબ તો આપું, પણ પછી આ લાઇનમાં ઊભેલાં આપણને ઘેર પાછાં જવા ફરજ પાડશે.

શ્રીમતી: હવે એક પણ હરફ બોલ્યા વિના ચૂપચાપ ઊભા રહો.

હું: સારું.

શ્રીમતી: જુઓ, આ બસ આવી. (અવાજ)

હું: ભરેલી છે. (બસ ઉપડવાનો અવાજ)

શ્રીમતી: હાય બાપ! આમ તો આપણો રાત સુધી નંબર નહિ લાગે.

હું: સવારથી આવવું જોઇતું હતું.

શ્રીમતી: અરધું તો તમે કકળાટ કરી ટાઈમ લગાડો છો. ફટકડી! ફટકડી! શું જાણે ફટકડી વિના બળી મરતા'તા?

હું: તેં મને બોલવાની ના કહી છે, નહિ તો વળી જવાબ આપત કે...

શ્રીમતી: બસ, બસ, બસ...

હું: ક્યાં છે?

શ્રીમતી: અરે, હું તો તમને બસ કરો કહું છું. મારે તમારું ફારસ નથી સાંભળવું.

હું: તું જરા એ ફારસ શબ્દનો ઉપયોગ બંધ કરે તો સારું, મારા મગજ ઉપર કરવત ફરતી હોય તેમ થાય છે.

શ્રીમતી: ભલે રહ્યાં અમે અણઘડ (Bus comes)

હું: લો, આ બીજી બસ આવી. (અવાજ)

શ્રીમતી: ભરેલી છે.

હું: અફસોસ!

શ્રીમતી: શું કરીશું હવે?

હું: ફટકડીની જરૂર નથી. એની મેળે લાલ્ય બળવા માંડી છે.

શ્રીમતી: મને તો બાપ થાક લાગ્યો છે.

હું: બસ આવશે એટલે બેસી જઈશું.

શ્રીમતી: ટૅક્સી કરીએ તો કેવું?

હું: બેઠા પછી જરાક ગમે તેવું હોય છે.

શ્રીમતી: તો પહેલાં પણ જરાક ગમાડીને લઇ આવોને; પ્લીઝ!

હું: પણ એવી શી ધાડ પડી છે?

શ્રીમતી: મારે તો પગમાં પાણી ઊતરે છે.

હું: ટૅક્સીમાં બેસીશું એટલે મારા પગ પાણીમાં ઊતરશે.

શ્રીમતી: તમતમારે હાયહાય કર્યા કરો. તમે લાવો છો કે પછી હું રસ્તાં વચ્ચે બૂમ પાડું?

હું: અરે પણ દેખાવી તો જોઇએને, કે એમ ને એમ? અને આજે તો રવિવાર એટલે મોટા ભાગની એન્ગેજ્ડ હોય છે.

શ્રીમતી: જુઓ પેલી દેખાય—(બૂમ) ટૅક્સી!

હું: તમારે જો આમ બૂમો પાડવી હોય તો મારો વિચાર મોળો છે.

શ્રીમતી: સારું હવે નહિ પાડું; મને દેખાશે એટલે ચૂંટલી ભરીશ... જુઓ બીજી દેખાય.

હું: ઓ... ઓ રે... તું તો ટૅક્સી હોય કે ન હોય, ચૂંટલી ભર્યે જ રાખે છે.

શ્રીમતી: એ બતાવે છે કે હું કેટલી થાકી છું.

હું: ટૅક્સી! ટૅક્સી! આખરે મળી ખરી.

શ્રીમતી: હાશ! એક બે મિનિટ મોડી પડી હોત તો?

હું: ટૅક્સીની જગ્યાએ ઍમ્બ્યુલન્સની જરૂર પડત (ધીમેથી) મારે માટે.

શ્રીમતી: શું કહ્યું?

હું: કાંઇ નહિ. (ટૅક્સીનો અવાજ, બારણાં ઊઘડવા બિડાવાનો અવાજ વગેરે.)

• • •

હું: (કથક) રસ્તામાં રેખાનું ઘર આવતું હતું. તમે સમજી ગયા? અને એમ અમે રેખાને ઘેર આવ્યાં. કોઈના બાબાને પહેલી વાર રમાડીએ ત્યારે ખાલી હાથે ન જવાય, એટલે અમે અરધો કલાક અથડાઇને એક ઘૂઘરાની ખરીદી કરી. રેખાને ત્યાં પહોંચ્યાં ત્યારે રેખા અને તેના પતિ અણસમજુ બાબાને રમાડવા માટે પોતે રમતાં હતાં. અમને અચાનક આવેલાં જોઈ, જરા રંગમાં ભંગ પડ્યો.

રેખા: જો કોણ આવ્યું? માશી છે? માશીને બોલાવો.... આવ.... આવ... જો માશી બોલાવે... માશી ક્યાં છે? માશી આ રહ્યાં....

શ્રીમતી: મઝાનો છે. એક મહિનાનો થયો?

હું: (ધીમેથી) તને ઓળખતો લાગે છે.

રેખા: અરે, એ તો બધાંની પાસે જાય છે. તમે લો તો તમારી પાસે પણ આવશે.

શ્રીમતી: લો જોઇએ!

હું: પણ... પણ...

શ્રીમતી: જુઓ, કેવું હસે છે? લો તો ખરા! હં, જુઓ, રમે છે ને? મને ભઈશા'બ, કકળાટિયાં છોકરાં ન ગમે. (બાબો રડે છે) અરે, તમે કાંઈ કર્યું?

હું: હું શું કરવાનો હતો? ઊલટું એણે જ કાંઈ કર્યું લાગે છે.

શ્રીમતી: નાનાં છોકરાં કાંઈ સમજે છે? લાવો જોઇએ. (રુદન બંધ) કેવો છાનો રહી ગયો!

હું: મેં ન કહ્યું કે એ તને ઓળખે છે?

રેખાપતિ: મને તો જુએ છે ત્યારથી રડે છે.

રેખા: ઓહોહો! બહુ પાછાં એણે બધાંને ઓળખવા માંડ્યાં ને? એમ નથી કહેતા કે તમારી દાઢી એને વાગવાગ કરે છે.

હું: મને પાછી ફટકડી યાદ આવી.

શ્રીમતી: ચૂપ રહો હવે.

રેખા: બંને જણ શું ગુસપુસ કરો છો? બબ્બે મહિના સુધી તો મોં દેખાડતાં નથી. એમ ન માનતાં કે તમારો વખત નહિ આવે! હંસા, એ તો કહે, એનું મોં કોના જેવું છે?

શ્રીમતી: નાક તો મોસાળ ઉપર ગયું છે. કપાળ જરા ચપટું, રતિભાઈ જેવું છે.

હું: રતિલાલ જેવી જ દાઢી ઊગશે એટલું હું તો જાણું (બધાં હસે છે.)

શ્રીમતી: આખો દહાડો મશ્કરી સારી નહિ.

રેખા: અરે, એનો ધાંટો પણ ભારે છે. કોઈ દહાડો રડે તો જાણે...

રેખાપતિ: એના બાપ જ રડતા હોય તેમ લાગે.

રેખા: તમારે લોકોએ મશ્કરી કરવી હોય તો બહાર જઈ બેસો.

હું: રતિલાલ, આ લોકો છો અહીં બેઠાં; આપણે જરા લટાર મારી આવીએ.

શ્રીમતી: હું જાણું છું તમારે ક્યાં ભાગી છૂટવું છે તે!

હું: પણ અમે તો જરા...

શ્રીમતી: હું જાણું છું તમારું જરા એટલે...

રેખા: તમારામાંથી કોઇએ ક્યાં ય જવાનું નથી. આજે અહીં જ જમવાનું અને બાબાનું નામ પાડવાનું છે.

હું: અત્યારથી નામ?

રેખા: હા રે હા. આજથી જ શોધવાની શરૂઆત કરવાની.

રેખાપતિ: એ પાછાં એક પછી એક ટ્રાઇ કરવાનાં, કેટલાકને ગમે નહિ, કેટલાંકને બોલતાં ફાવે નહિ, કેટલાંકને નામ બગાડવાની ટેવ અને કેટલાંકને મશ્કરીની ટેવ હોય છે. મને મારા ભાઈબંધો એકલું રતિ કહીને બોલાવતા હતા.

હું: હા, એ વાત સાચી છે: મારા એક માશીના છોકરાનું નામ મશાંત હતું તેને બધાં પશો કહેતાં હતાં. અને મારા એક દોસ્તનું નામ પારસ હતું તેને તેનાં દાદી હમેંશાં સારસ કહેતાં હતાં. મઝા તો એ હતી કે એમને જો સુધારવા જઇએ તો ઉપરથી હસીને કહે 'હવે એ સારસ જેવો તો છે!'—મારા એક કાકા...

શ્રીમતી: મહેરબાની કરીને તમારા કાકાની વાત ન કરતા. હું માનીશ, રેખા, કે એમના એક કાકાનું ખરું નામ હજી મને ખબર નથી.

હું: કાકાને પોતાને જ ખબર નથી ને?

શ્રીમતી: આની રાશિ કઈ છે?

રેખા: બ, વ, ઉ. ('હું' જોરથી હસે છે.)

શ્રીમતી: એમાં હસવા જેવું શું છે?

હું: આઈ ઍમ સૉરી!

રતિલાલ: મને પણ હસવું આવે છે.

રેખા: તમારે હસવું હોય તો બહાર જાઓ. (બાબો રડે છે) છોકરાને રડાવ્યો ત્યારે જંપ્યા.

શ્રીમતી: મને વ ઉપર એક નામ યાદ છે.

હું: મને પણ—

રેખા: કયું?

હું: અરે, મને અત્યાર સુધી યાદ હતું. મેં આને કહ્યું પણ હતું. જો તેં લખી લીધું હોત તો—

શ્રીમતી: મને તમે ક્યાં કંઈ કહ્યું હતું?

હું: મારું શોધેલું નામ હવે તું તારા નામે પધરાવવા માગે છે, એમ? યાદ રાખજે, આજ તને એક પણ નહિ કહું.

રેખા: તમારે ત્યાં આવશે ત્યારે શું કરશો?

શ્રીમતી: અરે બાપ, તું એમની વાત જ ન કરતી. આખી રાત શબ્દકોષ લઇને બેસે ને તદ્દન કચરા જેવાં નામ મોટેમોટેથી બોલે, વડ, વડીલ, વડુ, વડવા, વડવાનળ, આવું આવું બોલ્યા જ કરે, ને આપણું મગજ ફરી જાય.

રેખા: કહું છું!

રતિલાલ: હા.

રેખા: આપણે પણ એક શબ્દકોષ લઇ આવીએ તો કેવું?

રતિલાલ: એટલે પછી એ શબ્દકોષના વડ ઉપર હું કૂદકા માર્યા કરું! નામ પાડવું એમાં તે વળી શા મોટા જગન કરવાના હતા? બજારમાં આટઆટલી નવલકથાઓ બહાર પડે છે, તેમાંથી એકાદું પાડી દેવાનું.

હું: અરે, લોકો પછી સમજ્યા વગર અરધું યાદ રાખીને પાડે છે. મેં એક જણને ભદ્રાયુ નામ પાડવાનું કહ્યું ત્યારે એણે જટાયુ પાડયું!

રેખા: તેમાં શું ખોટું?

રતિલાલ: ખોટું? વાહ! તો તું તારા દીકરાનું નામ હુમાયુ પાડ!

શ્રીમતી: મારું માનો તો આ લોકોની જોડે વાત ન કરવી. એ લોકો નામ પાડવાને બદલે ઠેકડી જ વધારે ઉડાવશે.

હું: એટલે તો મેં કહ્યું કે...

શ્રીમતી: 'અમને બહાર જવા દો'! પણ અત્યારે અમને એકલાં મૂકીને કશે જવાનું નથી.

હું: પણ આ તે કાંઈ જંગલ થોડું છે?

શ્રીમતી: આ જંગલ નથી પણ તમે લોકો જંગલી છો. રેખા, હવે આવીશ ત્યારે હું એકલી જ આવીશ. આ હોય ત્યારે જીભાજોડી સિવાય કાંઈ ન મળે. અને અમે હવે જઇએ.

રેખા: ના, આજે જમ્યા વિના જવાનું નથી.

શ્રીમતી: અત્યારે હવે—?

રેખા: કેટલી વાર લાગવાની છે? આ સ્ટવ ચેતાવીએ એટલી વાર. (પંપનો અવાજ વગેરે)

હું: (કથક) અને અમે જ્યારે જમીને નીકળ્યાં ત્યારે અમારાં જેવાં બે પાંચ કૂતરાં સિવાય બધાં ઘોરતાં હતાં. એમાં પછી ફટકડી તો મળે જ ક્યાંથી? રઝળતી એક ટૅક્સીમાં અમે ઘેર આવ્યાં. એટલી બધી વાતો કરી લીધી હતી કે બીજી કરવાની જરૂર નહોતી. તેમાં વળી ટોળટપ્પાંમાં ખવાઈ વધારે ગયું, એટલે પેટ તો ટેવ મુજબ આરામ માગતું હતું. ઘેર પહોંચ્યાં ત્યારે શ્રીમતીને જરા ખૂંચતું હતું.

* * *

શ્રીમતી: એમ મૂગા મૂગા સૂઈ જવાનું નથી.

હું: તો અત્યારે બાર વાગ્યે હું ગાવા બેસું તો કેવું લાગે?

શ્રીમતી: તમને ગાવાનું કોણ કહે છે?

હું: અત્યારે તો ફક્ત ગાઇને જ ઊંઘ આવતી અટકાવાય—

શ્રીમતી: તો ઊંઘો!

હું: તેમાં જ માણસાઈ છે.

શ્રીમતી: માણસાઈ તો મીઠા બે બોલ બોલવામાં છે. રાત પડે એટલે કોણ જાણે કંઈ ઝેર જેવું બોલવા માંડો છો!

હું: એથી ઊલટું તમારું છે. એવું છે કે સવારે નોકરીએ જતી વખતે પુરુષે પોતાના ભેજાને ચાવી આપવી પડતી હોય છે. એ ચાવી રાત પડતાંપડતાંમાં ઊતરી જાય છે. એ સ્થિતિમાં તમે જો એને વધારે તકલીફ આપો તો કમાન છટકી જાય.

શ્રીમતી: એ શંકા તો મને હતી. પણ સાચું કહેજો, તમે મારા ઉપર ચિડાયા નથી?

હું: એ ચર્ચા આગળ ચાલે તો હવે કદાચ ચિડાઉં ખરો!

શ્રીમતી: એમ વાત ઉડાવવાની જરૂર નથી.

હું: એ ઉપર હું તમને એક વાર્તા કહું.

શ્રીમતી: મારે નથી સાંભળવી.

હું: હાશ!

શ્રીમતી: ના ના, કહો.

હું: આ તો એક ઉપર બીજી ન થાય તેવો કાયદો આવ્યો તે પહેલાંની વાત છે. એક આધેડ વયના ગૃહસ્થે પોતાની એક પત્ની હતી છતાં એક યુવાન સ્ત્રી સાથે લગ્ન કર્યાં. પેલી કોડવતી સ્ત્રીને પોતાનો પતિ જુવાન છે તેમ બતાવવાની ખ્વાહેશ હતી, એટલે તે દરરોજ પતિના માથામાંથી ધોળા વાળ ખેંચી લેતી.

શ્રીમતી: હં.

હું: બીજી બાજુ પેલી આધેડવયની પત્નીને પોતાનો પતિ મોટી ઉંમરનો છે એ બતાવવાના કોડ હતા, એટલે એ બધા કાળા વાળ તોડતી હતી! પરિણામ તમે સમજી ગયાંને?

શ્રીમતી: આ બધું પારાયણ મારી આગળ કાઢવાની કાંઈ જરૂર?

હું: એટલા માટે કે તમે એકલાં જ પેલી બંનેની ગરજ સારો છો.

શ્રીમતી: મારી જ ભૂલ થઈ કે મેં તમને બોલાવ્યા. મને હવે બોલાવશો નહિ, મને ઊંઘ આવે છે. (હું નસ્કોરાં બોલાવે છે. થોડી વારે) એય! એમ ઊંઘો છો શાના?

હું: (ઝબકીને) હેં! શું થયું?

શ્રીમતી: તમને ખરાબ તો નથી લાગ્યુંને?

હું: મને શું કામ ખરાબ લાગે?

શ્રીમતી: આજે...તમારી...ફટકડી....

હું: ઓહો! તેની ચિંતા ન કરતી. મારી પાસે બીજી છે.

શ્રીમતી: હાય રામ! એ તો તમે કહ્યું જ નહિ! ક્યાં છે?

હું: મારી પાસે—એટલે કે નજીક!

શ્રીમતી: હવે છાનામાના ઊંઘી જાઓ!

હું: ના હવે તો બોલતાં બોલતાં જ ઊંઘવા દે કે તું ફટકડી છે, પણ એવી ફટકડી છે કે

(હું નસકોરાં બોલાવે છે.)

શ્રીમતી: એઈ...એઈ...ઊંઘો છો?

હું: શું છે?

શ્રીમતી: ઉંઘી ગયા'તા?

હું: ઊંઘમાંથી ઉઠાડીને પૂછે છે કે 'ઉંઘી ગયા'તા?' બોલ હવે...શું હતું?

શ્રીમતી: કંઈ નહિ; મને એમ કે તમને ખરાબ લાગ્યું...

હું: ગમે તેને તું આમ ઊંઘમાંથી ઉઠાડે તો ખરાબ લાગે. કૂતરાં કે માણસ કોઈ આમ જાગવાનું પસંદ ન કરે.

શ્રીમતી: એ વાત નથી...મેં ફટકડી નાખી દીધી તે વાત.

હું: તેનું અત્યારે શું?

શ્રીમતી: પાછા કાલે સવારે નહિ જુઓ એટલે મને મેણાં મારશો.

હું: એમાં કંઇ કહેવા જેવું નથી. ફટકડી વિના જીવી શકાય છે. એમ તો અમે તમારા વિના પણ જીવી શકીએ છતાં નથી જીવતા. હું તો કહું છું કે આ આખું બધું વાજું એક રીતે તો દાઢી અને ફટકડી જેવું છે. લાહ્ય બળે અને છતાં ય લાહ્ય લગાડવી જ પડે. જો હું ઊંઘમાં છું, અને મને વધારે બોલાવીશ તો પછી...તને લાહ્ય બળશે. આ કહ્યું...

શ્રીમતી: નફ્ફટ છો, નફ્ફટ...

હું: બરછટ દાઢી જેવા...અને તું...તું

શ્રીમતી: ચૂપચાપ સૂઈ જાઓ હવે...

હું: ફટકડી!

[કૃતિનો કંઈ પણ ઉપયોગ કરતાં પહેલાં લેખકની અનુમતિ લેવી આવશ્યક છે.]

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : મોરારજીભાઇ દેસાઈ



ગયા માસના ત્રીજા અઠવાડિયામાં મુંબાઈમાં બિનલોકશાહી આંદોલનમાંથી પરિણમેલી રાજકીય ટોળાંશાહીને ગુંડાગીરીના ત્રાસને જરા પણ મચક ન આપતાં કડક હાથે દાબી દઈને પોતાની આજ સુધીની સમર્થ વહીવટી તાકાત, કુશાગ્ર રાજનૈતિક બુદ્ધિ અને અણનમ તથા ન્યાયનિષ્ઠ આગ્રહશીલતાને ઉજ્જવળ કરી બતાવનાર મુંબાઈ રાજ્યના સૂત્રધાર શ્રી મોરારજીભાઈ દેસાઈ, એ માત્ર મુંબાઈ જેવા એકાદ રાજ્યને જ નહિ બલ્કે સમસ્ત ભારતને દોરવણી આપવાની ક્ષમતા ધરાવનાર ભારતના અગ્રણી, અને સરખામણી કરીએ તો પં૰ જવાહરલાલ નેહરુથી તરતના બીજા રાજનીતિજ્ઞ અને કુશળ વહીવટકર્તા છે.

સુરત જિલ્લાના વલસાડ તાલુકામાં આવેલા ભદેલી ગામમાં એક મધ્યમ વર્ગના કુટુંબમાં ઈ. ૧૮૯૬ની ૨૯મી ફેબ્રુઆરીએ તેમનો જન્મ થયો હતો. બાળપણથી જ તેઓ આચારે ધર્મનિષ્ઠ, સ્વભાવે સત્યનિષ્ઠ અને જીવનમાં સાદા હતા. ઈ. ૧૯૧૧માં તેઓ મૅટ્રિકમાં ઘણે ઊંચે નંબરે—પ્રથમ પચાસમાં—આવ્યા, ત્યાં જ પિતા રણછોડજીનું ૪૭ વર્ષની વયે અવસાન થતાં, તથા તે બાદ તેમનાં લગ્ન થતાં બહોળા કુટુંબના ભરણપોષણની બધી જ જવાબદારી તેમના પર આવી પડી. પ્રબળ સંકલ્પશક્તિ અને પરિશ્રમી જીવન વડે એમણે ખભાને ખડતલ બનાવી જીવનનો ભાર વહ્યો. મુંબાઇની ગોકુલદાસ તેજપાલ બોર્ડિંગમાં મફત રહેવાની સગવડ મળતાં એમણે વિલ્સન કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. કૉલેજકાળ દરમ્યાન પણ પોતાના અભ્યાસનું ઉચ્ચ ધોરણ જાળવી રાખવા ઉપરાંત તેઓ કૉલેજ તરફથી ચાલતી હિંદસંરક્ષણ માટેની 'યુનિવર્સિટી ટ્રેઇનિંગ કૉર્પ્સ'માં જોડાઇ વાઈસરૉયના કમિશન્ડ ઑફિસર બનેલા. ઈ. ૧૯૧૭માં ફીઝિક્સ લઇને બી. એ. માં પહેલા વર્ગમાં ઑનર્સ સાથે તેઓ પાસ થયા ને કૉલેજના 'દક્ષિણા-ફેલો' નિમાયા. બાદ તેમની તેજસ્વી કારકિર્દીને લીધે પ્રાંતિક સિવિલ સર્વિસ માટે તેમની પસંદગી થઇ ને તેઓ ડેપ્યુટી કલેક્ટર બન્યા. એ સ્થાનેથી પ્રજાસેવાની મળતી બધી તકો ઝડપી લઇ એમણે ખેડા, થાણા, ભરૂચ, પંચમહાલ અને અમદાવાદ—જ્યાં જ્યાં કામ કર્યું ત્યાં ત્યાંનાં માન ને પ્રેમ તેમણે જીતી લીધેલાં. ગોધરાના કોમી રમખાણને તેમણે કડક હાથે દાબી દીધેલું, અને તે બાબતમાં ઉપરીઓ સાથે મતભેદ જાગતાં આશાસ્પદ ભાવિની દરકાર કર્યા વિના ૧૯૩૦ની ૧૮મા મેએ તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપ્યું. તે પછી ત્રીજે જ દિવસે તેમને પુત્રના અવસાનના ખબર મળ્યા. છતાં હૈયું કઠણ કરી તરત જ તેઓ કટોકટીઓનો સામનો કરવામાં ને દેશસેવાના પોતાના ધ્યેયની સાધનામાં લાગી ગયા. લાગલા જ તેઓ હિંદી રાષ્ટ્રીય મહાસભા(કૉંગ્રેસ)માં જોડાયા ને ત્રણ જ માસમાં ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી બન્યા.

એ પછીના જાહેર જીવનમાં ઈ. ૧૯૩૦માં તેમને પહેલી વાર ત્રણ માસની જેલ મળી. તે પછી ૧૯૩૨ અને '૩૩માં દોઢ અને બે વરસની સજાઓ મળી. જેલમાં પોતાને ઉચ્ચ વર્ગના કેદી તરીકે મળતી સગવડોનો તેમણે પોતાના સાદાઇના આગ્રહને કારણે ત્યાગ કર્યો હતો. આ સમય દરમ્યાન સાદા તથા તપોમય જીવનની તેમની સાધના પરાકાષ્ઠાએ પહોંચી હતી. હવે રાજ્યક્ષેત્રમાં પણ તેમનું સ્થાન ગણનાપાત્ર થતું જતું હતું, અને સરદારની પછી કૉંગ્રેસ કારોબારીમાં તેમને લેવામાં આવ્યા તેમજ કૉંગ્રેસનું ખજાનચીપદ પણ તેમને મળ્યું. ઈ. ૧૯૩૭માં સુરત જિલ્લા ગ્રામ મતદાર વિભાગમાંથી તેઓ ધારાસભામાં ચૂંટાયા અને એ સાલમાં કૉંગ્રેસે સ્વીકારેલાં પ્રધાનપદોમાં તરત જ તેઓ મહેસૂલ ને જંગલખાતાના પ્રધાન થયા. ઈ. ૧૯૩૯માં કૉંગ્રેસે પ્રધાનપદાં છોડી દીધાં તે સાથે ફરી એમણે કૉંગ્રેસનું કામ ઉપાડી લીધું ને ઈ. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી જેલ ગયા. ઈ. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ચળવળ પછી ૯મી ઑગસ્ટની દેશવ્યાપી ધરપકડોમાં તે પણ ઝડપાયા ને ઈ. ૧૯૪૫ સુધી અટકાયતમાં રહ્યા. ત્યાંથી છૂટ્યા બાદ ઈ. ૧૯૪૬માં ફરી મુંબાઈ ધારાસભામાં ચૂંટાઈ આવીને મહેસૂલી પ્રધાન ઉપરાંત ગૃહપ્રધાન બન્યા.

અણીશુદ્ધ પ્રામાણિકપણું, અંગત જીવનમાં કડક સાદાઈ ને દક્ષતાભર્યો મક્કમ તંત્રવહીવટ એ ગુણોથી એક આદર્શ મનુષ્ય અને આદર્શ રાજદ્વારી પુરુષ તરીકેની બેવડી મહત્તાના એ અધિકારી પુરુષને માટે સમગ્ર ભારત ગૌરવ લઇ શકે તેવું ઉચ્ચ તેમનું જીવન છે, અને તેવી જ ઉજ્જવળ તેમની કારકિર્દી છે.

દિનવિશેષ

તા. ૧ બારડોલીની કરવિરોધી લડતની મહાત્મા ગાંધીજીએ ઘોષણા કરી, ૧૯૨૮.
તા. ૨ મુઘલ શહેનશાહ શાહજહાંનું દિલ્હીમાં કેદી અવસ્થામાં કરુણ અવસાન, ૧૬૬૬.
તા. ૪ માલવીયજી અને બેસન્ટના પ્રયાસે બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ૧૯૧૫.
તા. ૬ સુરતમાં વેપારની કોઠી નાખવાની જહાંગીરે અંગ્રેજોને મંજૂરી આપી, ૧૬૧૩.
તા. ૭ અંગ્રેજી સાહિત્યના મહાન ને લોકપ્રિય નવલનવેશ ચાર્લ્સ ડિકન્સનો જન્મ, ૧૮૧૨.
તા. ૧૩ અસ્પૃશ્યતા-નિવારણના પગરણ રૂપ, જગન્નાથપુરી મંદિરમાં હરિજનપ્રવેશ, ૧૯૪૮.
તા. ૧૭ હિંદી પ્રજાએ જલિયાંવાલા બાગને પાંચ લાખની રકમથી ખરીદી લીધો, ૧૯૨૦.
તા. ૨૫ 'પ્રેમ-શૌર્ય'ના સૂત્રધારી પ્રથમ ગુજરાતી ગદ્યલેખક કવિ નર્મદનું અવસાન, ૧૮૮૫.
તા. ૨૯ સ્વતંત્ર ભારતમાંની છેલ્લી બ્રિટિશ લશ્કરી ટુકડીની મુંબાઈથી વિદાય, ૧૯૪૮.

પ્રસંગવિશેષ : અકબરનું રાજ્યારોહણ : ૧૪મી ફેબ્રુઆરી ૧૫૫૬

ઈ. ૧૫૫૬માં હુમાયૂં મૃત્યુ પામ્યો ત્યારે તેનો તેર વર્ષનો શાહજાદો અકબર, શેરશાહના ભત્રીજા સિકંદર સૂર સામે મોરચે ચડેલા પોતાના વાલી બહેરામખાન પાસે હતો. રાજ્યારોહણ શાંતિમય થઈ શકે તે માટે હુમાયૂંના મૃત્યુના સમાચાર થોડો સમય છુપાવીને, ૧૫૫૬ની ૧૪મી ફેબ્રુઆરીએ પંજાબના ગુરુદાસપુર તાલુકાના કલનૌર ગામમાં હિંદના શહેનશાહ તરીકે અકબરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, ત્યારે તેની સામે હિંદના શહેનશાહ તરીકે (૧) ખુદ શેરશાહ (૨) તેનો સૂર વંશનો ભત્રીજો મહમદશાહ આદિલ, (૩) તેનો બીજો ભત્રીજો સિકંદર તથા (૪) મહમદશાહ આદિલનો કર્તાહર્તા વજીર હેમુ એમ ચાર જણ દાવો કરતા ઊભા હતા. પણ હેમુ પાણીપતમાં હાર્યો તથા માર્યો ગયો અને મહમદશાહ આદિલે પણ પછી રાજકાજની પરવા કરી નહિ, એટલે અકબરે સત્વર આગ્રા અને દિલ્હીનો કબજો મેળવી લીધો, ને ઈ. ૧૫૫૭માં સૂર કુટુંબનો અંત આવ્યો. સ્વતંત્ર સ્વભાવના મહત્ત્વાકાંક્ષી અકબરને પણ બહેરામખાનની કચડતી છત્રછાયા હવે ખૂંચવા લાગી, એટલે ૧૫૬૦માં અકબરે બહેરામખાનને રાજકાજમાંથી છૂટો કરીને સઘળો કારભાર પોતાના સ્વતંત્ર હાથમાં ધારણ કર્યો.

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

આપણે ત્યાં આપણી પોતાની રાષ્ટ્રભાષા હિંદી શીખવા પ્રત્યે અમુકઅમુક પ્રદેશોમાં હજી માત્ર ઉપેક્ષા જ નહિ પરંતુ વિરોધ પણ જણાય છે એ વખતે, યુરોપનો વતની અને વિદેશી માતૃભાષાવાળો માણસ પણ ધારે તો કેટલી શુદ્ધ હિંદી ભાષા શીખી લઈ શકે છે તેના ઉદાહરણ રૂપ, વઢવાણના શ્રી વજુભાઈ મહેતા ઉપર ચેકોસ્લોવાકિયાથી આવેલો એક પત્ર, તે લખનારના અભ્યાસની સંપૂર્ણતાનો ખયાલ આવે એ હેતુથી, એ ભાઈના પોતાના જ હસ્તાક્ષરમાં આ નીચે આપીએ છીએ:

प्यारे भैया, प्राहा १० दिसंबर १९५५।

आपकी चिट्ठी मिली। मेरी खींची तस्वीरें आपको अच्छी लगीं - यह समाचार पाकर मैं बहुत प्रसन्न हुआ। अगर आप चाहते हैं तो अंग्रेजी में लिखिए। Oriental Institute में काम करते करते ढाई महीने बीत गये। मेरा काम मुझे बहुत पसंद है। मैं कृष्ण चन्द्र के नावल का अनुवाद तय्यार कर रहा हूं। इस के अतिरिक्त संस्कृत तथा प्राकृत भाषा सीखता रहता हूं। इन दिनों में यहां पर भारतीय कला (चित्र कला और मूर्तिकला) की प्रदर्शिनी हो रही है। आरंभ में नये भारतीय राजदूत उपस्थित हुए। मुझे पक्की आशा है कि अगले साल की गरमियों में हिन्दोस्तान जा पाऊँगा। संभव है कि अलीगढ़ या लखनऊ युनिवर्सिटी में एहतिशाम हुसैन M.A. के पास पढ़ूंगा। अच्छा भाई, आपको और आपके सारे कुटुम्ब को बड़े दिन के त्योहारों की बधाई देता हूं।

आप का
Jan [illegible]

ઑસ્ટ્રેલિયન પત્રમિત્રો

(નીચેના દરેક સરનામાને છેડે Australia ઉમેરી લેવું)

(1) Peter Nelson, Mounl Burn, Sth Australia, Stamps, Letter-writing, Photography; (2) Miss Jetanlte Berlund, Age 16, Private Bag: 46, Whill. Victoria, General Hobbies, Correspondence (3) Miss Valma Hatty, Age 17, 'Glenellen' Ganmain, New South Wales, General Correspondence, Dancing, Travelling; (4) Mrs. R.G. Merlin, Age 29, Box: 104, Robinvale, Victoria, Gardening, Wishes to Exchange Seeds, Reading, Child-welfare-work; (5) Mrs. Joy Barthelson, Yambuna Road-side, Jongala, Victoria, Cooking, Reading, Radio-Listening, Corresponding; (6) Miss Eargarer Rose Eackay, Age 16, Wamcoors, Mt. Balac, Victoria, Stamps, Dancing, Reading; (7) Nut Moorfoot, Age 18, 'Annuala' Gunbrys Road, Beu Brae, Victoria, Farming, Hiking, Flying, Shooting, Writing; (8) Geaffrey Graeme Moorfoot, Age 16, 'Annuala' Gunbrys Road, Beu Brace, Victoria, Tennis, Photography, Swimming, Reading, General; (9) Miss Colin John, Age 15, 2 Carrington Grove, East Bringhton S. 6, Melbourne, Victoria, Stamps, Photography, Movies; (10) Mrs. Josephience Dudman, Age 27, Douglas Park, Bamphell Town, TAS, Shell-Collecting, Letter-writing; (11) Mr. Thomas H. Smith, Age 29, Jorrita, Victoria, Farming, Animals, Tennis, Football; (12) Mrs. N. L. Gration, Age 43, Fairview Avenue, Glen Waverley, Melbourne, Letter-writing, Views; (13) Mr. Jim Milton, Age 22, C/o. Mr. L. D. Stevens, Gundowring Roadside, Victoria, Drawing, Letter-writing, Tennis; (14) Mrs. A. Raine, Mc Bryde Street, Fawkner N. 15, Melbourne, Home-making; [ઉલ્લેખ: International Penfriends Intimacy Group, 7/32 Kalyan Bldg., Khadilkar Road, Bombay-4.]

પરદેશી પત્રમિત્રો

(1) B. D. Pemsiri De Silva, Age 17, Sub-Post Office, Unawatutta, Galle (Ceylon), Stamps, First Day Covers, View Cards [ઉલ્લેખ: Niranjan H. Dave, 324 Manek-Para, Amreli;] (2) Elke Matthlspen, Girl-18, Hamburg, Altona, Mimillandallce (Germany), Music, Literature; (3) Eva Maria Wolfring, Girl-18, Hamburg-24, Hindsburgerdanm-4 (Germany), Gardening; (4) Eriha Randrio, Girl-17, Hamburg, Wandsback, Shrensburgter 55 (Germany), Cinema, Reading, Swimming; [નં. ૨ થી ૪, ઉલ્લેખ: Shankerlal Kantilal Shah, Ravpura, Baroda]; (5) Mehar Singh, Age 15, P.W.D. Quarters, High Street, Singapore-6 (Malaya), Stamps, Reading, Movies, Cycling, Games; (6) Richard Tap, Age 15, 61 Cavenagh Road, Singapore-9 (Malaya), Swimming, Games, Movies, Stamps; (7) Michael Kuan, Age 17, 2 Jalan Timor, Kajang, Selangor (Malaya), Stamps, Post Cards; (8) Miss Chen Shuen Ing, Age 19, 5 Bank Road, Sibu, Sarawak, Correspondence, Post Cards; [નં. ૫ થી ૮, ઉલ્લેખ: R. B. Barot, 25 Prahlad Plot, Vijay-Bhavan, Rajkot (Saur.)] (9) Mr. Lars Goeran Frisk, Age 17, Ringvagen 23, Vaggaryd (Sweedon), Athletics, Astronomy, Reading [ઉલ્લેખ: Jayant Patel, 27 B., Dr. Rajendra Road, Bhawanipore, Calcutta-27]; (10) Miss Josephine M. Adams, Age 15, 85 Abbotts Road, Mitcham, Surrey (England), Pre. Boy-Penfriend between 15/19; (11) Mr. S. Milde, 75 Rue de la Station, Diegem (Belgium), Pre. Girl-friend about 20 in India; (12) Mr. S. Sivadas, Age 30, P. O. Box 2041, Singapore, Politics, photography, Cultural and Literary Outlook; (13) Mr. H. Shapiro, Age 43, Accounts Branch GPO, Jerusalem (Israel), General Information; (14) Mr. Jon Taylor, Age 25, KFAR Hayarok, Ramat, Hasharon (Israel), Literature, Religion, Philosophy and Music; (15) Miss. Diane Hoe, Age 11, 74 Hackensack Road, Poughkeepsie (New York) U.S.A., Reading, Sports, Penfriendship; [નં. ૧૦ થી ૧૫, ઉલ્લેખ: National League of Penfriends, Bombay-2]; (16) M. P. B. A. Jayatilake, Age 20, Delgolla Estate, Mawatagama, Kurunegala, Colombo (Ceylon); Stamps, Photography,

Reading, (17) Mr. M. N. Kaman, Galassagoda, Kiriella (Ceylon), Stamps, Pen-friendship; (18) Mr. Mohmed Muhusun, 61, Kandy Street, Gampola (C. P.) (Ceylon), Stamps; (19) Mr. C. Pusparatnam, No. 5, Rose Street, Matale (Ceylon), Stamps; (20) Mr. Raajanee Dahanackaki, No. 252, Galahiticjaax, Ganenulla (Ceylon), Stamps; (21) Miss Katin Brocr, Age 16, Koln-Rihl, Phillipp–Wirtgenstr-18 (Germany), Music, Literature, Painting; (22) Miss Etika Buss, Age 16, Koln-Pippes, Wilhelmstr-70, (Germany), Literature, Painting; [નં. ૧૧ થી ૨૨, ઉલ્લેખ: Shashi Shah, Jekore Nivas, Dixit Road, Bombay–24].

જે ભાઈબહેનોને ઇજિપ્ત, સીરિયા, જૉર્ડન અને તુર્કીમાં પત્રમિત્ર જોઇએ તેમણે પોતાનાં નામ, સરનામું, શોખ, વય અભ્યાસ અને જાતિ લખીને, મંત્રી, ઇન્ટરનૅશનલ પેનફ્રેન્ડઝ ઈન્ટીમસી ગ્રૂપ (૭/૩૨ કલ્યાણ બિલ્ડિંગ, ખાડિલકર રોડ, મુંબાઇ-૪)નો સંપર્ક સાધવો. એ સંસ્થા માટે વિગતો જોઈતી હોય, તેમણે એક આનાની ટિકિટ મોકલવી.

હિંદી પત્રમિત્રો

(347) Indravadan V. Desai—18, C/o Shree Gujarat Vaishya Sabha, Jamalpur, Ahmedabad, Reading, Stamps, Photography, Travelling; (348) Sukhkant P. Ahluwalia—16, 1206 Krishnanagar, Swastik Society, Bhavnagar (Saur.), Stamps, First D. Covers, View-Cards, Cricket; (349) Navinchandra M. Parikh—16, Add. as above, First Day Covers, Gardening; (350) Rameshkumar Chunilal Shah—16, C/o Chunilal Kasturchand Shah, 403 Centre Street, Camp Poona, Poon-1, Correspondence; (351) Bhanuprasad Trikamlal Joshi–18, Dahya Bhai's Khadki, Narsanda, Via Boriavi, Dist. Kaira, Stamps, Coins, First Day Covers, Photography, View-Cards; (352) Artist Nareshkumar N. Kothari–22, Chanda-Nivas, Gopipura, Horwad, Surat, Art, Music, Photography, Stamps; (353) Navinchandra M. Thakkar,-19, C/o The Pioneer High School, Anand (Guj.), Stamps, Match-Lables; (354) Abbas A. Vaziri–17, Devdi, In Bhoira, Surat, Drawing, Reading; (355) Narahari J. Panchal –20, Panchal Boarding House, Ghee Kanta Rd., Ahmedabad Stamps, Literature; (356) Ashokkumar–19, Ambalal Dahyabhai Patel, Khari Kui, Sojitra (Dist. Kaira), Stamps, Playing Cards, Calenders; (357) Mahesh N. Joshi–21, C/o Naginlal S. Joshi, Govt. Quarters No. 12, Jhagadia (Dist. Broach), Cinema, Politics, Novels, Social Informations; (358) Kanaiyalal B. Kanakia–17, C/o Bhagvandas M. Kanakia, 2nd Panjrapole Lane, Balkrishna Nivas, 1st Floor, Room No. 26, Bombay–24, Reading, Stamps, Cinema, Travelling; (359) Chandrakant Ranchhodlal Thakkar–16, Near Fatepur, Ellis bridge, Ahmedabad-7, Correspondence; (360) Hari Krishnarao Mahajan–21, Prathamik Kumar Shala, Karavan, Via Miyagam (Baroda Dist.), Stamps, Reading, Cricket, Educational & Political Affairs, Literature; (361) Trikambhai Haribhai Solanki–23, Girdharlal's Dela, Near Prarthana Samaj Mandir, Raikhad, Ahmedabad, Penfriendship, Collection of the Matters from Newspapers: (362) Madhusudan Hirji Shah–16, Arsiwala Building, Lalbaug, 1st Floor; Bombay-12, Indian Games, Film-Music, Novels, Travelling; (363) Hasmukhlal Jayantilal Shah–21, Maneklal Chandhulal's Building, Bahuchar Nivas, Station Road, Morbi (Saur.), Literature, Cinema-Music, Photography; (364) Dhirajlal Govindji Karia–21, Bhoi-wada, Morbi (Saur.), Swimming, Cycling, Cinema, Languages, Literature; (365) V. N. Thakkar–21, Near Kirti-Stamha, Anand (W. R.), Photography, Correspondence; (366) Hasmukhray N. Kothari–18, Bhojrajpara, Street No. 6, Road No. 9, Gondal (Saur.), Correspondence; (367) Rajendra Balmukunddas Vyas–18, Desai Mahal, Bazaar, Vadnagar (N. G.), Stamps; (368) Bholabhai H. Patel–21, Near Nawa Kuva, Pundhra (Vijapur Taluka, Dist. Mehsana), Novels, Swimming, Valley-ball, Reading; (369) Priyavadan U. Raval–20 (International Pen-pal), Kumund-Kunj, Sultanpura, Chadiali Pole, Baroda-1, Stamps, Coins, F. D. Covers; (370) Bagmal A. Madhani–17, C/o A. N. Madhani, Near Delhi Gate, Kadiya Vas, Palanpur, Writing, Reading, Photography, Wandering; (371) Jethalal R. Patel–20, Dahemai (Dist. Sabarkantha), Drawing, Cinema, Foreign Affairs; (372) Bhavanji K. Savala, Shantinath Bhavan, Room No. 7, Sion Road, Matunga (C. R.), Bombay-19, Stamps, View-Cards, Photography, Reading; (373) Ramanlal Bhailal Thakkar–22, Vadi-Kumar-Shala, Baroda, Music, Coins, Travelling, Painting; (374) Kamalesh Bhailal Thakkar–18, Shroff Memorial High School, Lalwada, Baroda, Poems, Foreign Affairs, Stamps; (375) Govind Bhailal Thakkar–16, Lohana Boarding House, Baroda, Reading, Writing, Coins, Photography; (376) Dineshchandra Ramanlal Parikh–20, 192 Sheikh Memon Street, 2nd Floor, Bombay-2, Photography, Reading, Travelling; (377) Dilip Hariprasad Mehta–21, Coen Road, Hubli (S. Rly., Bombay State), Stamps, Photography, Sports, Literature; (378) Dalsukhray N. Ramani–21, Khandhera, Via Jamnagar (Saur.), Stamps, Photography; (379) Raghavji K. Rajasara–20, Jaindas Ramchand's Bldg., Bararkot, Veraval (Saur.), Stamps, Cinema; (380) Pranjivan Hansraj Udeshi–22, 458/68 Chiragh-Bazaar, 2nd Floor, Room No. 28, Bombay-2, Science, Politics, History, Literature.

(ચાલુ)



ચાલ, ચાલ, પડિયે પગરસ્તે, નવુંનવું જોવાશે,
ઊભી લાગતી ધરા તે ય ખેંચાતી ને ખેંચાશે!
ખેંચાતાં પણ જવું જ તો તો જવું ન શીદ ખુશીથી।
ચાલ, ચાલ, ઊડિયે જ અગાડી, આનંદે વણુ ભીતિ!
(સ્નેહમુદ્રા) —ગોવર્ધનરામ

સ્વ. સરદારસિંહ રાણા

૧૮૫૭ની ક્રાંતિ પછી ભારતના જે દેશભક્તોએ પરદેશમાં રહીને સશસ્ત્ર ક્રાંતિદ્વારા પોતાના દેશને અંગ્રેજી સત્તામાંથી મુક્ત કરવાના પ્રયાસ કર્યા અને તેને લીધે જીવનભર દેશવટો ભોગવ્યો તેમાં શ્રી. રાણાનું સ્થાન મહત્ત્વનું છે. ભારતીય વિપ્લવવાદીઓની પહેલી પેઢીના અગ્રણી શ્રી રાણા સાવરકર વગેરેના દીક્ષાગુરુ અને સ્વ. શ્યામજી કૃષ્ણવર્માના સાથી હતા.

સૌરાષ્ટ્રમાં લીંબડી પાસેના કંથારિયા ગામમાં ઈ. ૧૮૭૦માં એક શ્રીમંત ભાયાતને ત્યાં એમનો જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ કંથારિયા અને સારંગપુરમાં લઈ તેઓ રાજકોટ ગયા. અને ઈ. ૧૮૯૧માં ત્યાંથી મૅટ્રિક થઈ મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ત્યાં વર્તમાનપત્રોના વાચન અને ઇતર પ્રવૃત્તિમાં ભાગ લેતાં તેમને રાજકારણનો રગ લાગ્યો અને ૧૮૯૫માં પૂના કૉંગ્રેસમાં સ્વયંસેવક તરીકે સેવા આપી. આ વખતે દેશમાં અંગ્રેજી પોશાકનું માન હતું ત્યારે એમણે પોતાનો સૌરાષ્ટ્રી પોશાક જ કાયમ રાખેલો, તેથી કૉંગ્રેસ-પ્રમુખ સુરેન્દ્રનાથ બૅનરજીએ તેમને ઑર્ડરલીનું કામ સોંપ્યું હતું. પોતાનું એ કાર્ય એમણે એવી રીતે બજાવ્યું કે શ્રી બૅનરજી તેમના પર ખુશ થઈ ગયા અને તેમને પોતાના હસ્તાક્ષરવાળી તસ્વીર તથા પોતાના ભાષણની છાપેલી નકલ, ભાષણ થયા અગાઉ જ, ભેટ આપી.

૧૮૯૭માં બી. એ. થઈ તેઓ કાયદાના અભ્યાસ માટે ૧૮૯૮ની ૨૩મી એપ્રિલે ઇંગ્લંડ ગયા અને મેની ૧૦મીએ એમને કૉલેજમાં પ્રવેશ મળ્યો. ભાગ્યયોગે તે દિવસ '૫૭ની ક્રાંતિની ૪૧મી સંવત્સરીનો હતો. એ દરમિયાન તેઓ સ્વ. શ્યામજી કૃષ્ણવર્માના સંસર્ગમાં આવ્યા. ભારતની ગુલામીથી અકળાએલા એ બંનેએ લંડનમાં ભારતની આઝાદી માટે બંધારણપૂર્વક લડતા 'ઇન્ડિયન એસોસીએશન'માં કામ કરવા માંડ્યુ. પણ એસોસીએશન અંગ્રેજી રાજ્યની પ્રશંસા કરતું ને તેની ન્યાયપ્રિયતા પર વિશ્વાસ ધરાવતું, તેથી થોડા સમય પછી એમને એસોસીએશન સાથે મતભેદ પડ્યો અને એમણે છૂટા પડી ઇન્ડિયન સોશિયૉલૉજીસ્ટ નામે પત્ર શરૂ કર્યું તથા હોમરૂલ સોસાએટીની સ્થાપના કરી. આ વખતે શ્રી શ્યામજી કૃષ્ણવર્માએ ઇંગ્લંડમાં ભણતા હિંદીઓનો પરિચય કેળવવા એક મકાન ખરીદ્યું, જે પાછળથી 'ઇંડિયા હાઉસ' તરીકે જાણીતું થયું અને ક્રાંતિકારીઓનું મિલન-સ્થળ બન્યું.

૧૯૦૫ના જુલાઈમાં પારીસનું ઐતિહાસિક પ્રદર્શન જોવા શ્રી રાણા ગયા ત્યાં મુંબાઈના એક ઝવેરી સાથે મુલાકાત થઈ. ઝવેરીને મદદનીશની જરૂર હતી, શ્રી રાણાને પણ દેશ ગયા પછી પ્રૅક્ટિસ શરૂ કરતાં પહેલાં નાણાંની જરૂર હતી. એટલે તે ઝવેરીના સહાયક બન્યા. પરિણામે તે ઠીકઠીક પૈસો રળ્યા, ને દેશવટા દરમિયાન બીજા ક્રાંતિકારીઓ માફક તેમને આર્થિક મુસીબત ભોગવવી પડી નહિ. ઊલટું ક્રાંતિકારીઓની યોજનાઓનો ખર્ચ તે ભોગવતા.

આ દરમિયાન શ્રી મદન જાદવ નામના એક હિંદી એમને મળ્યા. તેમને એમણે ઉચ્ચ લશ્કરી શિક્ષણ મેળવવા અર્થે મોકલ્યા અને બંગાળના હેમચંદ્ર દાસને બૉમ્બ બનાવતાં શીખવાની ગોઠવણ કરી આપી. સેનાપતિ બાપટ અને અબ્બાસ પણ એમને મળેલાં.

૧૯૦૫માં તેઓ લગ્ન માટે દેશ આવ્યા, પણ છ અઠવાડિયામાં જ પાછા ઇંગ્લંડ પહોંચ્યા. એ દોઢ માસ દરમિયાન તેમણે દેશની પરિસ્થિતિનો અભ્યાસ કરી લીધો. ઇંગ્લંડ ગયા પછી શ્રી શ્યામજી કૃષ્ણવર્માને કહી જે વિદ્યાર્થી ભણી રહ્યા પછી સરકારી નોકરી ન સ્વીકારે, ખિતાબ કે ડિગ્રી ન લે અને કેવળ દેશભક્તિ જ કરે તેને માટે છત્રપતિ શિવાજી, રાણા પ્રતાપ

આપણાં પ્રાણીઓ : ૧૧

ચામાચીડિયાં—(૧) કાનકેડિયાં



ઊડવામાં પંખીથી યે વેગીલું ચામાચીડિયું સ્તનપાયી વંશનું ને પાંખ તરીકે હાથ-પૂંછડી વગેરેને જોડતો ચામડીનો પડદો વાપરતું હોઇ પ્રાણીમાં ગણાય છે.

પાંખની ચામડીથી ઢંકાએલા તેના હાથની આંગળીઓમાં અંગૂઠો જ માત્ર છૂટો, અને તેને છેડે તીણો વાંકો નહોર. પગનાં પાંચ આંગળાંને છેડે ભીંત વગેરેને ચોંટી રહેવા ઉપયોગી નાના પણ તીક્ષ્ણ નહોર. પાનીએ લડવા માટે લાંબા અણીદાર નખ. કાન લાંબા: કોઈ છેડેથી ગોળ, કોઈ અણીદાર. ઘણાને નાકને ટેરવે 'ચર્મપત્ર'. પગ નિર્બળ, કંઈ ઉપાડવામાં જ ઉપયોગી.

અંધારે જોઈ શકે, પ્રકાશમાં આંધળાં. દિવસે ઊંચી જગ્યાએ લટકી રહે, રાત્રે ખોરાક આદિની શોધમાં. રમે, જમે, ઊંઘે-બધું જ ઊંધે માથે! તે 'કુદરતી રડાર' પોતાની ઝીણી કીડિયાં જેવી આંખથી નહિ, પણ અદ્ભુત તીવ્રતમ સ્પર્શશક્તિ (ઊડતી વખતનાં હલનચલનનાં મોજાંના પ્રત્યાવર્તન)થી 'જોઇ' શકે છે. માદા એક બચ્ચું જણે, ભાગ્યે જ બે; બચ્ચાંને છાતીએ વળગાડી ધવડાવે અને સાથે રાખે.

ચામાચીડિયાંના બે વિભાગ: (૧) નાનાં મોં કદનાં ચામાચીડિયાં, કાનકેડિયાં, ચીપકાં (Micro-cheiroptera—Bast); ને (૨) મોટાં મોં ને દેહવાળાં વનવાગળ કે વડવાગળ (Mega cheiroptera Flying Foxes).

ચામાચીડિયાં-કાનકેડિયાંની, ભારતમાં થતી સોએક જાતોમાંથી આપણે જોઇએ છીએ તે Indian Pipistrelle (Vesper tilis Abramus). તેને શરીરે વનવાગળ જેવી કેશવાળી નથી હોતી, મોં પણ લાંબું નહિ. કોઈ બાંડાં, કોઈ 'ચર્મપત્ર'વાળાં. બે પગ વચ્ચેનો ખૂણો ચામડીથી સંધાએલો. મુખ્યત્વે જીવાત ખાનારાં સ્વભાવે જ એકલવાયાં. વળી આ વર્ગનું અમેરિકામાં થતું Vampire (Phylastomidae) ઢોરઢાંખર અને વખતે માણસનું યે રુધિર પીએ છે.

('વનેચર'ના લેખ પરથી તારવીને)



સ્કેચ : રવિશંકર રાવળ

નેએકમુસ્લિમબાદશાહનાંનામવાળીશિષ્યવૃત્તિઆપવાનુંઠરાવ્યું.લાલા હરદયાળ, વિનાયકરાવ સાવરકર ને સેનાપતિ બાપટ સરકારી શિષ્યવૃત્તિઓ ફગાવી દઈ શ્રી શ્યામજી કૃષ્ણવર્માની આ શિષ્યવૃત્તિઓ સ્વીકારી.

૧૯૦૮માં બંગાળી ક્રાંતિકર શ્રી કનૈયાલાલ દત્તને જેલરને મારવા માટે ફાંસી થઈ અને તેના શબને કલકત્તામાં વિરાટ સરઘસમાં ફેરવ્યું. એની થોડી ભસ્મ ઇંગ્લંડ પહોંચી. એ ભસ્મનું ઈંડિયા હાઉસમાં દબદબાભર્યું સ્વાગત થયું. એ સમારંભનું પ્રમુખપદ શ્રી રાણાએ લીધું ને ભેગા થએલા સૌ ક્રાંતિકારીઓએ દત્તની ભસ્મનું તિલક કરી ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવાના શપથ લીધા, પરિણામે એમના પર સરકારની ખફગી ઊતરી. પરંતુ ઇંગ્લંડના નાગરિક હકના કાયદા પ્રમાણે તે કંઈ કરી શકી નહિ. જોકે પાછળથી શ્રી રાણાને લંડન છોડવું પડયું, અને પોતે અભ્યાસ પૂરો કર્યો હોઈ તે પારીસ ગયા.

ત્યાં એમને સમાજવાદી વિચારવાળાં મૅડમ કામા સાથે મુલાકાત થઈ અને બંનેએ ત્યાં મળેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કૉન્ફરન્સમાં ભાગ લીધો તથા ભારતને પૂર્ણ સ્વરાજ અપાવવાનો તેમાં ઠરાવ કરાવ્યો. આ જ કૉન્ફરન્સમાં ભારતનો ધ્વજ પહેલી વાર ફરકાવ્યો.

થોડા સમય પછી શ્રી શ્યામજી કૃષ્ણવર્માને પણ ઇંગ્લંડ છોડવું પડયું અને તે પણ પારીસ પહોંચ્યા. આ વખતે સાવરકરે લંડનથી એક જણને પિસ્તોલ ખરીદવા પારીસ મોકલ્યો. શ્રી રાણાએ તેને ખૂબ મદદ કરી પણ તેની પાછા જવાની હિંમત ચાલી નહિ. તેણે જેની પાસેથી પોતે રિવૉલ્વર ખરીદી હતી તેને શ્રી રાણાનું સરનામું આપ્યું. શ્રી રાણાએ રિવૉલ્વર ઇંગ્લંડ પહોંચતી કરી અને ત્યાં મદનલાલ ઢીંગરાએ સર કર્ઝન વાયલીનું ખૂન કર્યું. અંગ્રેજ સરકારને બધી બાતમી મળી ગઈ. કમનસીબે શ્રી સાવરકરે રિવૉલ્વર પરના કંપનીના નંબર દૂર કર્યા નહોતા. પરિણામે ફ્રાંસના જાસૂસી ખાતાએ શ્રી રાણાની તપાસ કરી, પરંતુ ત્યાં હથિયારબંધીનો કાયદો ન હોવાથી રાણાને કંઈ થયું નહિ. પણ ઇંગ્લંડમાં સાવરકરની ધરપકડ થઈ. તેણે હિંદ આવતાં માર્સેલ્સથી ભાગી જવાનો પ્રયાસ કર્યો અને દરિયો તરીને ફ્રાંસની ભૂમિ પર પહોંચી ગયા. પણ ત્યાંની બ્રિટિશ પોલીસે તેની ધરપકડ કરી. શ્રી રાણા આ મામલો ઠેઠ હાગની આંતરરાષ્ટ્રીય અદાલત સુધી લઈ ગયા પણ સફળતા ન મળી.

આ બધાંને પરિણામે હિંદની અંગ્રેજ સરકારે શ્રી રાણાને બંડખોર જાહેર કર્યા. સૌરાષ્ટ્રના પોલિટીકલ એજન્ટે તેમનાં માતાપિતા તથા સગાંઓને ચેતવણી આપી તેમની સાથે પત્રવ્યવહાર ન રાખવા જણાવ્યું. શ્રી રાણા પોતાની પત્નીને તો અગાઉથી જ પારીસ લઈ ગયા હતા.

આ દરમ્યાન પાંચમા જ્યૉર્જે એક વખત પારીસની મુલાકાત લીધી. શ્યામજી કૃષ્ણવર્મા એ સાંભળતાં જ જીનીવા જતા રહ્યા. રાણાને પણ પારીસ છોડવા જણાવ્યું. પણ એ માન્યા નહિ. પરિણામે પાંચમા જ્યૉર્જ જ્યાં સુધી પારીસમાં રહ્યા ત્યાં સુધી એમને નજરકેદ રહેવું પડયું.

૧૯૧૪માં યુરોપમાં મહાયુદ્ધ શરૂ થયું ત્યારે લાલા હરદયાળે તેમને પારીસ છોડી ઇંગ્લંડ આવવા જણાવ્યું. પણ ત્યાં શ્રી રાણાને શીતળા નીકળ્યા અને પારીસમાં રહેવું જોખમભર્યું હતું, એટલે દુઃખી દિલે પત્ની તથા પુત્રને ફ્રાંસને કિનારે એક ગામડામાં રાખી પોતે મૅડમ કામા સાથે પારીસમાં રહ્યા. પણ હિંદી લશ્કરે પારીસમાં પ્રવેશ કર્યો ત્યારે એમની વફાદારીને આંચ ન પહોંચે તે હેતુથી બ્રિટિશ સરકારે ફ્રાંસની સરકારની મદદથી શ્રી રાણાની ધરપકડ કરી અને તેમને બાર્ડો જેલમાં મોકલ્યા.

આ ગિરફતારીનો ફ્રાંસની 'માનવ અધિકાર સમિતિ' તથા 'ચેમ્બર ઑફ કૉમર્સે' વિરોધ કર્યો. એથી તેમને ૧૯૧૫ની ૭મી જાન્યુઆરીએ મુક્ત કરવામાં આવ્યા, પણ પરિવાર સહિત એક ટાપુ પર રવાના કર્યા. એ ટાપુથી શ્રી રાણા તદ્દન અપરિચિત હતા તેથી ત્યાં એમને ખૂબ મુશ્કેલી વેઠવી પડી. વીસ જ દિવસ બાદ એમના પુત્રનું ૧૯ વર્ષની વયે ત્યાં અવસાન થયું. કમને તેમને પુત્રને ભૂમિદાહ દેવો પડયો. પછીથી ત્યાં એમણે નાનુંસરખું મકાન બનાવ્યું અને ગાયો પાળી તેના દૂધની આવક પર જીવનનિર્વાહ ચલાવ્યો. વાડામાં તે શાકભાજી પણ ઉગાડી લેતા. પાંચ વર્ષે લડાઈ પૂરી થતાં તેમને ૧૯૨૦ની ૨૦મી માર્ચે પારીસ પાછા ફરવા દેવામાં આવ્યા. ત્યાં સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ અને મૌલાના મહમદઅલી સાથે તેમની પહેલી મુલાકાત થઈ. બંનેએ શ્રી રાણાનું સ્ટેશન પર સ્વાગત કર્યું. ગાંધીજીએ દેશની આઝાદીની લડતની આગે-

માની લીધાનું શ્રી રાણાએ તેમની પાસેથી ત્યાં પહેલી વાર જાણ્યું. આ જ વખતે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પણ પારીસની મુલાકાત લીધી, પણ પોતાના પર પોલીસની નજર હોવાથી કવિવરને મુસીબતમાં મુકાવું પડે એ માટે તેમને મળવા ન જતાં એક પત્ર લખી તેમણે પોતાની ભાવના વ્યક્ત કરી. કવિવરે તરત જ તેમને મળવાનું આમંત્રણ આપ્યું.

એ દિવસે હિંદીઓએ કવિવરના માનમાં ભોજન-સમારંભ રાખ્યો હતો. એમાં કવિએ શાંતિનિકેતનના પુસ્તકાલય માટે અપીલ કરી. શ્રી રાણાએ લગભગ સાતસો પુસ્તકો કવિવરને ભેટ આપ્યાં. કવિવર આથી એમના પર ખુશ થઇ ગયા. અને બંને વચ્ચે આજીવન મૈત્રીગાંઠ બંધાઈ. કવિવરની મુલાકાત પછી શ્રી રાણાને ભારતીય સંસ્કૃતિના સંશોધનની અગત્ય સમજાઈ અને એ દિશામાં કામ કરતા પ્રો. સિલ્વેં-લેવીને શ્રી રાણાએ શ્યામજી કૃષ્ણવર્માનું પુસ્તકાલય વાપરવા આપ્યું.

એ પછી શ્રી રાણા અનેક દેશનેતાઓના પરિચયમાં આવ્યા. લાલા લજપતરાય તો જ્યારે પારીસ જતા ત્યારે એમને ત્યાં જ ઊતરતા. એ સિવાય ડૉ. અનસારી, પં. મોતીલાલ નહેરુ, શ્રીમતી સરોજિની નાયડુ, નેતાજી સુભાષચંદ્ર વગેરે શ્રી રાણાને મળ્યા વિના રહેતા નહિ.

શ્રી રાણા હજી આમ દેશવટો ભોગવતા જ હતા તે દરમિયાન બીજી લડાઇ ફાટી નીકળી. શ્રી રાણા પોતાના ફ્રેંચ મિત્રો સાથે વીશીમાં રહેતા હતા તેથી જર્મનોએ તેમની ધરપકડ કરી. પણ ૧૯૪૧માં નેતાજી જર્મન ગયા ત્યારે તેમણે એમને મુક્ત કરાવ્યા. શ્રી રાણાએ નેતાજીને પારીસમાં સ્વતંત્ર ભારત કેન્દ્ર (ફ્રી ઇન્ડિયા સેન્ટર) શરૂ કરવાનું સૂચવ્યું હતું. નેતાજીને એ યોજના પસંદ પણ પડી હતી, પણ એ કાર્ય પાર પાડયું નહિ. શ્રી રાણા અને તેમના મિત્રો ત્યાં ૨૩મી એપ્રિલનો જલિયાંવાળા હત્યાકાંડ દિન ઊજવતા હતા. એટલે ૧૯૪૫માં ફ્રાંસ ફરીથી મિત્રરાજ્યોના અધિકાર હેઠળ આવ્યા બાદ ઇન્ડિયા સિક્યુરિટી પોલીસે શ્રી રાણાને આ ઉજવણી અંગે હેરાન કર્યા.

૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ભારતને મુક્તિ મળતાં તેમને આનંદ થયો. સ્વતંત્ર માતૃભૂમિના દર્શન માટે તેઓ '૪૭ની ૬ઠ્ઠી ડિસેમ્બરે શ્રીમતી ડૅનિયલ લેવી સાથે ૪૫ વર્ષે દેશ આવ્યા અને ગાંધીજી તથા બીજા નેતાઓને મળ્યા. સૌરાષ્ટ્રનાં રાજ્યોએ પણ તેમનો સત્કાર કર્યો.

આંધી ગઠરિયાં

શ્રી ચંદ્રવદન મહેતાની એ અતિ મનોહર જીવનકથાએ 'કુમાર'ના વાચકોને ચારેક વરસ સુધી રસતરબોળ કર્યા હતા. એ કૃતિ હવે પુસ્તક રૂપે સંપૂર્ણ પ્રકટ થઇ ગઇ છે. 'કુમાર'ના ઘણાક ગ્રાહકો તેનો રસાસ્વાદ માણવાને ઇચ્છુક દેખાયા છે, એથી અમે એ પુસ્તકની પ્રતો તેમને રાહતથી મળે એવી ગોઠવણ તેની પ્રકાશક સંસ્થા — 'ગાંડીવ'—સાથે કરી છે. એ યોજના અન્યત્ર છાપેલી નજરે પડશે. આશા છે કે ઇચ્છુકો તેનો લાભ જરૂર લેશે.

પણ દેશની પરિસ્થિતિ જોતાં તેમનો જીવ એટલો ગૂંગળાઈ ગયો કે ૧૯૪૮ની ૨૩મી એપ્રિલે તે પાછા પારીસ ચાલ્યા ગયા. દેશમાં ફેલાએલાં કાળાંબજાર, લાંચરૂશ્વત, ને સગાંવાદથી તેમનું દિલ ભાંગી ગયું.

૧૯૫૫ના ડિસેમ્બરમાં ૮૦ વર્ષની વયે એમનું અવસાન થયું. તેમની દેશભક્તિની ભાવના હરકોઈ દેશભક્તને પ્રેરણા આપે એટલી ઉજ્જ્વળ છે.

(કાઠિયાવાડ ટાઈમ્સ) —'શ્રીકાન્ત'


ભારતની સંસ્કૃતિમાં રાજસ્થાનનો ફાળો

સાહિત્ય, સંગીત, સ્થાપત્ય, શિલ્પ, ચિત્રકળા એ સર્વમાં રાજસ્થાને ભારતની સંસ્કૃતિમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ચારણી સાહિત્યનો તો એ સમૃદ્ધ સંગ્રહ ધરાવે છે. એ સાહિત્યનો વિકાસ બારમા સૈકામાં થયો મનાય છે. 'ખોમણ રાસો'માં રજૂ કરાવી મેવાડના રાણાઓની વંશાવલિ છેક રામ સુધી પહોંચે છે ને તેમાં ચિતોડના કિલ્લાનો ઘેરો, અકબર સાથે પ્રતાપની લડાઇઓ વગેરેનું સવિસ્તર વર્ણન પણ છે.

અજમેરના છેલ્લા રાજા બિસલદેવના રાજકવિ નરપતિ નાલ્હાએ ઈ. ૧૧૫૫માં 'બિસલદેવ રાસો' લખેલો. 'પૃથ્વીરાજ રાસો'એ મહા-રાજા પૃથ્વીરાજના રાજકવિ ચંદે લખેલો મનાય છે.

વીર કાવ્યોની માફક સંત-કાવ્યોએ પણ રાજસ્થાનના સાહિત્યમાં એટલો જ મોટો ફાળો આપ્યો છે. એ પૈકી મીરાંબાઈનાં કાવ્યો તો જગતના ભક્તિ-સાહિત્યના ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મીરાંનાં ગીતોમાં સાહિત્ય અને સંગીત ખૂબ જ નિકટતા ધરાવે છે. ૧૫મા સૈકા સુધી રાજસ્થાન અને ગુજરાતની જનતા મારુ ગુર્જર નામની એકસરખી ભાષા બોલતી હતી. આ બન્ને પ્રદેશો લોકદુહાઓનો સારો એવો સંગ્રહ ધરાવે છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતને ઉત્તેજન આપનારાં અગ્ર-ગણ્ય રાજ્યોમાં ઉદેપુર ને જયપુર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુપ્ત સામ્રાજ્ય બાદ અસ્ત પામેલાં સ્થાપત્ય-કળાનું પુનરુત્થાન પણ ૮મા ને ૧૧મા સૈકા દરમ્યાન રાજસ્થાન-માં થવા પામ્યું હતું અને ત્યાં કલાત્મક દેવમંદિરો તથા રાજમહેલો બાંધવામાં આવ્યા હતા. રાજસ્થાનનાં મંદિરો તેમની સ્થાપત્યકલા ઉપરાંત શિલ્પકળા માટે પણ પ્રખ્યાત છે પણ ભારતના કલા-વારસામાં રાજસ્થાને સૌથી ઉત્કૃષ્ટ ફાળો તો તેની રંગચિત્રકલા દ્વારા આપ્યો છે. પછી જ્યારે રજપૂત રાજાઓએ હિમાલયની તળેટીમાં નાનાં નાનાં રાજ્યોની સ્થાપના કરી, ત્યારે તેમની સાથે એ પ્રદેશમાં ગએલી એ રાજપૂત ચિત્રશૈલીમાંથી જ જગતપ્રશંસા પામેલી લલિત 'પહાડી ચિત્રશૈલી' વિકસી.



ચિતોડગઢમાં મીરાંબાઇનું મંદિર: ડાબી બાજુનું રાણા કુંભાએ બંધાવેલું વીરજીનું મંદિર છે; અને જમણી બાજુનું મંદિર કુંભાનાં પત્ની મીરાંએ બંધાવેલું શ્રી કૃષ્ણનું મંદિર છે. રાજપુતાનાનાં આ મંદિરો તેનાં ઉત્તમ શિલ્પ-સ્થાપત્ય માટે પ્રખ્યાત છે.



રબરના બગીચા ભારત રબરની અછતવાળો દેશ છે. જોકે આપણા રબરના બગીચાનો વિસ્તાર અંદાજે ૧,૭૨,૮૦૦ એકર છે છતાં એ ઓછા પડે છે. બગીચાનું રબર નીચેના ત્રણ પ્રકારોમાં તૈયાર થાય છે: સ્મોક્ડ શીટ, ક્રૅપ અને પ્રિઝર્વ્ડ લૅટેક્સ. કાચું રબર રસના રૂપમાં હોય છે, જે 'લૅટેક્સ' કહેવાય છે. એ તો સૌ જાણે છે કે રબરના ઝાડની છાલમાંની રસવાહિનીઓમાં પ્રવાહી દૂધ રૂપે કાચું રબર મળી આવે છે. ઝાડની છાલમાં 'V' આકારનો છેદ પાડીને રબરનાં ઝાડની નીચે રાખવામાં આવેલા પ્યાલામાં તે ભેગો કરવામાં આવે છે. ઉપલા ચિત્રમાં એવો એકઠો થએલો રસ ડોલોમાં ઠાલવીને લઈ જતા મજૂરો દર્શાવ્યા છે. દરેક મજૂર એક દિવસમાં લગભગ ૩૦૦ ઝાડને છેદ પાડે છે.

એક જ ઝાડમાંથી બૂચ અને મધ

એ ન મનાય એવું લાગે છે, પરન્તુ સોવિયેતના દૂર પૂર્વના ઉસ્સુરી પ્રદેશમાં પુષ્કળ ઊગતાં 'આમુર-બૂચ' નામના ઝાડના આ બે ઉપરાંત બીજા પણ ઘણા ઉપયોગ થાય છે.

તેના નામધારી આમુર નદીના પ્રદેશમાં ઊગતા આ ઝાડનું લાકડું અતિ સખત હોય છે અને ફર્નિચર બનાવવા માટે એ ઉત્તમ ગણાય છે. એનાં મોટાં ફૂલમાંથી મધમાખીની મદદથી એક ખાસ ઊંચી જાતનું મધ તૈયાર કરાય છે. જે દવામાં પણ વપરાય છે. વળી તેનાં ફળમાંથી ઉત્તમ જાતનું તેલ નીકળે છે, પણ આ ઝાડનું ખાસ મૂલ્ય એની મુલાયમ છાલમાં છે. એ છાલમાંથી પ્રથમ કક્ષાનું બૂચ બને છે, જેનો ઉપયોગ ઈન્સ્યુલેશન બોર્ડ, લાઇનોલિયમ વગેરે અનેક બનાવટો તૈયાર કરવામાં થાય છે. ઉપરાંત ઝાડની છાલ જો સભાળપૂર્વક કાઢવામાં આવે તો નવી છાલ ઊગે છે જે ઘણી વાર વધુ સારી જાતની હોય છે. અને આ અદ્‌ભુત ઝાડ ૩૦૦ વરસ જીવે છે! (ટાસ)


શાબાશ દોડવીરો!

ગુજરાતના દોડવીરો શ્રી કરસનસિંગ ચૌહાણ અને શ્રી રામસિંગ ચૌહાણે મુંબઈ રાજ્યની મૅરૅથૉન દોડ(૨૬ માઈલ ૩૮૫ વાર)માં સર્વ પ્રથમ આવીને ગુજરાતનું નામ રોશન કર્યું છે અને અમદાવાદ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. ધોળકા તાલુકાના અંધારી ગામના આ યુવાનો છેલ્લાં ત્રણ વરસથી અમદાવાદમાં અને ગુજરાતમાં મૅરૅથૉન દોડમાં વિજેતા બને છે. એ દોડવીરોને નજરે જોનાર કદી એમ ન માની શકે કે આ પાતળા શરીરના, ખાસ વ્યક્તિત્વ વિનાના યુવાનો ૨૬ માઈલ દોડી શકે! પણ શ્રી. કરસનસિંગે ૨ કલાક ૫૦ મિનિટ ૨૬⅗ સેકંડમાં ૨૬ માઈલ ૩૮૫ વાર દોડીને મુંબાઈ રાજ્યના ૧૩ હરીફોમાં વિજય મેળવ્યો છે એ માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ યુવાનો ગરીબ કુટુંબના છે. તેમને જરૂરી પોષણનાં કે વ્યાયામની સારી તાલીમનાં સાધનો નથી, કે આવી અત્યંત શ્રમજનક હરીફાઈ માટે તૈયાર થવા માટે જોઈતી સગવડો યે નથી. છતાં કેવળ અદમ્ય ઉત્સાહ અને લગનીને પ્રતાપે જ તેઓ આવા વિજયો મેળવી રહ્યા છે. આ વખતે મુંબાઈની હરીફાઈમાં ભાગ લેવા ગયા ત્યારે ત્યાં જવા માટે ટિકિટના, કે ત્યાંના રોકાણ દરમ્યાન સાત દિવસ જમી શકવા માટે પણ તેમની પાસે પૈસા નહોતા! ૨૬ માઈલ દોડી પ્રથમ આવી ગુજરાતને ગૌરવ અપાવનાર એ દોડવીરોને ત્યાં ચણા ફાકીને રહેવું પડ્યું એ અમદાવાદના–ગુજરાતના વ્યાયામપ્રેમીઓની શરમ છે. (ગુજરાત સમાચાર)

ગંજીફાનાં મુખ્યમુખ્ય પાનાંનાં નામ અને ડિઝાઇનો

ગંજીફાનાં પાનાંનાં નામ અને ડિઝાઇનો પાછળ પુરાતન અને આંતરરાષ્ટ્રીય ઇતિહાસ પડેલો છે. કાળીના એક્કાનો મૂળ સ્પૅનિશ શબ્દ છે 'એસ્પેડાસ', અને તેનો અર્થ થાય છે 'તલવારો.' એ અર્થ માંહેનો આકાર ફ્રેન્ચ ભાષા સાથે મિશ્ર થઈ ગયો; અને હાલનું તેનું પ્રતીક તે 'કાળીનો એક્કો.' 'લાલ' માટેનો અંગ્રેજી શબ્દ Heart (હાર્ટ) છે. મૂળ ફ્રેન્ચ ભાષામાં તે શબ્દ Choeur હતો. તેનો અર્થ 'કીર્તનકાર મંડળ' એવો થાય. કાળક્રમે 'એચ' અક્ષર ભૂંસાઈ જઈ Coeur શબ્દ રહ્યો.



કૃત્રિમ ચન્દ્ર

ઈ. સ. ૧૯૫૭–૫૮ના આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ દરમ્યિાન તેની કામગીરીના એક અંગ તરીકે અમેરિકા પોતાના ફ્લૉરિડાના પૅટ્રિક હવાઈ અડ્ડેથી એક કૃત્રિમ ઉપગ્રહ છોડશે. ૨૦ ઈંચના વ્યાસના અને ૧૨$\frac{1}{4}$ રતલના, વૈજ્ઞાનિક ઉપકરણોથી સુસજ્જિત એ ધાતુના ગોળાને પૃથ્વીથી ઊંચે લગભગ ૩૦૦ માઈલ દૂર તેના પ્રદક્ષિણામાર્ગમાં મૂકવા માટે રૉકેટનો ઉપયોગ થશે, જે ત્રણ તબક્કે કાર્ય કરશે. આજનાં રૉકેટોથી ઓછામાં ઓછી ત્રણગણી ગતિએ જનારા એ રૉકેટના માર્ગની દિશાનું નિયંત્રણ તેમાંની યાંત્રિક રચના વડે જ થનારું હોઇ એને પાંખો નહિ હોય. તેના આ ગજબના વેગથી હવા સાથેના ઘસારાને લઇને તેનો અગ્રભાગ લગભગ ૧૦૦૦ ડિગ્રી ફેરનહાઈટ જેટલો ગરમ થઈ જશે એમ મનાય છે.

પહેલે તબક્કે લગભગ ૨૭,૦૦૦ પાઉન્ડનું દબાણ પેદા કરતી મોટર વડે એ પ્રથમ એકાદ માઈલ તો તદ્દન સીધું જ ઉપર જશે. તે પછી ધીરે ધીરે વળાંક લેતું જઈ પોતાના લક્ષ્ય તરફ ઊંચે ચડતું જશે. કલાકે ૩૫૦૦ માઈલની ગતિએ ૩૫ માઈલની ઊંચાઇએ પહોંચતાં આ વાહનની પ્રથમ તબક્કાની સામગ્રી નષ્ટ થઈ જશે.

તે પછી તેના બીજા તબક્કાની મોટર ચાલુ થશે અને તે દ્વારા કલાકે ૧૧,૦૦૦ માઈલની ગતિ મેળવી ૧૩૦ માઈલ ઊંચે તે પહોંચશે ત્યાં તે મોટર પણ ખલાસ થઈ જશે; અને પછી રૉકેટનો છેલ્લો તબક્કો કામ શરૂ કરશે, કે જેની સાથે આ કૃત્રિમ ઉપગ્રહ જોડાએલો હશે. તેના મોટર પણ લગભગ ૩૦૦ માઈલની ઊંચાઇએ પોતાની મેળે જ સળગી જઈ છેવટે એ વાહનથી છૂટો પડેલો એક માત્ર ઉપગ્રહ જ બાકી રહેશે. તે હવે ચંદ્રની પેઠે જ આપમેળે પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરી શકે એ દિશામાં ગતિ મેળવી ચૂકેલો હશે, અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણના ક્ષેત્રથી બહાર હશે એટલે પાછો આવ્યા વિના અવકાશમાં પૃથ્વીની સતત પ્રદક્ષિણા ફરતો રહેશે. કલાકે ૧૮,૦૦૦ માઈલના વેગથી એ ફરતો:રહી દર ૯૦ મિનિટે એ પૃથ્વીની આસપાસનું એક ચક્કર પૂરું કરશે.

હવામાન જો સ્વચ્છ હશે તો દૂરબીનો વડે આ ઉપગ્રહને ભારતમાંથી પણ દર ૯૦ મિનિટે ૮ થી ૧૨ મિનિટ સુધી જોઈ શકાશે. ભારત ઉપરાંત, અમેરિકા, આફ્રિકા, દક્ષિણ યુરોપ, બાલ્કન અને મધ્ય પૂર્વના દેશો, કાસ્પિયન સમુદ્ર તથા સોવિયેટ સંઘનો કેટલોક ભાગ, પાકિસ્તાન, ચીન, જાપાન, ઈન્ડોનેશિયા તથા એની આજુબાજુના પ્રદેશો, ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડમાંથી પણ એ જોઈ શકાશે.

સૂર્યોદયથી થોડા કલાક પહેલાં ને સૂર્યાસ્ત પછી થોડા કલાકો દરમિયાન એ વધુ સરળતાથી જોઈ શકાશે. અમેરિકી નૌસેનાના અનુસંધાનકર્તાઓએ એમાં મિનિટ્રૅક નામે એક સાધન મૂકવા ધાર્યું છે, જેના વડે એ ઉપગ્રહોમાંથી ફેંકાતી રેડિયો સંજ્ઞાઓ પૃથ્વીપરના શક્તિશાળી રેડિયો યંત્રો પર ઝીલી શકાશે. આથી એનાં સ્થાન-સ્થિતિની સાચી માહિતી મળતી રહેશે. અલબત્ત, આને માટે ઘણાં નિરીક્ષણકેન્દ્રોની જરૂર પડશે જ.

અંગ્રેજીમાં તેનું ભાષાન્તર Heart થાય. ચોકટનો રાજા મૂળ મહાન ઍલેક્ઝાન્ડર હતો. તેણે તે સમયની તમામ જ્ઞાત દુનિયા જીતી લીધી હતી. તેના હાથમાં હમેશ શોભતો રાજદંડ કાળક્રમે પાનામાં તો તલવારનું સ્વરૂપ પામ્યો. ફૂલીનો રાજા જુલિયસ સિઝર હતો. મોટા ભાગનાં આવાં પ્રતીકો ઇંગ્લંડ આવીને બદલાયાં. લાલનો રાજા સમ્રાટ શાર્લમૅને હતો, પરંતુ ઇંગ્લંડમાં તે આઠમા હેનરી તરીકે ઓળખાય છે. આઠમા હેનરીની માતા યૉર્કની ઇલિઝાબેથ ગંજીફાની રાણીઓ પૈકીની એક ગણાય છે. ચોકટનો ગુલામ સર લૅન્સીલોટ હોવાનું મનાય છે. તે ગોળમેજીનો એક સરદાર હતો. તેની પાસે જે તીર છે તે તેની એક સ્ત્રીમિત્રે શિકાર કરતી વખતે છોડેલું, જે અકસ્માત લૅન્સીલોટને વાગતાં તેનું મરણ થયું હતું.

કૅલેન્ડરને અને ગંજીફાને બહુ નજીકનો સંબંધ છે. રમવાનાં પત્તાં બાવન, તો વર્ષનાં અઠવાડિયાં પણ બાવન. પત્તાંના રંગ ચાર તો ઋતુ પણ ચાર (વિલાયતમાં ચાર ઋતુ હોય છે : શિયાળો, વસંત, ઉનાળો, અને પાનખર). દરેક રંગનાં પત્તાં તેર તેમ દરેક ત્રણ માસના સપ્તાહ પણ તેર. ગુલામને અગિયારનો, રાણીને બારનો ને રાજાને તેરનો ક્રમ આપતાં તથા જોકરને પ્રથમ ગણતાં બધા દાણાનો કુલ સરવાળો ૩૬૫ થાય, તો વરસના દિવસોનો કુલ સરવાળો પણ તેટલો જ થાય!

રશિયામાં ક્રાન્તિ બાદ 'રાજાઓ, રાણીઓ ને ગુલામો હવે મૃતપ્રાય: થઈ ગયા છે' તેમ જણાવીને ગંજીપામાંની તેવી આકૃતિઓને બદલે નવું લોકશાહી પ્રતિનિધિત્વ ધરાવતી આકૃતિઓ દાખલ કરવાનો હુકમ પણ કાઢવામાં આવેલો. (ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ)

હવામાનશાસ્ત્ર (અનુસંધાન પૃષ્ઠ ૫૧થી) પ્રતિબંધોનું નડતર નથી. અને આથી પૃથ્વી પર આજે જાળ જેમ બિછાવાઈ ગએલા વિમાનમાર્ગોને જરૂરી હવામાનના વરતારા ત્યાંથી જ પૂરા પડાય છે. એકલા બ્રિટનમાં જ આ કચેરી સાથે સતત સંપર્ક રાખતાં ૧૮૦ કેન્દ્રો છે. આ ઉપરાંત, કોસ્ટ ગાર્ડ્ઝ (દરિયાકિનારાના ચોકિયાતો), દીવાદાંડી પરના અધિકારીઓ અને ગામડાંની સ્ત્રી-પોસ્ટમાસ્તરો સુદ્ધાં વધારાની કામગીરી કરી આ ખાતાની સેવા કરે છે. બ્રિટિશ નૌકાદળની ઉત્તર આટ્લાંટિકમાં ફરતી મનવારોને પણ ત્યાંના હવામાનના અહેવાલો મોકલવાની ફરજ સોંપાઈ છે. બ્રિટિશ હવાઈ દળની તો આ ખાતાને ખાસ મદદ હોય જ, છતાં જરૂર પડયે ખાતાનાં સ્વતંત્ર ઉડ્ડયનો પણ કરવામાં આવે છે. આ ઉપરાંત, યાંત્રિક વ્યવસ્થા દ્વારા જમીન પરના લગભગ બધા જ દેશોમાં ગામડાં, શહેરો, પહાડી સ્થળો અને જંગલો ઇત્યાદિ સ્થાનોની મોસમી માહિતીઓ અહીં મોકલવાની વ્યવસ્થા થએલી છે. આ વધારામાં 'રેડિયો સૉન્ડના–ગબારા'ઓ વડે પણ વાયુમંડળની માહિતી એકઠી કરાય છે. રેડિયો–સૉન્ડને હાઇડ્રોજન ભરેલા ગબારાઓ સાથે બાંધી હવામાં દસ દસ માઈલ સુધી ઊંચે ઉડાડવામાં આવે છે, અને તેમાં હવાનું દબાણ, તેમાંનો ભેજ, જુદીજુદી સપાટીએ તેની ઉષ્ણતા વગેરેની માહિતીઓ લઈ તેના અહેવાલ નીચે પૃથ્વી પ આપમેળે મોકલાતા રહે એવી યાંત્રિક વ્યવસ્થા હોય છે. હવે તો એથી યે આગળ વધી બ્રિટિશે એક નવી શોધ જાહેર કરી છે, તે 'રડાર-સૉન્ડ થીઓડોલાઇટ'ની. વાયુમંડળમાં ૧૨૦ માઈલ જેટલી ઊંચાઇએ જઈ શકતા. આ સાધન વડે રેડિયો સૉન્ડની જ કામગીરી વધુ ચોકસાઈથી

અને આપમેળે થતી જઇ તેનાં અહેવાલો નીચે પહોંચતા રહે છે.

ભિન્નભિન્ન સ્થળેથી મળતા અહેવાલો અને માહિતીઓની ક્રમવાર ગોઠવણી, તારવણી, તેને લગતી અટપટી ગણતરીઓ કરવી વગેરે બધી કામગીરી એટલી તો મોટી છે કે સંખ્યાબંધ માણસો પણ એને માટે ઓછા પડે. એટલે આ સ્થિતિમાં કામ પાર પાડવા 'યાંત્રિક મગજ'(વીજળીથી ચાલતા ગણનાયન્ત્ર)નો પણ ઉપયોગ થાય છે. આ યંત્રો એટલી તો ઝડપથી કામ કરે છે કે એક સારામાં સારા ગણિતશાસ્ત્રીને પણ જે હિસાબ કરતાં એક આખું વર્ષ વીતી જાય એ જ ગણતરી આ યંત્ર અમુક મિનિટોમાં જ કરી નાખે છે! આ ઉપરાંત, મુખ્ય કચેરીમાં તૈયાર થતા નકશા વગેરે એવા ને એવા જ સ્વરૂપે, એટલે કે ચિત્રિત રૂપમાં જ, બિનતારી રીતે રેડિયો દ્વારા મોકલવાની શોધ પણ બ્રિટને કરી છે, અને એ શોધમાં ખાસ યુક્તિ એવી પણ છે કે આ આલેખો જેને માટે મોકલાતા હોય એ કાર્યાલયને એ મળી શકે!

તોફાનોની આગાહીઓ કરવી, વીજળીના કડાકા અને ગર્જના સાથે આવતાં ભયંકર વાવાઝોડાંનાં સ્થળોનો પત્તો મેળવવો, એની યાત્રાનો માર્ગ અંદાજવો તથા એમાં વચ્ચે આવતાં સ્થળોને એની ચેતવણી પહોંચાડવી, એ આ ખાતાનું મહત્ત્વનું કાર્ય છે;ને આ ખાતાએ તેમાં એટલી તો સિદ્ધિ હાંસલ કરી છે કે ઉત્તર આફ્રિકા, પશ્ચિમ રશિયા અને આઈસલૅન્ડ જેટલાં દૂરનાં સ્થળોની આવી આંધીઓની સચોટ આગાહીઓ એ આપી શકે છે. બ્રિટન એક જ એવો દેશ છે જ્યાં આંધીઓની તપાસ તથા આગાહીઓ માટે સંગઠિત અને નિયમિત કાર્ય ચાલ્યા કરે છે ને એની માહિતીઓ રેડિયો દ્વારા મોકલાયા કરે છે.

ઉપલા મુખ્ય કાર્ય ઉપરાંત, હવામાનના નકશાઓ બનાવવા અને વરતારા બહાર પાડવા, હવાઇ ઉડ્ડયન માટે ખાસ આગાહીઓ તૈયાર કરવી, તોફાન, વાવાઝોડા, ધુમ્મસ, રેલ કે બરફના વરસાદની ચેતવણીઓ જાહેર કરતા રહેવું, જંગલમાં લાગતા દવ સાથે સંકળાએલા હવામાનના વરતારા કરવા, હવામાનની કાયમી નોંધો રાખવી, અને એ બધા ઉપરાંત વાયુશાસ્ત્રનો અભ્યાસ વધારતા જઇ એને લગતી અવનવી શોધખોળનું કાર્ય ચાલુ રાખવું એ આ ખાતાને બજાવવાની ફરજો છે, અને એ કાર્યમાં આ એક સદીમાં બ્રિટને જે પ્રગતિ કરી છે એનાથી આજે તે વિજ્ઞાનની આ જ્ઞાનશાખામાં સૌથી મોખરે છે.

આપણને સહેજે થશે કે આ વાયુશાસ્ત્રનો ઉપયોગ સામાન્ય માણસના રોજિંદા જીવનમાં કંઈ ખરો? જરૂર; બ્રિટન જેવા દેશો કે જ્યાં હવામાનના ફેરફારો ઘણી ઝડપથી થતા રહે ત્યાં તો તે બહુ જ ઉપયોગી છે. ધારો કે કોઈ બ્રિટિશ ખેડૂતને પોતાનું ઘાસ સૂકવવાનું હોય —એક આખા વર્ષની પોતાની એ પેદાશને એણે તડકે પાથરવાની હોય, અને એ સ્વચ્છ દિવસો જોઇને એમ કરવાનો નિર્ણય પણ કરે, ત્યાં કદાચ હવામાન ફેરવાઈ જઈ વરસાદ, ધુમ્મસ, તોફાન કે એવી કોઈ મુસીબત આવી પડે તો? તો એની માહિતી અગાઉથી મેળવવા એ તુરત વાયુશાસ્ત્રીની મદદ લેશે. ધારો કે દૂરનું કોઈ પર્યટન ગોઠવવાનું હોય અને ત્યાં જતાં હવામાન કેવું હશે એ જાણવું જરૂરી લાગે ત્યારે પણ વાયુશાસ્ત્રીની મદદ જરૂરી છે. શાહી સરઘસ કાઢતાં પહેલાં પણ બ્રિટનમાં આ વાયુશાસ્ત્રીને પૂછવામાં આવે છે. બહુ નજીવી ફી લઇને બ્રિટનનું આ ખાતું માગ્યા મુજબના ગામ કે જિલ્લાના, પુછાવાના સમયથી માંડીને ચોવીસ કલાક સુધીના ગાળાના હવામાનનો વરતારો કાઢી આપે છે. અને આ જ રીતે જીવનનાં બધાં ક્ષેત્રોમાં અને બધે જ સ્થળે હવામાન પર આધાર રાખતા પ્રત્યેક કાર્યમાં ઉપયોગી નીવડવા હવામાનશાસ્ત્ર હમેશાં ખડે પગે તૈયાર રહે છે.

વાચકો લખે છે (અનુસંધાન પૃષ્ઠ ૪૩થી)
બાબુ શ્યામચરણનું અવસાન થયું તે સમયે 'પાંચ મહિનાના વામનદાસ પારણે ઝૂલતા હતા' એમ છે. આમાં જે અસંગતતા દેખાય છે તે દૂર કરવા વિનતિ છે.
(રાજકોટ) —આણંદજી જમનાદાસ પારેખ
[એ અવશ્ય ભૂલ લાગે છે, પરંતુ ઘણા પ્રયત્ન છતાં એમની સાચી જન્મતિથિ હજી અમે મેળવી શક્યા નથી.]

જાન્યુ. 'કુમાર'માં પં. ખરેશાસ્ત્રીના જીવન-પરિચયમાં 'તેની આબેહૂબ નકલ પં. ઓમ-કારનાથજી ઠાકુરના ભાઈ રમેશચંદ્રજી આજે કરે છે'લખ્યું છે,રમેશચંદ્રજીને આજે અવસાન થયે લગભગ ૯ માસ થયા છે. કાં તો લેખ તે અગાઉ લખેલ હોય યા તો લેખના લેખકને આ સમાચારની જાણ ન હોય.

'કાયાની કરામત' લેખમાળામાં સ્વપ્નદોષ માટે એક લેખ આવે તો ઘણો ઉપયોગી થાય.
(અમદાવાદ) —ચંપકલાલ બાદશાહ
[પં. ખરેનો લેખ ઘણો વહેલો લખાયો હતો.]

જાન્યુઆરી અંકમાં સ્વ. મસ્તફકીરનો જન્મ ૧૮૮૨માં થયો એમ ઉલ્લેખ છે. તે ગણતરીએ તેમના મરણ સમયે ઉંમર ૫૮ વર્ષની નહિ, પણ ૬૪ વર્ષની થઇ કહેવાય.
(નાગપુર) એસ. વાઈ. મલક

આપના કાર્યાલયનું પુસ્તક 'અજંતાના કલામંડપો' સાથે રાખી અજંતાની થોડી ગુફા જોઈ; કેટલીક ભોમિયા સાથે અગર એકલા જોઈ. તેમાં મેં જોયું કે પુસ્તક વગર, ભોમિયા સાથે અગર એકલા હું કાંઇ જોઇ શકતો ન હતો. કલાની માર્મિક બાબતો સમજવામાં તેને માટેની કસાએલી દૃષ્ટિ ઘણી મદદ કરે છે. 'કુમાર'માં એક વખતે આવતી 'બાંધ ગઠરિયાં'માં શ્રી ચંદ્રવદને લખ્યું છે કે મને અજંતાને ઇલોરામાં બહુ મઝા ન આવી. આવો જ અનુભવ બીજા મુલાકાતીઓને થાય છે. તેઓની સાથે આવું એકાદું પુસ્તક હોય તો તેમને આવો અનુભવ નહિ થાય.

હજી ઇલોરા માટે 'કુમાર'માં એકે લેખ-માળા આવી હોય અગર કુમાર કાર્યાલય તરફથી કોઇ પુસ્તક બહાર પડયું હોય તેવું ધ્યાનમાં નથી. હૈદરાબાદનું સાલારજંગ મ્યૂઝિયમ પણ કોઈ પણ એક માણસે ભેગા કરેલા નમૂનાઓનું બેનમૂન પ્રદર્શન છે. ઇલોરા અને સાલારજંગ મ્યૂઝિયમનો પરિચય આપતી લે-ખમાળા જો કોઈ જાણીતા કલાવિવેચક તરફથી આપવામાં આવે તો ઘણું જ રસપ્રદ થઈ


શ્રી પરશુરામ મહેતા(ડ્રૉઇંગ માસ્તર-રાધનપુર)નું આલેખેલું આ ચિત્ર કલાકારે શ્રી રવિશંકર મહારાજ એમને ગામ ગયા ત્યારે ભૂમિ-દાન-યજ્ઞમાં અર્પણ કર્યું. તે એક ગૃહસ્થે નાદર કિંમતે ખરીદી તેનાં નાણાં ભૂમિદાનમાં આપ્યાં છે.

પડશે. ટકાવારી પ્રમાણે જોતાં આ સ્થળોએ આવનારા મુલાકાતીઓમાં ગુજરાતીઓની સંખ્યા ઓછી નથી. શિષ્ટ અને સંસ્કારી વા-ચનનો શોખ ગુજરાતી ભાષા જાણનારાઓ-માં ઘણો ઓછો છે. 'અજંતાના કલામંડપો'ના પુસ્તકથી ઘણા ઓછા માણસો માહિતગાર છે.જો એ પુસ્તક ત્યાં જ ગુફા પાસે વેચવા માટે પ્રબંધ કરવામાં આવે તો જરૂર વેચાણ વધે.

'શિષ્ટમાન્ય સાહિત્યશ્રેણી'માં દરેક વખતે કોઈ પણ ભાષાના સારા પુસ્તકને સંક્ષિપ્ત આપવામાં આવશે તો ઘણાને ગમશે.
(મુંબાઇ) —કાન્તિ શાહ
[અજંતાના પુસ્તકની બે ગુજરાતી અને એક હિંદી, એમ ત્રણ આવૃત્તિઓ ખપી ગઈ છે. હિંદભરમાં અજંતા ઉપર એ સસ્તામાં સસ્તું પુસ્તક હતું.એમાંની અમુક રંગીનચિત્રસામગ્રી હવે ઉપલબ્ધ નથી, પણ તેને બદલે ઘણી નવી એકરંગી સામગ્રી ઉમેરીને એની સુધારેલી-વધારેલી આવૃત્તિ કાઢવા ધારીએ છીએ.]

અંક ૩૮૨માં 'ભારતનાં યુવકગૃહો'અંગેનો શ્રી રતિલાલ મહેતાનો લેખ છાપ્યો હતો (સરતચૂકથી આ અંકની અનુક્રમણિકામાં લેખ તથા લેખકનું નામ છાપવાનું ભૂલી ગયા છો). આ યુવકગૃહોની ભારતની મુખ્ય શાખાનું સરનામું નીચે પ્રમાણે છે: National Secretary, Youh Hostel Association of India, Mehrauli, New Delhi.
(મુંબાઇ) —ગિરીશ દેસાઈ



નવાં પ્રકાશનો

શાકુન્તલ : જગત્સાહિત્યની સર્વોત્કૃષ્ટ સો કૃતિઓમાં જેની ગણના થાય છે તે મહાકવિ કાલિદાસના મૂળ સંસ્કૃત નાટક 'અભિજ્ઞાનશાકુન્તલ'નો અનુવાદ તેમજ તેને વિષેની સામગ્રી, વસ્તુગૂંથણી, આંતરદર્શન, પાત્રો, કલાવિધાન, કાલિદાસનો સમય આદિ સમૃદ્ધ માહિતીઓથી માંડી છંદો તથા કેટલાક અલંકારો અને સંસ્કૃત નાટકની કેટલીક પરિભાષા વિષે જરૂરી માર્ગદર્શન સુધીની સામગ્રી, આપણા સિદ્ધહસ્ત સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોષી પાસેથી આ પુસ્તક દ્વારા આપણને મળે છે. નાટકને અનુષંગતી વિવિધ સામગ્રી-માહિતીઓનાં અવલોકન-સંશોધન પાછળ લેખકે લીધેલી બહોળી જહેમત આ પરથી જણાઈ આવે છે. મૂળના શ્લોકોની સાથોસાથ તેનો અનુવાદ પણ આ પુસ્તકમાં સમશ્લોકી જ અપાયો છે તે આ પુસ્તકનું એક સર્વથા સમુચિત અને ઉપયોગી અંગ છે.

ઉપરાંત એમાં સૌથી વધુ ધ્યાનપાત્ર તો છે શ્રી ઉમાશંકરની અનુવાદ-કલા. મૂળને પૂર્ણપણે વફાદાર રહેલો છતાં અનુવાદ એ 'અનુવાદ' લાગતો નથી તે હકીકત ધ્યાન ખેંચે છે. અનુવાદમાં ક્યાં યે ખટકો સરખો નહિ પામતા ગદ્યપદ્યમાં તેમજ નાટક વિષેની સ્ફોટક માહિતીઓમાં પણ ઠેરઠેર ડોકાં દેતી અનુવાદકની સર્ગકલા તેમને માટે બહુમાન ઉત્પન્ન કરે છે. ટૂંકમાં, આપણે ત્યાં વિપુલ પ્રમાણમાં ફૂલેલાફાલેલા અનુવાદ–સાહિત્યમાંની ગણીગાંઠી જ ગણનાપાત્ર કૃતિઓમાં આ પુસ્તકે નોંધપાત્ર ઉમેરો કર્યો છે. કિંમત રૂા. ૬-૦-૦(ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧)

સુરાલય (ગુજરાતી ગઝલોનું સામયિક)

ગઝલે ગુજરાતી સાહિત્યમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. સાહિત્યના એ પ્રકારનો પ્રસાર વધુ થાય તે હેતુથી આ નવા ગઝલ-સામયિક(માસિક)પાછળનો પ્રકાશક-લેખકોનો ઉત્સાહ ધ્યાન ખેંચે છે. ભવિષ્યમાં 'સુરાલય' વધુ ગુણરૂપવંતું બને. પ્રકાશક 'નાઝિર' દેખૈયા, આંબાચોક, ભાવનગર; કિં. ૦-૪-૦.

ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

કવિકથાઓ ભાગ ૧ થી ૩: શ્રી ધૂમકેતુએ સરળ ને રોચકશૈલીમાં લખેલી આપણા પ્રાચીનથી માંડીને અર્વાચીન—કલાપી કાન્ત આદિ કવિઓની જીવનવાતો, દરેકનો ૧-૦-૦; **આંગણાની વનસ્પતિ ભા. ૨ અને પાદરની વનસ્પતિ ભા. ૨:** આંગણાંની અને પાદરની વનસ્પતિનો બાળકો માટે શ્રી મનુભાઈ જોધાણીની જાણીતી કલમે લખાએલો પરિચય, દરેકનો ૧-૦-૦; **જગતનાં જંગલોમાંથી:** જંગલનાં પ્રાણીઓનો શ્રી પ્રિયવદન ગિરધરલાલ બક્ષીએ આપેલો બાલસુલભ પરિચય, ૦-૧૦-૦; **કુમાર વીરસેન ભાગ ૧–૨** સાહસભરી સળંગ કિશોરકથા, લેખક : ચન્દ્રશંકર મણિશંકર ભટ્ટ, ૧-૪-૦; **વીર વનરાજ :** શ્રી ધૂમકેતુ લિખિત વનરાજ ચાવડાનું કિશોરકથા રૂપે પ્રેરક જીવન-ચરિત્ર, ૧-૦-૦. સર્વના પ્રકાશક : ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તો, અમદાવાદ–૧.

પ્રકીર્ણ

અરણ્યકાંડ: વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડનો શ્રી હંસાબહેન મહેતાએ કરેલો સમશ્લોકી અનુવાદ, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૪-૦-૦. **નૂતન ભારતનું દર્શન:** ગુજરાત યુવક કૉંગ્રેસ યોજિત પ્રથમ પંચવર્ષીય યોજના હેઠળની રાષ્ટ્રીય મહત્ત્વની વિકાસ યોજનાઓ તેમજ ઐતિહાસિક સ્થળોના અધ્યયનલક્ષી પર્યટનનો અહેવાલ; વિવિધ ફોટોગ્રાફો તેમજ દેશભાવનાપ્રેરક કાવ્યો સાથે, પ્રકાશક: ચીમન પટેલ, ગુજરાત યુવક કૉંગ્રેસ, કૉંગ્રેસ હાઉસ, ભદ્ર, અમદાવાદ–૧, ૧-૦-૦; **સાહિત્યસોપાન પુસ્તક બીજું:** છઠ્ઠા ધોરણનાં વિદ્યાર્થી-

ઓ માટે ગુજરાતીનું નવા અભ્યાસક્રમ મુજબનું અભિનવ પાઠ્યપુસ્તક, પ્રકાશકો: એડ્યુકેશનલ બુક્સ કંપની, ગઝદર સ્ટ્રીટ, ચીરા બજાર મુંબાઈ, અને અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ, ૨-૦-૦, **દરબાર ગોપાળદાસ સ્મારક-ગ્રંથ** : સદ્‌ગત દરબારશ્રીનું જીવન નિરૂપતો, અંજલિલેખો, માનપત્રો, પત્રવ્યવહાર અને ભાષણો તથા આનુષંગિક ૧૭ ફોટો-પ્લેટો સહિતનો, ઘણી જહેમત તથા મહેનત પછી તૈયાર કરવામાં આવેલો સ્મારકગ્રંથ, સંપાદક અને લેખક: રામભાઈ કાશીભાઇ પટેલ, પ્રકાશક: દરબાર સ્મારક સમિતિ, વસો, ૩-૦-૦; **રજનીગંધા:** પ્રસિદ્ધ નાટકકાર તથા નવલિકાકાર શ્રી શિવકુમાર જોષીની ૧૪ નવલિકાઓ, પ્રકાશક: પ્રફુલ્લ પ્રકાશન મંદિર, ૮૬ ડામર ગલી, મસ્જિદ બંદર રોડ, મુંબાઈ-૯, ૪-૦-૦; **ખરી કેળવણી:** મહાત્મા ગાંધીજીના શિક્ષણવિષયક મનનીય વિચારોનો સંગ્રહ, નવજીવન પ્રકાશનમંદિર, અમદાવાદ-૧૪, ૨-૮.

કુમારના ગ્રાહકોને ખાસ લાભ

શ્રી ચંદ્રવદન મહેતાની 'બાંધ ગઠરિયાં' પ્રત્યેનો કુમારવાચકોનો પ્રેમ લક્ષમાં લઇ, એ પુસ્તક તેમને રાહતે મળી શકે એવી ગોઠવણ અમે કરી છે. સમગ્ર કૃતિ ચાર ગ્રંથ રૂપે (બાંધ ગઠરિયાં ભાગ ૧-૨, છોડ ગઠડિયાં, અને 'સફર ગઠડિયાં') પ્રકટ થઈ છે, કિંમત કુલ્લે રૂા. ૧૩ થાય છે. તેને બદલ 'કુમાર'ના જે ગ્રાહકો પોતાનો ગ્રાહક નંબર જણાવી મનીઑર્ડરથી રૂ. ૧૦ + પોસ્ટખર્ચ રૂ. ૧।।। મળી રૂ. ૧૧।।। મોકલે તેમને ઘરબેઠાં મળશે. વી.પી. થશે નહિ.

મનીઑર્ડર કુમાર કાર્યાલયને કરવો. ચાલુ ગ્રાહકો રૂબરૂ રૂા. ૧૦ આપીને ચારે પુસ્તકોનો ગુચ્છ લઇ જઇ શકશે.

હેમાળાનાં હેમ હૈયાં સાધુસંતનાં,
અગની લાગે એમ ગળશે પણ બળશે નહીં.
—તનસુખ ભટ્ટ

સુરતના વીર અરદેશર કોટવાળ (જેમની શત–સંવત્સરી આ મહિને છે) કલાપારખુ અને મહાન માનવી પણ હતા. કોઇ ચિતારાએ તેમની અતિ સુંદર છબિ ચીતરી. તે પર ખુશ થઈ તેમણે તેને પાંચસો રૂપિયા આપ્યા; પરંતુ બીજી જ ક્ષણે તે છબીને ફાડી નાખતાં તેમણે કહ્યું : 'આ ક્ષણભંગુર કાયા પર આવી યે માયા શી?'

અનેકાર્થી શબ્દ : **વર્ણ**=અક્ષર, ચિહ્ન; જ્ઞાતિ કે જાત; રંગ; રૂપ; સૌંદર્યનો વિભાગ કે પ્રકાર; ગાયનની અંદર થતો સુંદર સ્વરવિસ્તાર; મૃદંગનો એક તાલ; ગુણચિત્ર કે તસ્વીર; વિલેપન દ્રવ્ય; સોનું; સ્તુતિ કે યશ; હાથીની ઝૂલ; કેસર; ગણિતમાં સહાયકારી આંકડો.

કહેવતોના અર્થ: 'મરી, મીઠું ને રાઈ, તેના ઘડયા પિતરાઈ.'—નિકટના જ સંબંધીઓ હમેશાં વધુ કંકાસ કરે છે એમ દર્શાવવા વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો : 'વાંકું બોલનાર કોઈ ન હોય તો વેવાઈ કરવો'; 'પિતરાઇથી જ મહાભારત થયું' વગેરે.

૧²+૩²=૧+૨+૩+૪
૩²+૬²=૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯
૬²+૧૦²=૧+૨+૩+૪+૫+૬+.......+૧૬
૧૦²+૧૫²=૧+૨+૩+૪+૫+૬+.......+૨૫
૧૫²+૨૧²=૧+૨+૩+૪+૫+૬+.......+૩૬
૨૧²+૨૮²=૧+૨+૩+૪+૫+૬+૭+....+૪૯
એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી સમજવું.
(તિલકવાડા) —મ. ના. ખત્રી

સરગવાના ગુણ

સરગવાનો ગુંદર તલના તેલમાં મેળવી તેનાં ટીપાં કાનમાં નાખવાથી કાનમાં આવતા ગમે તેવા ચસકા બેસી જશે. ◖કાનમાંથી પરુ નીકળતું હોય તો સરગવાનાં સૂકાં ફૂલને ખાંડીને એનો ભૂકો કાનમાં ફૂંકી જોજો. ◖સરગવાનાં પાન વાટીને ડમરા પેઠે માથે બાંધવાથી ખોડો ચાલ્યો જશે. ◖શરદી કે માથાના દુખાવામાં સરગવાનાં બી વાટીને સૂંઘવાં. તડાતડ છીંક આવીને દરદ શાંત થશે. ◖સરગવાની શીંગો વા ને દમ પર ઘણો ફાયદો કરે છે. સરગવાનાં પાનનો રસ ચોપડવાથી વાને લીધે દુખતા સાંધા મટી જાય છે. ◖દુખતી આંખ પર સરગવાનાં પાનનો મધ સાથે વાટેલો રસ ગુણકારી છે.

अन्तर्राष्ट्रीय गन्ना-चीनी सम्मेलन

25-JAN - 2-FEB 1956

ISSCT 9TH. CONGRESS INDIA

ગયે મહિને ભારતમાં ભરાએલા 'આંતરરાષ્ટ્રીય શેરડી–સાકર સંમેલન'ના સ્મરણમાં ભારતે ટિકિટોના રદ્દીકરણ માટે ખાસ યોજેલી છાપ.

સફેદ કપડાં ધોવા માટે ઉકાળવાના પાણીમાં લાકડાની કે કોલસાની ચોખ્ખી રાખ થોડી ઉમેરવાથી જલદી સાફ થશે. તેમાં બ્લીચિંગ કરવાની શક્તિ છે.



૧૯૫૬ની યુનાઇટેડ નેશન્સની પોસ્ટ ઑફિસની પહેલી ટિકિટ, જે 'ઇન્ટરનૅશનલ ટેલીકૉમ્યુનિકેશન યૂનિયન'ના માનમાં આ મહિને (૧૭મી તારીખે) બહાર પડશે.

આત્માઓ તો સર્વ છે,
પરંતુ આત્મવાન કો'ક જ.
વિનોબા

આ મારો દેશ

ભારતમાં દર ચોરસ માઈલે ૨૯૬ લોકો વસે છે. ◖આપણા દેશમાં દર હજાર પુરુષે ૯૪૭ સ્ત્રીઓ છે. ◖એક લાખથી વધુ વસતિવાળાં શહેરો ભારતમાં ૭૫ છે. ◖દર સાલ આ દેશમાં પાંચ લાખ જેટલાં મરણ માત્ર ક્ષય રોગને લીધે થાય છે; ◖અને દસ લાખ માણસો મૅલેરિયાના ભોગ બને છે।



કલાકારીગરી : ૧૨મી સદીની આરબ–મિસર શૈલીની લાકડાના બારણા માટેની કોતરેલી તકતી.

પગરખાંને તળિયે અળસીનું તેલ ને ઉપરના ભાગમાં દૂધ ચોપડવાથી તે વધુ ટકશે.

જાપાનનાં વિદ્યાલયો વરસમાં ૨૪૦ દિવસ કામ કરે છે; જ્યારે આપણે ત્યાં સરેરાશ ૨૦૦ જેટલી રજાઓ હોય છે!

શરીરના દાઝેલા ભાગ પર ઈંડાની સફેદી લગાડવાથી રૂઝ આવે છે, ને ડાઘ રહેતો નથી.

જજ—તમારી ઉંમર કેટલી?
સાક્ષી—પંદર વરસ સાહેબ.
જજ—હજી હમણાં તો તમે ઈશ્વરની સાક્ષીએ સત્ય બોલવાના સોગંદ લીધા ને તરત જૂઠું બોલો છો? તમે ચોખ્ખા ઘરડા દેખાઓ છો, ને પંદર વરસ—?
સાક્ષી—હું સાચું જ બોલ્યો છું સાહેબ. મારો જન્મ ફેબ્રુઆરીની ૨૯મી તારીખે થયો છે, ને એ તારીખને હિસાબે મારો જન્મદિવસ ચાર વર્ષે એક જ વખત આવે છે!



લક્ષ્મી-નારાયણ
ખજૂરાહોનાં મંદિરમાંનું
દસમી સદીનું
અદ્વિતીય શિલ્પ

*

ભારતનાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના અવશેષોમાં સૌન્દર્ય અને સમૃદ્ધિ બંનેની દૃષ્ટિએ અદ્વિતીય અને ટોચનું કામ જો ક્યાં યે હોય તો તે ખજૂરાહોના મંદિરસમૂહોમાં, મધ્ય ભારતના ઉત્તર પ્રદેશમાં, વસતિ અને વાહનોની સગવડથી દૂર એકાંતમાં, એક સરોવરને કાંઠે આવેલું ખજૂરાહોનું એ ગામડું આજથી ૧૦૦૦ વરસ પહેલાં ચંદેલા રાજપૂતોની જાહોજહાલ અને રૂપસુંદર રાજધાની હતી, અને આજે જ્યાં માત્ર વીસેક મંદિરોનાં વેરણછેરણ અસ્થિરૂપ ખંડિયેરો નજરે પડે છે ત્યાં એ વિશાળ સરોવરના કિનારા ઉપર ૮૫ મંદિરોનો શિલ્પસમૃદ્ધ સમૂહ ભારતના ગૌરવની ધ્વજાઓ ફરફરાવતો સોહતો હતો. ℂ લાલિત્યનો જાણે પ્રવાહ હોય એવા વળાંકાઓવાળાં અને માનવદેહનું સૌથી વધુ વાસ્તવિક નિદર્શન કરાવતાં અહીંનાં શિલ્પો ઘાટની ચોકસાઇ, રૂપનાં માધુર્ય અને લાવણ્યની છટામાં ભારતભરમાં શ્રેષ્ઠ ગણાય છે. અને ગીતની જાણે લહરીઓ વહાવતી હોય એવી એની પ્રતિમાઓનાં મોંની મુસ્કરાહટ કે અંગની ભંગિથી માંડી આભૂષણોના વિગતો સુધીમાં શિલ્પકલા ચરમ સીમાએ પહોંચી છે. ઉપરના ચિત્રમાં, ત્રણ હાથમાં શંખ-ચક્ર અને ગદા ધારણ કરેલા વિષ્ણુનો પદ્મ ધારણ કરતો ચોથો હાથ પદ્મજા લક્ષ્મીને પોતાની સોડમાં સાહી રહેલો છે તે, એના સર્જનહાર સ્વરૂપનું મુખ્ય પ્રતીક છે.



આ માસની ફોટોગ્રાફી હરીફાઈમાં ઈનામને પાત્ર ઠરેલાં બે ચિત્રો. મથાળે: 'સરોવરના કાંઠે' (ફોટો : દયારામ ચાવડા)–પહેલું ઇનામ; જમણી બાજુ : 'ચંપો' (ફોટો : હેમેન્દ્ર-શાહ–અમદાવાદ)–બીજું ઇનામ. ચિત્રો ઉપરના વિવેચન તથા ફોટોગ્રાફી અંગે અન્ય માર્ગદર્શન વિષે આ અંકમાં અન્યત્ર જુઓ.

